ISSN-0971-8397

# યોજના

ઑગસ્ટ-૨૦૧૭ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૨૨

## વસ્તુ અને સેવા કર

**ભારતમાં વસ્તુ અને સેવા કર : એક આમૂલ પરિવર્તન**
અરૂણ ગોયલ

**જીએસટી - ભારતના ઈતિહાસમાં એક સીમાચિહનરૂપ વેરો**
ટી. એન. અશોક

**નફાકારક્તા, જીએસટી અમલીકરણનો પડકાર**
ગિરીશચંદ્ર પ્રસાદ

**ફોક્સ લેખ**

**જીએસટીએનઃ ભારતના સૌથી ક્રાંતિકારી કર માળખાના સુધારા પાછળનું ટેક્નોલોજીકલ બળ**
પ્રકાશ કુમાર


**ખાસ લેખ**

**ફેડરલ નાણાકીય સંબંધોની સમતુલા**
જયંતા રાય ચૌધરી

# More than 200 eBooks of Publications Division

## *Now available **online***






Purchase at :
play.google.com
kobo.com
amazon.in
with cross platform compatibility in
Android, iOS, Kindle, Kobo etc

**Publications Division**
Ministry of Information and Broadcasting
Government of India

For complete list of eBooks please visit: **publicationsdivision.nic.in**

## "Give a book instead of bouquet.... Such a move can make a big difference"

– Hon'ble Prime Minister

Publications Division has rich repository of a range of books
from Art & Culture, Freedom Struggle, History, Biographies and Gandhian Literature
...to Children's Books



Gift our books
To your dear ones....
*because*
"There is no **friend** as loyal as a **book**"

**Publications Division**
Ministry of Information and Broadcasting
Government of India

For purchase of books, find details at **publicationsdivision.nic.in**
To buy eBooks visit **kobo.com, play.google.com, amazon.in**

આયોજન અને વિકાસને સમર્પિત

ઑગસ્ટ-૨૦૧૭

વર્ષ : ૪૫ અંક : ૦૫ સળંગ અંક : ૮૦૦

# યોજના

મુખ્ય તંત્રી
દીપિકા કચ્છલ

આસિસ્ટન્ટ ડાયરેક્ટર
અજય ઇન્દ્રેકર

તંત્રી
જાન્હવી પટેલ

યોજના કાર્યાલય
લૉંગ લાઇફ હૉસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બૅંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦
E-mail Address : yojanagujarati@gmail.com
Website : www.yojana.gov.in

## વિષયસૂચિ

ભારતમાં વસ્તુ અને સેવા વેરો : એક આમૂલ પરિવર્તન
અરૂણ ગોયલ ........ ૫

જીએસટી - ભારતના ઈતિહાસમાં એક સીમાચિહનરૂપ વેરો
ટી. એન. અશોક ........ ૯

નફાકારકતા, જીએસટી અમલીકરણનો પડકાર
ગિરીશચંદ્ર પ્રસાદ ........ ૧૪

જીએસટીએનઃ ભારતના સૌથી ક્રાંતિકારી કર માળખાના સુધારા પાછળનું ટેક્નોલોજીકલ બળ
પ્રકાશ કુમાર ........ ૧૭

ફેડરલ નાણાકીય સંબંધોની સમતુલા
જયંતા રાય ચૌધરી ........ ૨૧

વસ્તુ અને સેવા કર - ભારે પરિવર્તનકારી પરિબળ
દેવરાજા રેડ્ડી એમ. ........ ૨૪

જીએસટી અને ગ્રાહકો માટે તેનો શું અર્થ છે.....
સુરજ જયસ્વાલ ........ ૨૯

જીએસટી અને વ્યાપાર કરવામાં આસાની ઉપર તેની અસરો
ડેનિશ એ. હાશિમ અને વર્ષા કુમારી ........ ૩૩

જીએસટીઃ એક રાષ્ટ્ર એક કર
ડો. લીલા એમ. સ્વામી ........ ૩૮

વસ્તુ અને સેવા કરની આવશ્યક સમજ
ડો. મહેશ બારડ ........ ૪૨

જીએસટીઃ નવા યુગનું પ્રભાત
ઉપેન્દર ગુપ્તા ........ ૪૮

સંસદ ભવનમાં જીએસટીનું અમલીકરણ ........ ૫૧

અમદાવાદ દેશનું પ્રથમ 'હેરિટેજ સિટી'
ગૌતમ પુરોહિત ........ ૫૨

### ટાઈટલ

૧. આવરણ ડિઝાઇન
૨. પ્રકાશન વિભાગના પ્રકાશિત થયેલ નવા પુસ્તકોની જાહેરાત
૩. પ્રકાશન વિભાગના પ્રકાશિત થયેલ નવા પુસ્તકોની જાહેરાત
૪. પ્રકાશન વિભાગનાં પુસ્તકો

છૂટક નકલ : રૂ. ૨૨-૦૦, વાર્ષિક લવાજમ : રૂ. ૨૩૦-૦૦, બે વર્ષ : રૂ. ૪૩૦-૦૦, ત્રણ વર્ષ : રૂ. ૬૧૦-૦૦
લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦, Yojana (Guj.)"ના નામે મનીઑર્ડર/ચૅક/બૅંક ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલી શકાશે. યોજના તથા કુરુક્ષેત્રનું લવાજમ હવે ઑનલાઇન ભરી શકાશે. www.yojana.gov.in

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.
યોજનામાં પ્રગટ થતા લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

# યોજના

## તંત્રીલેખ

## સ્થળ આધારિત વેરા તરફ




તા. ૧ જુલાઈ, ૨૦૧૭થી વસ્તુ અને સેવા કર વાસ્તવિક બનતાં, વર્ષ ૨૦૧૭ ભારતના ઈતિહાસમાં એક નોંધપાત્ર વર્ષ તરીકે ઓળખાશે. ભારતની કરવેરા પદ્ધતિના ઈતિહાસમાં નવી પદ્ધતિને ક્રાંતિકારી સુધારામાંના એક સુધારા તરીકે ઓળખવામાં આવે છે.

દેશની સાબૂત કર નીતિઓ, મજબૂત શાસન અને સાતત્યપૂર્ણ વિકાસનો નિર્દેશ આપે છે. આ હકીકત ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં પણ પ્રતિબિંબિત થાય છે. સારો વહીવટ કરનાર તરીકે ઓળખાતા તમામ સફળ શાસકો પછી તે મૌર્ય, ગુપ્ત કે ઈલ્તુતમિશુ હોય તેમના દ્વારા આવક એકત્ર કરવાની ઉત્તમ પદ્ધતિઓ અમલમાં મુકવામાં આવી હતી. તેમના નામને મળેલી પ્રશસ્તિ માત્ર તેમની રાજકીય સર્વોપરિતાને કારણે જ ન હતી પરંતુ તેમણે જે કરવેરા નીતિ અપનાવી તેને કારણે પણ હતી.

વેરા આવક અને વૃદ્ધિ માટેનું સાધન હોવા ઉપરાંત તે દેશને કરદાતાઓ પ્રત્યે જવાબદેહી બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અસરકારક કરવેરા પદ્ધતિથી એ બાબતની ખાત્રી રહે છે કે જાહેર નાણાં નીતિ લાંબાગાળે સામાજિક ઉદ્દેશો પાર પાડવામાં અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે ટકાઉ પુરવાર થશે. ભારતીય કર વ્યવસ્થાની જટિલતા હંમેશાં કરવેરાની દુનિયાનાં ઉત્તમ દિમાગોને પણ ગૂંચવતી રહી છે. કેન્દ્ર રાજ્ય અને સ્થાનિક સંસ્થાઓને અનેક વેરા લેવાની સત્તાને કારણે સામાન્ય માનવીથી માંડીને ઉત્પાદકો અને વેપારીઓ સહિત દરેકે દરેક વ્યક્તિ અનેક વેરાના બોજનો અનુભવ કરતો હતો. આ બધાં વીતેલાં વર્ષોમાં માલ-સામાનના મૂળ સ્થાનથી માંડીને આખરી સ્થાન સુધી દેશભરમાં વિવિધ સ્તરે કર વસૂલવામાં આવી રહ્યા હતા. આથી ઘણી વાર માલ-સામાન કે સર્વિસીસ ઉપર અનેક વાર વિવિધ પ્રકારના વેરા લાગતા હતા, જે માલ-સામાનને એકથી બીજા રાજ્યમાંથી થઈને પસાર થવાનું હોય તેને ઘણી વાર માત્ર વિવિધ વેરા ભરવા માટે સરહદ ઉપર કલાકો સુધી રોકાવું પડતું હતું અને તેને કારણે માલ-સામાનને નુકસાન તથા ઊંચા પરિવહન ખર્ચાઓનો સામનો કરવો પડતો હતો.

નવી વ્યવસ્થામાં દેશમાં કરવેરાનું ચિત્ર બદલીને પદ્ધતિને વધુ સુવ્યવસ્થિત બનાવવાનો ઉદ્દેશ છે. 'સ્થળ આધારિત વેરા' તરીકે ઘોષિત કરાયેલો જીએસટી એ એક એવો વેરો છે કે જે સ્વીકારના સ્થળે વસૂલ કરવામાં આવે છે. દા.ત. કાપડ ઉપરનો વેરો જ્યાં કપડું વેચાશે ત્યાં ચૂકવાશે. આથી વિરૂધ્ધ અગાઉની વ્યવસ્થામાં ઉત્પાદન, પરિવહન અને આખરે જ્યાં તે વેચાય તે સ્થળ સહિત અનેક સ્થળે વેરો ચૂકવવાનો થતો હતો. હકીકતમાં આનો અર્થ એ થાય કે ગ્રાહક પોતે જે વિવિધ પ્રકારના વેરા ભરી રહ્યો છે તેની જાણકારી વગર તેને ઘણા બધા માલ-સામાન ઉપર અનેક સ્થળે વેરો ચૂકવવો પડતો હતો. આ એક કરની પધ્ધતિ, આ રીતે અનેક પ્રકારના કરવેરાને બદલે વિવિધ કરનો બોજ નિવારીને કિંમતોમાં ઘટાડાનો લાભ આપશે. જીએસટી તેની પારદર્શક લાક્ષણિકતાને કારણે તેનો વહીવટ પણ આસાન બની રહેશે. તેને કારણે મેક ઈન ઈન્ડિયાની સાથે સાથે બિઝનેસ કરવામાં આસાનીને ઉત્તેજન પ્રાપ્ત થશે. ભારત જ્યારે વિશ્વના અર્થતંત્રમાં નોંધપાત્ર ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે, ત્યારે જીએસટી પણ એક પરિવર્તક પરિબળ બની રહેશે કારણ કે તે ભારતીય પ્રોડકટસને સ્થાનિક તેમજ વિદેશના બજારોમાં સ્પર્ધાત્મક બનાવશે અને તે દ્વારા નિકાસમાં એકંદર વધારા તરફ દોરી જશે.

આવું મહાકાય સ્વરૂપ ધરાવતી પદ્ધતિને પૂરતા મજબૂત આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પાયાની જરૂર રહે છે. આ હેતુથી રચવામાં આવેલા ગુડ્ઝ અને સર્વિસ ટૅક્સ નેટવર્ક (GSTN) આ સિમાચિન્હરૂપ સુધારાને મજબૂત નેટવર્ક મારફતે સફળ બનાવશે તેવી અપેક્ષા છે. એક વાર અમલ થઈ જાણ તે પછી આ સુધારો આ અજોડ કર ભારતના અર્થતંત્રના સાતત્યપૂર્ણ વિકાસ માટે ખૂબ જ આશાસ્પદ સંભાવનાઓ ધરાવે છે. તે 'એક રાષ્ટ્ર, એક વેરો એક બજાર'ના સપનાને વાસ્તવિક રીતે સાકાર કરીને એકસમાન રાષ્ટ્રીય બજારની રચનામાં સહાયક બનશે.

# ભારતમાં વસ્તુ અને સેવા વેરો : એક આમૂલ પરિવર્તન

અરૂણ ગોયલ




*વસ્તુ અને સેવા કર (જીએસટી)નો પ્રારંભ ભારતમાં તા. ૧ જુલાઈના રોજ મધ્ય રાત્રે સંસદના મધ્યસ્થ ખંડમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શ્રી પ્રણવ મુખર્જીની ભવ્ય ઉપસ્થિતિ વચ્ચે થયો હતો. સાથે જ આ એક ઐતિહાસિક પ્રસંગ હતો અને જ્યારે ભારત એક રાષ્ટ્ર, એક વેરો, એક બજાર તરફ આગળ વધી રહ્યું હતું ત્યારે આ એક આમૂલ પરિવર્તન હતું. વૈશ્વિક અનુભવોમાં જોવા મળ્યું છે કે જીએસટીના અમલથી તમામ સહયોગીઓને વિવિધ લાભ થાય છે. ભારતના જીએસટી તંત્રમાં ગ્રાહકોને કરવેરાની અનુવર્તી (cascading) અસર દૂર થવાને કારણે તથા કાર્યક્ષમતાને કારણે ઓછા ભાવોનો લાભ મળે છે. વેપાર અને ઉદ્યોગને લાભ થશે, કારણ કે દેશભરમાં એકસરખો એક જ, આડકતરો વેરો રહેવાથી ઈનપુટ ટૅક્સ ક્રેડિટનો અપાર પ્રવાહ રહેશે અને આંતરરાજ્ય સરહદોએ કર સંબંધી અવરોધો દૂર થશે, લૉજિસ્ટિક ખર્ચ ઘટશે. એક છેડેથી બીજે છેડે સુધી આઈટી એનેબલ્ડ સિસ્ટમ લાગુ પડશે અને કરવેરા અધિકારીઓ સાથે ઓછામાં ઓછો સંપર્ક રહેશે. ઉત્પાદકો કાચો માલ મેળવવા અંગે, ઉત્પાદન અને સંગ્રહની સુવિધાના સ્થળ અંગે તાર્કિક નિર્ણયો લઈ શકશે. કેન્દ્ર અને રાજ્યની સરકારોના વેરામાં વૃધ્ધિ થશે અને કરવેરા એકત્ર કરવાના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે.*

વસ્તુ અને સેવા કર (જીએસટી)નો પ્રારંભ ભારતમાં તા.૧ જુલાઈના રોજ મધ્ય રાત્રે સંસદના મધ્યસ્થ ખંડમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શ્રી પ્રણવ મુખર્જીની ભવ્ય ઉપસ્થિતિ વચ્ચે થયો હતો. સાથે જ આ એક ઐતિહાસિક પ્રસંગ હતો અને જ્યારે ભારત એક રાષ્ટ્ર, એક વેરો, એક બજાર તરફ આગળ વધી રહ્યું હતું ત્યારે આ એક આમૂલ પરિવર્તન હતું. વૈશ્વિક અનુભવોમાં જોવા મળ્યું છે કે જીએસટીના અમલથી તમામ સહયોગીઓને વિવિધ લાભ થાય છે. ભારતના જીએસટી તંત્રમાં ગ્રાહકોને કરવેરાની અનુવર્તી (cascading) અસર દૂર થવાને કારણે તથા કાર્યક્ષમતાને કારણે ઓછા ભાવોનો લાભ મળે છે. વેપાર અને ઉદ્યોગને લાભ થશે, કારણ કે દેશભરમાં એક સરખો એક જ, આડકતરો વેરો રહેવાથી ઈનપુટ ટૅક્સ ક્રેડિટનો અપાર પ્રવાહ રહેશે અને આંતર રાજ્ય સરહદોએ કર સંબંધિ અવરોધો દૂર થશે, લૉજિસ્ટિક ખર્ચ ઘટશે. એક છેડેથી બીજે છેડે સુધી આઈટી એનેબલ્ડ સિસ્ટમ લાગુ પડશે અને કરવેરા અધિકારીઓ સાથે ઓછામાં ઓછો સંપર્ક રહેશે. ઉત્પાદકો કાચો માલ મેળવવા અંગે, ઉત્પાદન અને સંગ્રહની સુવિધાના સ્થળ અંગે તાર્કિક નિર્ણયો લઈ શકશે. કેન્દ્ર અને રાજ્યની સરકારોના વેરામાં વૃધ્ધિ થશે અને કરવેરા એકત્ર કરવાના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે. કોઈપણ પ્રકારના વેરા વગર ગુડઝ અને સર્વિસીસની નિકાસ થવાને કારણે નિકાસ પણ સ્પર્ધાત્મક બનશે. 'મેક ઈન ઈન્ડિયા' પ્રોગ્રામને બિઝનેસ કરવામાં આસાની રહેવાના કારણે અને તમામ આયાતો પર મૂળ કસ્ટમ ડ્યુટી ઉપરાંત ઈન્ટિગ્રેટેડ જીએસટી લાગુ પડનાર હોવાથી, સસ્તી આયાતો સામે સુરક્ષા મળવાથી ભારે ગતિ મળશે. આ બધા લાભથી ભારતની જીડીપીમાં મધ્યમ અને લાંબાગાળે નોંધપાત્ર વૃદ્ધિ થશે.

### બંધારણીય સુધારા માટેની જરૂરિયાત

જૂજ અપવાદોને બાદ કરતાં જે દેશોમાં જીએસટી અમલી બન્યો છે ત્યાં જીએસટીના એકીકૃત સ્વરૂપ છે અને તે કેન્દ્ર સરકાર અથવા તો રાજ્ય સરકારો દ્વારા લેવાય છે. ભારતમાં જીએસટી અમલી બનાવવા માટે બંધારણમાં સુધારાની જરૂર હતી, કારણ કે બંધારણીય સુધારા પૂર્વે કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના નાણાકીય અધિકારો કેન્દ્રની યાદી અને રાજ્યની યાદી તરીકે સ્પષ્ટપણે નિર્દેશિત કરાયેલા હતા. કેન્દ્ર સરકારને ઉત્પાદન થયેલી ચીજો પર વેરો લેવાનો અધિકાર છે. (માનવ વપરાશ માટેના આલ્કોહૉલિક પીણાં, અફીણ, નાર્કોટિક વગેરેના અપવાદને બાદ કરતાં) જ્યારે રાજ્યોને માલ-સામાનના વેચાણ પર કર લેવાનો અધિકાર છે. કેન્દ્ર સરકારને કર વેરા (સેન્ટ્રલ સેલ્સ ટૅક્સ) લેવાનો અધિકાર છે, પરંતુ આ વેરો સંપૂર્ણપણે રાજ્યો દ્વારા એકત્રિત કરાય છે અને પોતાની પાસે

રાખવામાં આવે છે. સર્વિસીસની વાત કરીએ તો કેન્દ્ર સરકારને જ સર્વિસ ટૅક્સ લેવાની સત્તા છે. બંધારણમાં નિર્દેશિત સત્તા મુજબ બંને સ્તરની સરકારોએ ભિન્ન પ્રકારની જવાબદારીઓનું પાલન કરવાનું રહે છે અને કેન્દ્ર તથા રાજ્ય બંનેએ સાધનો ઊભાં કરવાની જરૂરિયાત રહે છે. આથી બંધારણમાં સુધારા કરવા જરૂરી હતા, કારણ કે એક સાથે કેન્દ્ર અને રાજ્યોને જીએસટી એકત્ર કરવાની સત્તા આપવાની હતી. ભારતમાં નાણાકીય ફેડરાલિઝમને ધ્યાનમાં લઈને બેવડા જીએસટીની રજૂઆત કરાઈ છે.

**ભારતમાં જીએસટી રજૂ કરવાની મજલ**

જીએસટી ૧૬૦ દેશોમાં લાગુ પડી ચૂક્યો છે અને ૧૯૫૪માં જીએસટી રજૂ કરનાર ફ્રાન્સ પ્રથમ દેશ હતો. જીએસટીને કારણે અર્થતંત્રને જે વિવિધ લાભ થાય છે, તેને કારણે જીએસટી રજૂ કરવાની બાબત છેલ્લા ઘણાં સમયથી રાજકીય એજન્ડા બની ગઈ હતી. ભારતમાં જીએસટી રજૂ કરવાની મજલ ઘણી લાંબી છે અને તેમાં ઘણા રાજકીય નેતાઓ, આર્થિક વિચારકો અને કેન્દ્ર તથા રાજ્ય સરકારના અધિકારીઓના એકત્રિત પ્રયાસોને કારણે જીએસટી લાગુ કરી શકાયો છે. જીએસટીનો વિચાર સૌ પ્રથમ વખત વર્ષ ૨૦૦૦માં અટલ બિહારી વાજપેયી જ્યારે વડાપ્રધાન હતા ત્યારે કરવામાં આવ્યો હતો અને પશ્ચિમ બંગાળના નાણાં પ્રધાન શ્રી અસીમ દાસગુપ્તાના નેતૃત્વ હેઠળ જીએસટીની ડિઝાઈનનું મૉડલ નક્કી કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૩માં વાજપેયી સરકાર દ્વારા કરવેરા સુધારાઓ અંગે ભલામણ કરવા માટે શ્રી વિજય કેલકરના નેતૃત્વ હેઠળ વધુ એક ટાસ્કફોર્સની રચના કરવામાં આવી હતી. તા.૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ કેન્દ્રના નાણાં પ્રધાને તેમના વર્ષ ૨૦૦૬-૦૭ના બજેટમાં જીએસટીને તા.૧ એપ્રિલ, ૨૦૧૦થી અમલી બનાવવા માટે દરખાસ્ત કરી હતી. રાજ્યોના નાણાં પ્રધાનોની બનેલી એમ્પાવર્ડ કમિટી (EC) કે જેણે વેટની ડિઝાઈન નક્કી કરી હતી તેને જીએસટીનો રોડ મેપ અને માળખું નક્કી કરવાની વિનંતી કરવામાં આવી હતી. રાજ્યો તેમજ કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓનો સમાવેશ થતો હોય તેવા સંયુક્ત વર્કિંગગ્રૂપની રચના જીએસટીના વિવિધ પાસાં તપાસવા માટે અને ખાસ કરીને અહેવાલ આપવા માટે વેરામાંથી બાકાત રાખવા જેવી ચીજો અને કરવેરા તેમજ સર્વિસીસ ઉપર કરવેરા લાગુ કરવા માટે ઉપરની અને નીચેની મર્યાદા, સર્વિસીસ ઉપરના વેરા તથા આંતરરાજ્ય ઉપરના પુરવઠા વેરા વગેરે સૂચવવાનો એમાં સમાવેશ થતો હતો. વિસ્તૃત ચર્ચાઓને આધારે ઈસીએ તેનું પ્રથમ ચર્ચાપત્ર (FDP) ની નવેમ્બર ૨૦૦૯માં રજૂઆત કરી હતી. એફડીપીમાં સૂચિત જીએસટીનાં વિવિધ પાસાંઓ દર્શાવવામાં આવ્યાં હતાં અને વર્તમાન જીએસટી તંત્રની પાયાની બાબતો અંગે નિર્ણય કરાયો હતો.

જીએસટી અમલી બનાવવા માટે બંધારણીય સુધારાની આવશ્યકતા હતી, ઘણાં લાંબા સમયથી રાજકીય સર્વસંમતિ સાધી શકાતી ન હતી. વર્તમાન સરકારની રચના થઈ તે પછી જીએસટી અમલી બનવાની બાબતમાં ગતિશીલતા આવી હતી. બંધારણ (૧૨૨મો સુધારા) વિધેયક ૨૦૧૪ ની લોકસભામાં તા.૧૯ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ રજૂઆત કરવામાં આવી હતી અને મે, ૨૦૧૫માં તેને બહાલી આપવામાં આવી હતી. આ બિલ રાજ્યસભામાં પણ હાથ પર લેવાયું હતું અને તે રાજ્યસભા અને લોકસભાની સંયુક્ત સિલેક્ટ કમિટીને સોંપવામાં આવ્યું હતું. આ કમિટીએ તેનો અહેવાલ તા.૨૨ જુલાઈ, ૨૦૧૫ના રોજ સુપરત કર્યો હતો. ત્યાર પછી આ બાબતે પ્રગતિમાં ગતિશીલતા આવી હતી. સર્વસંમતિને આધારે સુધારેલુ બંધારણીય સુધારા વિધેયક તા.૧ ઑગસ્ટ, ૨૦૧૬ના રોજ રજૂ કરવામાં આવ્યું. આ વિધેયકને રાજ્યસભાએ તા.૩ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ અને લોકસભાએ ૮ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ મંજૂર કર્યું હતું. જરૂરી સંખ્યામાં રાજ્યોના ધારાસભ્યો દ્વારા બહાલી મળ્યા પછી અને રાષ્ટ્રપતિની પણ મંજૂરી મળ્યા પછી આ બંધારણીય સુધારાને બંધારણ (૧૦૧મો સુધારો) કાયદા ૨૦૧૬ હેઠળ તા.૮ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ નોટિફાઈડ કરવામાં આવ્યું હતું. બંધારણીય સુધારાના કારણે ભારતમાં ગુડ્ઝ અને સર્વિસ ટેક્સ રજૂ કરવાનો માર્ગ મોકળો થયો હતો.

**બંધારણીય (૧૦૧મો સુધારો) કાયદો-૨૦૧૬:**

બંધારણીય સુધારો થવાથી કેન્દ્ર અને રાજ્યોની સરકારોને ગુડ્ઝ અને સર્વિસ ટૅક્સ (જીએસટી) લેવાની અને એકત્ર કરવાની સત્તા પ્રાપ્ત થઈ છે. જીએસટીને માનવ વપરાશ માટેના આલ્કોહૉલિક પીણાંની વાત કરતાં માલ-સામાન અને સર્વિસીસ અથવા તો બંનેના પુરવઠા ઉપરના વેરા તરીકે ઓળખવામાં આવે છે. આ રીતે માનવ વપરાશના આલ્કોહોલને, બંધારણમાં જીએસટીની વ્યાખ્યા દર્શાવીને જીએસટીમાંથી બાકાત રાખવામાં આવ્યો હતો. બીજી તરફ ૫ પેટ્રોલિયમ પ્રોડક્ટસ એટલે કે પેટ્રોલિયમ ક્રૂડ, મોટર સ્પિરીટ (પેટ્રોલ), હાઈ સ્પીડ ડીઝલ, નેચરલ ગેસ અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ) ને કામચલાઉ ધોરણે જીએસટીમાંથી બાકાત રાખવામાં આવ્યાં હતાં અને જીએસટી કાઉન્સિલને તેનો જીએસટીમાં સમાવેશ કરવાની તારીખ નક્કી કરવાની સત્તા આપવામાં આવી હતી. માલ-સામાન અને સર્વિસીસના આંતરરાજ્ય પુરવઠા પર કેન્દ્ર સરકાર દ્વારા એક સુસંકલિત જીએસટી (IGST) લેવાશે અને એકત્ર કરવામાં આવશે. એ બાબતની ખાત્રી રાખવામાં આવશે કે જીએસટી સાચા અર્થમાં સ્થળ આધારિત એક વપરાશ વેરો બની રહે અને

જ્યારે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં માલ-સામાનની હેરફેર થતી હોય ત્યારે ઈનપુટ ટૅક્સ ક્રેડિટનો અપાર પ્રવાહ વહેતો રહે.

**જીએસટી કાઉન્સિલ**

બંધારણીય સુધારાનું એક નોંધપાત્ર પાસું જીએસટી કાઉન્સિલની રચના અંગેનું છે. આ કાઉન્સિલમાં કેન્દ્રના નાણાં મંત્રી (કાઉન્સિલના ચેરમેન), કેન્દ્રના રાજયકક્ષાના પ્રધાન (મહેસૂલ) અને ૨૯ રાજ્યોના તથા બે કેન્દ્ર શાસિત પ્રદેશો દિલ્હી અને પોંડિચેરીના નાણાં/કરવેરા પ્રધાનોનો સમાવેશ કરાયો હતો. જીએસટી કાઉન્સિલના માર્ગદર્શક સિદ્ધાંતોમાં એ બાબતની ખાત્રી રાખવામાં આવી છે કે ભારતની અંદર ગુડ્ઝ અને સર્વિસીસ સુસંવાદિત રાષ્ટ્રીય બજાર ઊભું કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે વિવિધ બાબતોમાં સંવાદિતા સ્થપાયેલી રહે. કાઉન્સિલને કેન્દ્ર અને રાજ્ય સરકારોને નીચેની બાબતો અંગે ભલામણો કરવાની સત્તા આપવામાં આવી છેઃ

(૧) કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા લેવામાં આવતા વિવિધ વેરાઓ, સેસ અને સરચાર્જ તેમજ સ્થાનિક સંસ્થાઓ દ્વારા લેવાતા વેરાઓનો એક માત્ર જીએસટીમાં સમાવેશ કરી લેવામાં આવે.

(૨) ગુડ્ઝ અને સર્વિસ ટૅક્સ લાગુ પડી શકશે અથવા તો તેને જીએસટીમાંથી મુક્તિ આપી શકાશે.

(૩) જે તારીખથી પેટ્રોલિયમ ક્રૂડ, હાઈ સ્પીડ ડીઝલ, મોટર સ્પિરીટ (કે જેને સામાન્ય રીતે પેટ્રોલ તરીકે ઓળખવામાં આવે છે), નેચરલ ગેસ અને એવિએશન ફ્યુઅલ ટર્બાઈન ઉપર કઈ તારીખથી વેરો તે જીએસટી કાઉન્સિલ નક્કી કરશે.

(૪) જીએસટીના મોડલ કાયદાઓ, વસૂલ કરવાના સિધ્ધાંતો, આઈજીએસટીની નિમણૂક અને સિધ્ધાંતો કે જેમાં પુરવઠાનું સ્થળ નક્કી કરાય છે.

(૫) ટર્ન ઓવરની મર્યાદા કે જેની નીચેની રકમને જીએસટીમાંથી બાકાત રાખવામાં આવશે.

(૬) ફ્લોર રેટ સહિતના દર જીએસટીના બેન્ડ સહિત

(૭) કુદરતી આફત કે ડિઝાસ્ટર વખતે ચોક્કસ ગાળા માટે વધારાની આવક મેળવવા માટે ખાસ દર નક્કી કરવાની સત્તા.

(૮) નૉર્થ ઈસ્ટનાં રાજ્યો, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ માટેની ખાસ જોગવાઈઓ

(૯) જીએસટી અંગેની અન્ય બાબતો કે જેનો કાઉન્સિલ નિર્ણય કરી શકે.

બંધારણીય સુધારામાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે જીએસટી કાઉન્સિલ દરેક નિર્ણય તેની બેઠકમાં ત્રણ ચતુર્થાંશથી ઓછા નહી, તેટલા હાજર સભ્યોના વેઈટેજ મતથી નક્કી થશે, જેમાં કેન્દ્ર સરકારના મતનું વેઈટેજ મતના એક તૃતિયાંશ જેટલું રહેશે અને તમામ રાજ્ય સરકારોના મત ભેગા ગણીને કુલ મતનું બે તૃતિયાંશ વેઈટેજ આપવામાં આવશે. જીએસટી કાઉન્સિલના કુલ સભ્યોમાંથી અડધા સભ્યો દ્વારા મિટિંગનું કોરમ નક્કી થઈ શકશે. વોટિંગનું વેઈટેજ એ રીતે આપવામાં આવશે કે કેન્દ્ર અથવા રાજ્ય સરકારો કોઈપણ નિર્ણય એમની મેળે લઈ શકશે નહી. કેન્દ્ર સરકાર પાસે મતનું માત્ર ૩૩ ટકા વેઈટેજ હોવાના કારણે મોટાભાગનાં રાજ્યોનો સહયોગ કાઉન્સિલ દ્વારા લેવાનારા કોઈપણ નિર્ણય માટે જરૂરી બનશે. આમ છતાં, આજ સુધીમાં કાઉન્સિલના તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવાયા છે અને કોઈપણ કિસ્સામાં મતદાન કરવાની જરૂર પડી નથી.

**જીએસટી કાઉન્સિલની કામગીરી**

તા.૧ જુલાઈ, ૨૦૧૭ના રોજ જીએસટી લાગુ કરવામાં આવ્યો ત્યારથી જીએસટી કાઉન્સિલની કુલ ૧૮ બેઠકો યોજાઈ હતી અને સંખ્યાબંધ મુદ્દાઓ કે જે ચર્ચા કરવી પડે તેવા લાગતા હતા તેની ઉપર પ્રશંસાપાત્ર સર્વ સંમતિ સાધી શકાઈ હતી. કાઉન્સિલે સેન્ટ્રલ જીએસટી, સ્ટેટ જીએસટી, યુનિયન ટેરેટરી જીએસટી, ઈન્ટિગ્રેટેડ જીએસટી અને રાજ્યોને વળતર જેવી સંખ્યાબંધ બાબતો અંગે થોડીક જ મિટિંગોમાં નિર્ણય લીધો હતો. સામસામે સત્તાઓ અને કરવેરાઓની વહીવટી વ્યવસ્થા અંગે કેન્દ્ર અને રાજયની સત્તાની બાબત આપ-લે ની ભાવનાથી નક્કી કરવામાં આવી હતી. વિવિધ રાજ્યોમાં વેટના અલગ અલગ દર પ્રવર્તતા હોવા છતાં તેને સરળ રીતે વિવિધ સ્લેબમાં વહેંચી શકાયા હતા. નવી રચાયેલી બંધારણીય સંસ્થા જીએસટી કાઉન્સિલ કો-ઓપરેટિવ ફેડરાલિઝમનું એક નવું મોડેલ બની ચૂકી હતી, કે જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો તેમનું સાર્વભૌમત્વ જાળવીને પરસ્પરને નાણાકીય સત્તાઓ આપી હતી. કાઉન્સિલ દ્વારા નાણાકીય અને કર સંબંધિ બાબતોમાં માની શકાય નહી તેવા નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવ્યા હતા અને તેને કેન્દ્ર અને રાજયો વચ્ચેના સહયોગના ઉદાહરણ તરીકે પણ ઓળખવામાં આવે છે.

**રાજયોને વળતર**

જીએસટી સ્થળ આધારિત વેરો હોવાના કારણે કેટલાંક રાજ્યોમાં અને ખાસ કરીને ઉત્પાદન કરતાં રાજ્યોમાં એવી ધારણા હતી કે જીએસટી અમલી બનવાથી તેમની આવકમાં ઘટાડો થશે. આથી બંધારણ (૧૦૧મો સુધારો) કાયદો-૨૦૧૬ માં રાજ્યોને જીએસટી કાઉન્સિલની ભલામણોને આધારે આવકમાં ઘટાડા સામે વળતરની જોગવાઈ કરવામાં આવી છે અને ગુડ્ઝ અને સર્વિસીસ ટેક્સ (રાજ્યોને વળતર) ધારા- ૨૦૧૭ની રચના

કરવામાં આવી છે. વળતરના કાયદા હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ની આવકોને પાયાની આવક ગણીને ૧૪ ટકાનો સામાન્ય વાર્ષક વૃદ્ધિ દર નક્કી કરવામાં આવ્યો છે. આ કાયદામાં સેસ લેવાની જોગવાઈ કરવામાં આવી છે અને તેનો ઉપયોગ રાજ્યોની આવકમાં ખોટ થાય તો વળતર આપવા માટે કરવામાં આવશે. આવી સેસ વૈભવી ચીજો (દારૂ, જુગાર, તમાકુ વગેરે) ઉપર લેવામાં આવશે.

**કરવેરાના દર અંગે નિર્ણય**

કરવેરાના સ્લેબ નક્કી કરવાનું જીએસટી કાઉન્સિલ માટે ત્રણ હેતુ સિદ્ધ કરવા માટેનું એક મુશ્કેલ કાર્ય હતું. પ્રથમ હેતુમાં સમાજના ગરીબ અને નબળા વર્ગનાં લોકોની સુરક્ષા કરવાનું અને વ્યાપક વપરાશ ધરાવતો માલ-સામાન અને આવશ્યક ચીજોના કર દર પોસાય તેવા સ્તરે રાખવાનો હતો. બીજો હેતુ રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારની કરવેરાની એકંદર આવક જળવાઈ રહે તેની ખાત્રી રાખવાનો હતો. ત્રીજો હેતુ એ બાબતની પણ ખાત્રી રાખવાનો હતો કે માલ-સામાન અને સર્વિસીસમાંથી મળતો કર, વર્તમાન કર આવકની તુલનામાં નોંધપાત્ર પ્રમાણમાં વધે કે ઘટે નહીં તે જોવાનો હતો. આ બધાં પરિબળોને ધ્યાનમાં લઈને તથા લાંબી ચર્ચાઓ પછી કાઉન્સિલે કાળજીપૂર્વક ૪ કર દર નક્કી કર્યા હતા, જે મુજબ ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અન ૨૮ ટકાનો સ્લેબ રાખવાનો હતો. આ ઉપરાંત કરમુક્તિની એક કેટેગરી પણ રાખવામાં આવી છે.

**મધ્યમ અને નાના કદનાં એકમોને ટેકો:**

જીએસટીની તંત્ર વ્યવસ્થામાં મધ્યમ અને નાના કદનાં એકમોની ચિંતાઓ હલ કરવા માટે ઘણી જોગવાઈઓ કરવામાં આવી છે. કાયદામાં કર મુક્તિની એક લઘુતમ મર્યાદા નક્કી કરવામાં આવી છે, જેમાં જે બિઝનેસીસમાં નાણાકીય વર્ષમાં એકંદર ટર્ન ઓવર રૂ.૨૦ લાખ (સ્પેશિયલ કેટેગરીના રાજ્યોમાં રૂ.૧૦ લાખ) હોય તેમણે રજિસ્ટ્રેશન લેવાનું ફરજિયાત રહેશે નહી. આવા નાના એકમોને જીએસટી ચૂકવવામાંથી મુક્તિ મળશે. આ ઉપરાંત એક કંપોઝિશન સ્કીમની પણ જોગવાઈ કરાઈ છે, જેમાં નોંધાયેલી વ્યક્તિનું એકંદર ટર્ન ઓવર નાણાકીય વર્ષ દરમ્યાન રૂ.૭૫ લાખથી વધતું ન હોય તો તે વ્યક્તિ ત્રિમાસિક ધોરણે સમરાઇઝ રિટર્ન ભરી શકશે. જે કરદાતાઓ માલ- સામાનનું કામકાજ કરતાં હોય (વેપારીઓ અને ઉત્પાદકો બંને) તથા રેસ્ટોરન્ટ સેક્ટર પણ કમ્પોઝિશન યોજનાનો લાભ લઈ શકશે. કમ્પોઝિશન યોજના હેઠળ ઉત્પાદકોએ ૧ ટકાના દરે વેરો, રેસ્ટોરન્ટ સેક્ટરે ૨.૫ ટકાના દરે વેરો અને વેપારીઓએ ટર્ન ઓવરના૦.૫ ટકાના દરે સીજીએસટી અને એસજીએસટી એક્ટ હેઠળ વેરો ભરવાનો રહેશે. આમ છતાં જે સર્વિસ પ્રોવાઈડર્સ અને કરદાતાઓ આંતર રાજ્ય સપ્લાય અથવા તો ઈ-કોમર્સ ઓપરેટર તરીકે સપ્લાય કરતાં હોય તે કમ્પોઝિશન સ્કીમ માટે લાયક બનતાં નથી.

**કરવેરામાં લીકેજ અને ભ્રષ્ટાચારની સમસ્યા હલ કરવા અંગે:**

ભારતના જીએસટીમાં મેચિંગ ઈનવોઈસ મેચીગ કરવાની વ્યવસ્થા રહેશે. ખરીદેલા માલ-સામાન અને સર્વિસીસની ઈનપુટ ટેક્સ ક્રેડિટ માત્ર કર પાત્ર સપ્લાય માટે ઉપલબ્ધ રહેશે અને તે સપ્લાયર પાસેથી મેળવેલા કર પાત્ર પુરવઠા સાથે સરખાવવામાં આવશે. ગુડઝ અને સર્વિસ ટેક્સનું નેટવર્ક કે જે આઈટી બેકબોન્ડ માટે જવાબદાર છે તેને દર મહિને ૩ અબજથી વધુ ઈનવોઈસ મેચ કરવા માટે સક્ષમ બનાવાયું છે. આ એક સ્વ- નિયંત્રિત મિકેનિઝમ બની રહેશે, જેનાથી કરવેરા કૌભાંડો અને કરચોરી તો નિયંત્રિત તો થશે, પણ સાથે સાથે ઔપચારિક અર્થતંત્રમાં વધુને વધુ બિઝનેસ આવરી લેવાશે. જીએસટી તંત્ર વ્યવસ્થામાં કરદાતા નોંધણી કરાવી શકશે અને નેટ ઉપર એક જ પોર્ટલ દ્વારા કરવેરાની ચૂકવણી કરી શકશે. જૂજ કિસ્સાઓમાં જો કરદાતાએ ટેક્સ ઓથિરિટી સાથે પરામર્શ કરવાની જરૂર પડે તો તેણે માત્ર રાજ્ય કે કેન્દ્ર સરકારની એક જ ઓથોરિટી સાથે પરામર્શ કરવાનો રહેશે, કારણ કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોના ટેક્સ ઓફિસરોને એક-બીજાના કાયદામાં કામ કરવાની સત્તા (cross empowered) આપવામાં આવી છે. મહદ અંશે ભ્રષ્ટાચાર નિયંત્રિત થશે, કારણ કે કરદાતા માટે કર ચોરી કરવાનું મુશ્કેલ બનશે અને ટેક્સ ઓથોરિટી સાથે તેણે ઓછામાં ઓછો પરામર્શ કરવાનો રહેશે.

**સારાંશ**

તા.૧ જુલાઈ, ૨૦૧૭થી ભારતમાં એક પરિવર્તક સુધારા તરીકે જીએસટી અમલમાં આવ્યો છે અને તેનાથી ભારતમાં જે રીતે બિઝનેસ થઈ રહ્યો છે તેમાં પરિવર્તન આવશે. તમામ સહયોગીઓએ સુધારાને આવકાર્યો છે. જીએસટીની નવી તંત્ર વ્યવસ્થાને કારણે વધુને વધુ બિઝનેસ ઔપચારિક અર્થતંત્રમાં આવરી લેવાશે. આટલા વ્યાપક સ્તરનો ક્રાંતિકારી સુધારો કેટલીક પીડા પણ ઉભી કરશે. કેન્દ્ર અને રાજ્યોના કર વહીવટનાં તંત્રો આ ફેરફાર સરળ બની રહે તે માટેના પ્રયાસો કરી રહ્યાં છે. આ નાનકડી પીડાથી જે ફાયદો થવાનો છે તે ભારતના અર્થતંત્ર માટે દીર્ઘકાલીન લાભ આપનાર બની રહેશે.

**લેખક માલ અને સેવા કર (જીએસટી) કાઉન્સિલમાં અધિક સચિવ તરીકે ફરજ બજાવે છે. અગાઉ તેઓ જાપાનના ટોક્યો ખાતે ભારતીય દૂતાવાસમાં પ્રધાન (આર્થિક અને વ્યાવસાયિક), નાણા મંત્રાલયમાં નાણાકીય ગુપ્તચર એકમ - ભારતના વડા અને દિલ્હીના મુખ્ય નિર્વાચન અધિકારી સહિત અનેક વરિષ્ઠ સ્થાનો ઉપર પોતાની સેવા આપી ચુક્યાં છે.**
**ઈમેલઃ *arun59goyal@gmail.com, arun.goyal@nic.in***

# જીએસટી - ભારતના ઈતિહાસમાં એક સીમાચિહનરૂપ વેરો

**ટી. એન. અશોક**




*ભારત સરકાર "એક રાષ્ટ્ર અને એક વેરો" ના સિદ્ધાંતને અનુસરી રહી છે અને એ દેશમાં એકસરખું સમાન બજાર ઈચ્છે છે, જે દેશભરમાં માલસામાનની હેરફેરને વધુ મુક્ત બનાવી શકે અને મૅન્યુફૅક્ચરર્સ તથા ઉત્પાદકો અને મૂડીરોકાણકારો માટે સઘળા વ્યવહારોને વધુ સરળ બનાવી શકે.*

*માલ અને સેવા વેરો - ગુડ્ઝ ઍન્ડ સર્વિસ ટૅક્ષ (ટૂંકમાં જીએસટી) ભારતીય કરવેરા પદ્ધતિને વૈશ્વિક ધોરણો સાથે, ખાસ કરીને યુરોપ અને અમેરિકાના ધોરણો સાથે જોડવા માગે છે. ચાર સ્તરની જીએસટીની પદ્ધતિના - સંદર્ભમાં જીએસટી હેઠળ, ગૌણ નુકસાનનું અનુમાન છે, જેનાથી કેટલીક વસ્તુઓ મોંઘી બનશે જ્યારે કેટલીક સસ્તી થશે.*

*જીએસટીના પરિણામે વ્યાપક વપરાશની ચીજવસ્તુઓ સસ્તી થઈ છે. વૈભવી પ્રકારની ચીજવસ્તુઓ વધુ મોંઘી થઈ છે અને એના ભાવમાં મોટો વધારો થયો છે. આ નવી કરવેરા પદ્ધતિ તેમજ દૈનિક વપરાશની ચીજવસ્તુઓ ઉપરના કરવેરાના ઓછા - નીચા દર તથા જેનો દૈનિક વપરાશમાં ખપ નથી એવી ચીજવસ્તુઓ ઉપર કરવેરાના ઊંચા દર વચ્ચેની સમતુલા સમજવામાં લોકોને સમય જશે.*

દેશની સંસદમાં ગઈ ૩૦મી જૂનની મધરાતે એક નવો ઈતિહાસ રચાયો હતો. જો કે, ૧૯૪૭ની ૧૪મી ઑગસ્ટની મધ્યરાત્રિ અને ૨૦૧૭ની ૩૦મી જૂનની મધ્યરાત્રિ વચ્ચે સરખામણી થઈ શકે એમ નથી, કારણકે ૧૯૪૭માં આઝાદીના ઉષા સમયે દેશનો હર્ષોલ્લાસ અજોડ - અભૂતપૂર્વ હતો. આમ છતાં બંને મધ્યરાત્રિ - ૧૯૪૭ અને ૨૦૧૭ - વચ્ચે ઘણું સામ્ય રહ્યું છે.

સંસદના મધ્યસ્થ હૉલમાં ૩૦મી જૂન ૨૦૧૭ ની મધરાતે દેશના રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીની હાજરીમાં યોજાયેલા સમારંભે ૧૯૪૭ માં મધરાતે મળેલી આઝાદીની યાદ તાજી કરાવી હતી. ૧૯૪૭માં દેશને રાજકીય આઝાદી મળી હતી જ્યારે ૨૦૧૭નો અવસર આર્થિક આઝાદીનો હતો.

ભારત સરકાર "એક રાષ્ટ્ર અને એક વેરો" ના સિદ્ધાંતને અનુસરી રહી છે અને એ દેશમાં એકસરખું સમાન બજાર ઈચ્છે છે, જે દેશભરમાં માલસામાનની હેરફેરને વધુ મુક્ત બનાવી શકે અને મૅન્યુફૅક્ચરર્સ તથા ઉત્પાદકો અને મૂડીરોકાણકારો માટે સઘળા વ્યવહારોને વધુ સરળ બનાવી શકે.

માલ અને સેવા વેરો - ગુડ્ઝ ઍન્ડ સર્વિસ ટૅક્ષ (ટૂંકમાં જીએસટી) ભારતીય કરવેરા પદ્ધતિને વૈશ્વિક ધોરણો સાથે, ખાસ કરીને યુરોપ અને અમેરિકાના ધોરણો સાથે જોડવા માગે છે. ચાર સ્તરની જીએસટીની પદ્ધતિના - સંદર્ભમાં જીએસટી હેઠળ, ગૌણ નુકસાનનું અનુમાન છે, જેનાથી કેટલીક વસ્તુઓ મોંઘી બનશે જ્યારે કેટલીક સસ્તી થશે.

જીએસટીના પરિણામે વ્યાપક વપરાશની ચીજવસ્તુઓ સસ્તી થઈ છે. વૈભવી પ્રકારની ચીજવસ્તુઓ વધુ મોંઘી થઈ છે અને એના ભાવમાં મોટો વધારો થયો છે. આ નવી કરવેરા પદ્ધતિ તેમજ દૈનિક વપરાશની ચીજવસ્તુઓ ઉપરના કરવેરાના ઓછા - નીચા દર તથા જેનો દૈનિક વપરાશમાં ખપ નથી એવી ચીજવસ્તુઓ ઉપર કરવેરાના ઊંચા દર વચ્ચેની સમતુલા સમજવામાં લોકોને સમય જશે.

જીએસટી ને અમલમાં મૂકવા માટેનું શ્રેય કોઈપણ એક જ રાજકીય પક્ષને ન આપી શકાય, જો કે એના અમલ સંબંધમાં વિવિધ પક્ષો વચ્ચે મતભેદ રહ્યા હતા. પ્રધાનમંત્રી નરસિંહ રાવના શાસન દરમિયાન એ સમયના નાણામંત્રી અને દેશના આર્થિક સુધારાના શિલ્પી ડૉ. મનમોહનસિંઘને જીએસટી અંગે સૌ પ્રથમ પહેલ કરવાનું શ્રેય આપી શકાય. પરંતુ એ સમયની યુપીએની સરકાર અને વર્તમાન એનડીએ સરકાર વચ્ચે જીએસટીની કેટલીક જોગવાઈઓ અંગે મતભેદ રહ્યા છે.

ચાલો, આપણે આ નવા કરના ઈતિહાસ અને વર્ષો પછી એ કેવી રીતે અમલમાં મૂકાયો એના ઈતિહાસ ઉપર દૃષ્ટિપાત કરીએ.

હાલની સરકારે લોકસભામાં ચાર કાયદાનું પૅકેજ પસાર કરીને અને રાજયસભા દ્વારા એને માટે બહાલી મેળવીને (રાજયસભા કોઈ નાણાં ખરડા પસાર નથી કરી શકતી એને માત્ર પરત કરી શકે છે.) જીએસટીને મંજૂર કર્યો છે. આ નવો વેરો, જે દેશમાં એક સમાન પરોક્ષ વેરાને દાખલ કરવા માંગે છે, એનાથી કેટલાક વર્ગોને ભીતિ છે, એમ ફુગાવા તરફ નહી દોરી જાય એમ કેન્દ્રિય નાણાંમંત્રીએ જણાવ્યું છે. શ્રેણીબદ્ધ સરકારોએ જીએસટીને અમલી બનાવવામાં ફાળો આપ્યો છે અને એ માટે કોઈ એક વ્યક્તિ યશ લઈ શકે એમ નથી. રાજ્યસભાએ આ અંગેના વિધેયકો, વિપક્ષોએ રજૂ કરેલા સંખ્યાબંધ સુધારાઓ નામંજૂર કરીને મંજૂર કર્યા હતા. લોકસભાએ આ ખરડા ૨૯મી માર્ચે પસાર કર્યા હતા. મે માસની મધ્યમાં સરકારે આ અંગેના નિયમો અને દરોને અંતિમ મંજૂરી આપી હતી.

જીએસટીનો અમલ કરવા સંસદે ચાર વિધેયકોને બહાલી આપી હતી જેમાં (૧) સેન્ટ્રલ જીએસટી બિલ ૨૦૧૭(૨) ધી ઈન્ટિગ્રેટેડ જીએસટી બિલ, ૨૦૧૭ (૩) ધી જીએસટી (રાજયોને વળતર) બિલ, ૨૦૧૭ અને (૪) ધી યુનિયન ટેરિટરી જીએસટી બિલ, ૨૦૧૭ નો સમાવેશ થાય છે.

જીએસટી મુખ્યત્વે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ નાંખેલા કરવેરાનું સ્થાન લેશે. બંધારણમાં ૧૨૨ માં સુધારાનું વિધેયક પસાર થયા બાદ બંધારણ (૧૦૧ મો સુધારો) ધારો, ૨૦૧૬ મારફતે જીએસટી અમલી બન્યો છે. જીએસટીનો વહીવટ જીએસટી કાઉન્સિલને હસ્તક છે. જેના અધ્યક્ષ કેન્દ્રિય નાણાંમંત્રી છે. જીએસટી હેઠળ માલસામાન અને સેવાઓ ઉપર૦.૨૫ ટકા, ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકાના દરે વેરો લાગુ પડશે. કાચા પોલિશ વગરના કિંમતી અને સાધારણ કિંમતી (સેમી પ્રીસીયશ) પથ્થરો પર ૦.૨૫ ટકા જ્યારે સોના પર ૩ ટકાનો ખાસ દર લાગુ પડશે.

જો આપણે જીએસટીના ઈતિહાસમાં વધુ ઊંડા ઉતરીએ તો એવું જાણવા મળે છે કે ૧૯૮૬માં એ સમયના પ્રધાનમંત્રી વિશ્વનાથ પ્રતાપસિંગે મોડીફાઈડ વેલ્યૂ એડેડ ટેક્સ (મોડવેટ) દાખલ કર્યો હતો. જીએસટી હેઠળ કેન્દ્રિય આબકારી જકાત, સર્વિસ ટેક્સ, વધારાની કસ્ટમ્સ ડયુટી, સરચાર્જ, રાજ્ય સપાટીનો વૅલ્યૂ એડેડ ટેક્સ અને ઓક્ટ્રોય સહિતના વિવિધ પરોક્ષ વેરા આવરી લેવાશે. અન્ય જે વેરા હાલમાં માલસામાનની આંતરરાજ્ય હેરફેરને લાગુ પડે છે. એ પણ જતે દિવસે જીએસટી હેઠળ સમાવી લેવાશે એવી સંભાવના છે.

જીએસટી દ્વારા જે વેરાને એક જ છત્ર હેઠળ આવરી લેવાશે એમાં, કેન્દ્રિય આબકારી જકાત. કૉમર્શીયલ ટૅક્સ, વૅલ્યુ એડેડ ટૅક્સ (વેટ), ફૂડ ટૅક્સ, કેન્દ્રિય વેચાણ વેરો, ઓક્ટ્રોય, મનોરંજન વેરો, પ્રવેશ કર, ખરીદી વેરો, વૈભવી વેરો, વિજ્ઞાપન વેરાનો સમાવેશ થાય છે.

જીએસટી વેચાણ, ટ્રાન્સફર, ખરીદી, બાર્ટર, ભાડાપટ્ટે આપવું અથવા માલ સામાન કે અન્ય સેવાઓની આયાત જેવા તમામ વ્યવહારો ઉપર લાગુ પડશે. ભારત જીએસટીનું એક બેવડું (ડયુઅલ) મૉડેલ અપનાવશે એટલે કે એનો વહીવટ કેન્દ્ર તેમજ રાજય સરકારો બંને દ્વારા થશે. એક જ રાજયની અંદર થયેલા વ્યવહારો સોદા ઉપર કેન્દ્ર સરકાર કેન્દ્રીય જીએસટી નાંખશે જ્યારે સંબંધિત રાજય સરકાર રાજયનો જીએસટી લાદશે. આંતરરાજ્ય વ્યવહારો -સોદા અને આયાતી માલસામાન - સેવાઓ ઉપર કેન્દ્ર સરકાર ઈન્ટિગ્રેટેડ જીએસટી લાગુ પાડશે.

જીએસટી એક વપરાશ - ઉપયોગ આધારિત વેરો છે અને એથી માલસામાન અથવા સેવાઓનો જે રાજ્યમાં વપરાશ થયો હોય એ રાજયને અને નહી કે જે રાજયમાં એનું ઉત્પાદન થયું હોય,આ વેરો ચૂકવાશે. આઈજીએસટી રાજ્ય સરકારો માટે વેરાની વસૂલાતને ગૂંચવી નાખે છે કારણકે એમાં રાજયો એને લેવાનો થતો વેરો સીધેસીધો કેન્દ્ર સરકાર પાસેથી વસૂલ નથી કરી શકતા. અગાઉની વ્યવસ્થા હેઠળ એક રાજયએ કરવેરાની આવકની વસૂલાત માટે માત્ર એક જ રાજ્ય સાથે વ્યવહાર કરવાનો રહેતો હતો.

રાજયોની આવકને જીએસટીના પ્રભાવથી અલગ પાડવાનું સૂચવાયું છે કારણકે પેટ્રોલિયમ અને પેટ્રોલિયમની બનાવટો ઉપર પણ જીએસટી લાગુ પાડવામાં આવશે એવી આશા સેવાય છે. જીએસટી અમલમાં આવે એ તારીખથી પાંચ વર્ષ માટે એના પરિણામે રાજ્ય સરકારોને આવકમાં જે ખોટ જાય એને માટે વળતર ચૂકવવાની કેન્દ્રએ રાજ્યોને ખાતરી આપી છે. જીએસટીની એક મુખ્ય અસર ભારતમાં હવે પેટ્રોલ ડીઝલ વગેરે બળતણોના ભાવોમાં રોજેરોજ થતા ફેરફારો છે.

જીએસટીના સૂચિત કાયદાની બાબત તપાસવા અંગે ૨૧ સભ્યોની એક પ્રવરન-સમિતિની રચના કરવામાં આવી હતી. રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ જીએસટી ના કાયદા પસાર કરતા જીએસટીનો ૧લી જુલાઈ ૨૦૧૭ ના રોજથી અમલ કરવાનું સુગમ બન્યુ હતું. સિક્યોરિટીઝ - જામીનગીરીના વેચાણ અને ખરીદી પર જીએસટી નહીં લેવાય. આ વ્યવહારોને

અગાઉની જેમ સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ લાગુ પડશે.

જીએસટી અમલી બન્યો એને સમાંતર અન્ય ઘટનામાં ગુડ્ઝ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ નેટવર્ક (જીએસટીએન), નફાના ઉદ્દેશ વગરની સંસ્થા રચવામાં આવી છે, જેનો હેતુ તમામ સંબંધિત પક્ષો, એટલે કે હિત ધરાવનારાઓ, સરકાર, કરદાતાઓ એક જ પૉર્ટલ પર સહયોગ કરી શકે એ માટે પ્લેટફોર્મ ઉભું કરવાનો છે. આ પૉર્ટલ કેન્દ્ર સરકારને લભ્ય બની રહેશે, જે પ્રત્યેક વ્યવહાર - સોદો પૂરો થાય ત્યાં સુધી એના પર નજર રાખશે જ્યારે કરદાતાઓને એમને ચૂકવવાના થતા વેરા ભરવા સંબંધમાં અને રેકૉર્ડની જાળવણી માટે સેવાનું વ્યાપક માળખું મળી રહેશે. આવકવેરાનું નેટવર્ક ખાનગી પાર્ટીઓ દ્વારા વિકસાવવામાં આવશે, જે કેન્દ્ર સરકાર સાથે જોડાણ કરશે અને નક્કી થયા મુજબ એનો હિસ્સો વસૂલ કરશે. જીએસટીએનની જાહેર અધિકૃત મૂડી રૂા. ૧૦ કરોડ (૧૬ લાખ અમેરિકન ડૉલર) છે, જેમાં કેન્દ્ર સરકાર ૨૪.૫ ટકા, રાજ્ય સરકાર ૨૪.૫ ટકા શૅર કે હિસ્સો ધરાવે છે જ્યારે બાકીના શૅર ખાનગી બેંકિંગ પેઢીઓ ધરાવે છે.

જીએસટીના કાયદા હેઠળ આ કાયદાનો મોડામાં મોડો ૧લી સપ્ટેમ્બર ૨૦૧૭થી અમલ કરવાનો રહેતો હતો. ૧૨ મી સપ્ટેમ્બર ૨૦૧૭થી એનો અમલ અનિવાર્ય હતો અને એ પછી અગાઉના તમામ કરવેરા અમલમાં નહોતા રહેવાના. આ જ કારણોસર સરકાર એને ૧લી જુલાઈ ૨૦૧૭ સુધીમાં અમલી બનાવવા ઇચ્છતી હતી અને અગાઉના તમામ પરોક્ષ કરવેરાને એમાં સમાવી લઈ એના સ્થાને એક જ સમાન વેરો દાખલ કરવાનો એનો હેતુ હતો. દેશમાં કોઈ પ્રકારના કરવેરા અમલમાં ન હોય એવી કરવેરાવિહીન પરિસ્થિતિ દેશને પોષાય નહીં.

આજ કારણસર સરકાર ૧ લી જુલાઈથી જીએસટીને અમલી બનાવવાના એના વચનને વળગી રહી હતી અને ભારે ધૂમધામ વચ્ચે સંસદની ખાસ બેઠક ૩૦મી જૂનની મધરાતે બોલાવી ઘોષિત તારીખથી આ કાયદાને અમલી બનાવાયો હતો. સમગ્ર વિશ્વએ સંસદની મધ્યરાત્રિની આ ઐતિહાસિક બેઠકની નોંધ લીધી હતી. કરવેરાના કેટલાક દર અંગે અનિશ્ચિતતા પ્રવર્તતી હતી અને એના ઝડપી અમલ અંગે સવાલ ઉઠાવાયો હતો. ઉદ્યોગોને એવું જણાતું હતું કે કરવેરાની નવી પદ્ધતિને અપનાવવા માટે એ એની કામગીરીનું માળખું નવેસરથી ગોઠવવા તૈયાર નહોતા.

કોઈપણ નવા કાયદાનો અમલ શરૂ થતા શંકાકુશંકા અને ગૂંચવાડાની સમસ્યા અનુભવાય છે એમ જીએસટીનો આરંભ થતા સમગ્ર દેશમાં ખરીદી માટે ગયેલા લોકો એમની ખરીદીના બિલની રકમમાં વધારો જોઈ અચંબામાં પડયા હતા. નાગરિકો એ નહોતા સમજી શકયા કે દેશમાં હવે માલસામાન - સેવાના અંતિમ ઉપયોગના સ્થળને નજરમાં રાખતી નવી કર વ્યવસ્થા અમલમાં આવી છે. જીએસટી એ એક વપરાશલક્ષી કર છે. આ કર, જે તે વસ્તુનો જ્યાં વપરાશ થવાનો હોય એ સ્થળે વસૂલ કરાય છે જેમ કે કોઈ માલસામાન જેનું ઉત્પાદન તામિલનાડુ અથવા મહારાષ્ટ્ર કે પછી આંધ્રપ્રદેશમાં થયું હોય એના ઉપરનો વેરો - જીએસટી એનો જ્યાં વપરાશ થાય ત્યાં, દિલ્હી, ચંદીગઢ, જયપુર કે લખનૌમાં વસૂલાય છે.

ગઈ ૮ મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ ઊંચા મૂલ્યની ચલણી નોટો ચલણમાંથી પાછી ખેંચી લેવાના વિમુદ્રીકરણના નિર્ણયથી સમગ્ર દેશ એના પહેલા સપ્તાહમાં ગૂંચવાઈ ગયો હતો એમ ૧લી જુલાઈ, ૨૦૧૭ના રોજ જીએસટી અમલી બનતાં ખરીદીના બિલની રકમમાં વધારાથી લોકોએ આશ્ચર્ય અને આઘાતનો અનુભવ કર્યો હતો અને લોકો ચોકી ગયા હતા. પરંતુ સરકારના ઇરાદા શુભ અને સ્પષ્ટ છે. સરકાર ભારતને આંતરરાષ્ટ્રીય બજારોમાં વધુ સ્પર્ધાત્મક બનાવવા દેશની બજારોને એકબીજા સાથે જોડી સંગઠિત કરી એને વૈશ્વિક ધોરણો સાથે જોડવા માટે એક રાષ્ટ્ર - એક વેરોની વ્યવસ્થા દાખલ કરવા ઈચ્છે છે.

જીએસટી ખરેખર તો કાળાં નાણાં ઉપરની બીજી સર્જીકલ સ્ટ્રાઈક છે કારણકે એના પરિણામે પ્રત્યેક વેપારીએ રજીસ્ટ્રેશન કરાવવું પડશે અને રજીસ્ટ્રેશન નંબર (જીએસટીઆઈએન) મેળવવો પડશે અને કરવેરાની વસૂલાત અંગે એમણે દર મહિને કે પછી દર ત્રણ મહિને યાદી સુપરત કરવી પડશે. હવે પ્રત્યેક વેપારી માટે હિસાબો રાખવાનું કાયદેસર અને ફરજિયાત બનશે.

**સરકાર નીચે મુજબના ઉદ્દેશો ધરાવે છે :**

૧) જીએસટીનું લક્ષ્ય દેશભરમાં ૧૫ થી ૨૦ જેટલા અપરોક્ષ વેરાને માત્ર એક જ વેરા હેઠળ સમાવી લઈ સમગ્ર ભારતમાં બજારોને એકસરખા બનાવી દઈ દેશભરમાં માલસામાનના ભાવ એક સરખા કરવાનું છે. જો કે વિવિધ ચીજવસ્તુઓ માટે પાંચ સ્તરના કરવેરાના દર નિશ્ચિત કરાયા છે. વૈભવી માલસામાન વધુ મોંઘો બનશે જ્યારે બહુસંખ્ય લોકોના વપરાશનો માલસામાન સસ્તો બનશે. આમાં કશું જ નવું નથી કારણકે દુનિયાના મોટાભાગના દેશો એમના માલસામાનને આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ સ્પર્ધાત્મક બનાવવા ક્યારનાય એનો અમલ કરી રહ્યા છે. અપવાદરૂપ બાબત એ છે કે જીએસટીમાં વૈભવી માલસામાનની ઉપર ૨૮

ટકાનો જે વેરો લાદવામાં આવ્યો છે એ સમગ્ર વિશ્વમાં સૌથી ઊંચો છે. બ્રિટન અને અમેરિકામાં ૧૭ ટકાથી ઊંચો જીએસટી નથી.

૨) જીએસટીનો વિચાર આદર્શ તદ્દન ભિન્ન છે. એ મૂળમાં લાદવામાં આવતો વેરો નથી. તામિલનાડુમાં મૅન્યુફેક્ચરર્સ કરાયેલી એક બનાવટ દેશભરમાં ફરીને છેક દિલ્હી પહોંચે છે જ્યાં એનો વપરાશકાર કે પછી ખરીદદાર એની ઉપર વેરો ચૂકવે છે. આ વેરામાં કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર બંનેનો હિસ્સો છે. જો કોઈ રેસ્ટોરાં પર ૧૮ ટકા વેરો નાખવામાં આવે તો સીજીએસટી હેઠળ ૯ ટકા વેરો કેન્દ્રને જાય છે જ્યારે એસજીએસટી હેઠળ ૯ ટકા સંબંધિત રાજ્યના ફાળે જાય છે. આ બાબત રેસ્ટોરાંનાં બિલોમાં છતી થાય છે.

જીએસટીને પરિણામે હોટલોમાં દારૂ પીવાનું તેમજ રાત્રી ભોજન (ડીનર) લેવાનું વધુ ખર્ચાળ બન્યું છે. પ્રવાસ, ખાસ કરીને વિમાની પ્રવાસ ખૂબ જ મોંઘો થયો છે અને એસી, ફ્રીજ અને વૉશિંગ મશીન, ટૂંકમાં વૈભવી ચીજવસ્તુઓના દામ પણ વધી ગયા છે. લગભગ ૧૨૦૦ ચીજવસ્તુઓ ઉપર ૧૮ ટકા વેરો લાદવામાં આવ્યો છે જેમાંની ઘણી વ્યાપક વપરાશમાં છે. લગભગ ૮૧ ટકા માલસામાન પર ૧૮ ટકાનો વેરો લાગુ કરાયો છે.

જે ચીજવસ્તુઓ સસ્તી બની છે એમાં દૂધનો પાવડર, દહીં, છાશ, બ્રાન્ડ વગરનું કુદરતી મધ, ડેરી સ્પ્રેડસ, ચીઝ, તેજાના, ચા, ઘઉં, ચોખા, લોટ, મગફળીનું તેલ, પામ ઓઈલ, સૂર્યમુખીનું તેલ, કોપરેલ, સરસવનું તેલ, ખાંડ, ગોળ, ખાંડની કન્ફેક્શનરી, શાકભાજી, પાસ્તા, નૂડલ્સ, ફળો, અથાણાં મુરબ્બા, ચટણી અને મીઠાઈનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત દૈનિક વપરાશની ચીજવસ્તુઓ નહાવાના સાબુ, હેર ઓઈલ, ડીટરજન્ટ પાવડર, સાબુ, ટિસ્યૂ પેપર, નેપકીન, દિવાસળી, મીણબત્તી, કોલસાં, કેરોસીન, ઘરેલુ વપરાશનો ગૅસ, એલપીજી, ચમચા, કાંટા, કડછી, પળી, સ્કિમર્સ, કેક સર્વર, માછલી કાપવાના છરા, (ફીશ નાઈવ), ચિપીયા, સાણસી, અગરબત્તી, ટૂથપેસ્ટ, સ્ટેશનરી જેવી કે નોટબુક, પેન, તમામ પ્રકારના કાગળ, ગ્રાફપેપર, સ્કૂલ બેગ, એકસરસાઈઝ બુક, પિક્ચર, ડ્રોઈંગ અને કલરીંગ બોક્ષ, પાર્ચમેન્ટ પેપર, કાર્બન પેપર, પ્રિન્ટર્સ, આરોગ્ય સંભાળની વસ્તુઓ, જેવી કે ઈન્સુલીન, તબીબી વપરાશની એકસ રે ફિલ્મ, ડાયોગ્નોસ્ટિક કિટસ, કરેકિટવ ચશ્માં માટેના કાચ, ડાયાબિટીસની તેમજ કૅન્સરની દવાઓ, તૈયાર પોષાક, રેશમ, ઉની કાપડ, ખાદીના દોરા (યાર્ન), ગાંધી ટોપી, રૂા. ૫૦૦ થી ઓછી કિંમતનાં પગરખાં અને રૂા. ૧૦૦૦ ની કિંમત સુધીનાં તૈયાર કપડાં.

જીએસટીના નીચા દરથી ફુગાવો ઘટવાની અપેક્ષા લોકો રાખે એ શક્ય છે. નાણાકીય નિષ્ણાતોનું કહેવું છે કે ટૂંકાગાળામાં આર્થિક વિકાસમાં કોઈ નોંધપાત્ર સુધારો નહીં થાય. જો કે મધ્યમ ગાળામાં એનાથી ભારતીય કંપનીઓ તેમજ સરકાર બંનેને ફાયદો થશે. મોટાભાગના અર્થશાસ્ત્રીઓની આગાહી એવી છે કે, મોટાભાગના માલસામાન માટે જીએસટીનો દર નીચો રખાયો હોઈ ફુગાવો ઘટશે. ભારતના કૉર્પોરેટ ક્ષેત્ર પર હવે એક મોટું કામ આવી પડયૂં છે કારણકે જીએસટીનો અમલ શરૂ થતાં મોટા ભાગનાં મૅન્યુફૅક્ચરિંગ એકમો અને ઉદ્યોગોએ હવે એનું વ્યાપારી કામકાજ નવેસરથી ગોઠવવું પડશે. વળી જીએસટીઆઈએન મારફત રજીસ્ટ્રેશનની જોગવાઈને કારણે હવે વધુ પ્રમાણમાં નાની કંપનીઓ કરવેરાને પાત્ર બનશે.

મૂંઝવણ એ છે કે, ફુગાવો ઘટવા છતાં અર્થશાસ્ત્રીઓના મત અનુસાર, રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા ઉપર નજીકના ભવિષ્યમાં વ્યાજ દર ઘટાડવાની નીતિ અપનાવવા કોઈ પ્રભાવ નહી પડે. ઈન્ડીયા રેટિંગ્સના મુખ્ય અર્થશાસ્ત્રી સુનિલ સિંહાનું કહેવું એવું છે કે, રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા વરસાદની પરિસ્થિતિનો તેમજ જીએસટીનો દેશવ્યાપી અમલ કેવી રીતે થાય છે એનો કયાસ કાઢયા પછી જ આ અંગે નિર્ણય લેશે. અર્થશાસ્ત્રીઓ અને ઉદ્યોગોના નિરીક્ષકોનો દાવો એવો છે કે, ટૂંકાગાળામાં જીએસટીના પાંચ રીતનો મોટો પ્રભાવ પડશે.

કંપનીઓ અને એમના કામકાજ પર ભારે ફેરફાર થશે. પ્રશ્ન એ છે કે કેવી રીતે ?

કરવેરાની નવી પદ્ધતિ ઘણી કંપનીઓને એમના કામકાજનું માળખું નવેસરથી ગોઠવવા ફરજ પાડશે. કંપનીઓ હવે એમના વિક્રેતાઓ તથા સપ્લાયરો બિલો રજૂ કરે એવો આગ્રહ રાખશે કારણકે જીએસટી હેઠળ કંપનીઓ / પેઢીઓ માટે કરચોરી કરવાનું, એમાંથી છટકી જવાનું અશક્ય બની જશે. મોટી કંપનીઓને નવી વ્યવસ્થા હેઠળ ફાયદો થશે કારણકે એ પુરવઠાની વ્યવસ્થિત ચેઈન ધરાવે છે અને એ ઈનપુટ્સ પર ચૂકવેલા કરવેરા સામે વળતર મેળવી શકશે – એની વસૂલાત કરી શકશે. જીએસટીના નિયમોનું પાલન કરવાનો ખર્ચ વધતાં નાની કંપનીઓનો ખર્ચ વધશે.

આબકારી જકાતમાંથી મુક્તિનો લાભ મેળવવા ઉત્પાદન એકમો અસ્તિત્વમાં હોવાથી, વિવિધ કંપનીઓ ઉપર જીએસટીનો અલગ અલગ પ્રભાવ પડશે. જો કે જીએસટીના અમલને લીધે પુરવઠા ચેઈન નેટવર્કમાં ખર્ચમાં બચત થશે અને અસંગઠિત વ્યાપારમાંથી સંગઠિત વ્યાપાર તરફ આગળ વધવાનું વલણ

વધશે એવો અભિપ્રાય જેફ્રીસ નામની એક વિદેશી બ્રોકરેજ પેઢીએ વ્યક્ત કર્યો છે.

નીચા વેરાના લાભ લોકો સુધી કેવી રીતે પહોંચાડવો ? કેન્દ્રિય નાણાંમંત્રીના અધ્યક્ષપદ હેઠળની જીએસટી કાઉન્સિલ, કંપનીઓ નીચા દરનો લાભ લોકો સુધી પહોંચાડે છે કે કેમ એના પર બારીક નજર રાખશે એવી અપેક્ષા છે. આમ છતાં નફાખોરી વિરુદ્ધની નીતિના અમલ અંગે નિષ્ણાતોના મત વહેંચાયેલા છે.

નોમુરા નામની નાણાકીય સેવાઓની કંપનીએ એવો મત વ્યક્ત કર્યો છે કે અમારું માનવું છે કે કંપનીઓ જીએસટીના સીધા લાભો (જેમ કે વેરાનો નીચો દર) લોકો સુધી પહોંચતા કરશે. પરંતુ હેરફેરના ખર્ચા (લૉજિસ્ટીક કૉસ્ટ), વ્યાપારની પ્રક્રિયાઓ સરળ બનાવવા અને ઇનપુટ ક્રૅડિટના સળંગ પ્રવાહને કારણે થયેલી બચત જેવા પરોક્ષ લાભમાંથી અંશતઃ લાભ (પૂરેપૂરા ન રાખી લે તો) પોતે રાખી લેવાનું ધ્યેય રાખશે. જીએસટીના કાયદામાં નફાખોરી વિરોધી પગલાં ઉપર ભાર મુકાયો છે અને વેરાના દરમાં ઘટાડો તેમજ ઇનપુટ ક્રેડિટના ખર્ચમાં ઘટાડાના લાભ એટલા જ પ્રમાણમાં સંબંધિત ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો કરી લોકો સુધી પહોંચાડવા જણાવાયું છે. નોમુરા કંપનીનો દાવો છે કે આવાં પગલાંનો અમલ મુશ્કેલ છે પણ જો એનો ઉતાવળથી અમલ કરાશે તો ભાવ નિયંત્રણોની જેમ આ પગલાં પાછીપાની રૂપ બની રહેશે.

કંપનીઓ, જીએસટીના પગલે પગલે એના ખર્ચમાં વેરા અંગેના ખર્ચમાં જે બચત થશે એના અંશતઃ હિસ્સાનો ઉપયોગ એનું નફાનું માર્જિન સુધારવા કરે એ સંભવ છે અને બાકીની બચતનો ઉપયોગ એની ઉત્પાદન શક્તિ વધારવા કરશે.

કરવેરાના મોટાભાગના નિષ્ણાતોને એવું જણાય છે કે, સરકારના ધૂમધડાકા સાથેના સુધારાનો ખરા પ્રભાવનો કયાસ એના અમલને એક વર્ષ પૂરું થાય એ પછી જ કાઢી શકાય. પરંતુ એના તાત્કાલિક પ્રભાવની વાત કરીએ તો ઘણા કિસ્સામાં તમારા ખિસ્સા ઉપરનો બોજ વધ્યો છે જ્યારે અન્ય કિસ્સામાં ઇનપુટ ટૅક્સ ક્રેડિટને લીધે વ્યાપારીઓએ રાહત અનુભવી છે. સરકારની આવક ઉપર જીએસટી નો પ્રભાવ જોઈએ તો હાલનું વલણ થોભો અને રાહ જુઓની નીતિ છે. બેંકિંગ અને ટેલીકોમ સહિતની વિવિધ સેવાઓ વધુ ખર્ચાળ બની છે તથા મોબાઈલનું માસિક બિલ તેમજ ટ્યુશન ફીમાં વધારો થયો છે. ફ્લૅટ તેમજ તૈયાર કપડાંની ખરીદી વધુ મોંઘી બની છે. ફ્લૅટ કે દુકાનની ખરીદી પર અગાઉ લગભગ છ ટકા કર હતો જે જીએસટી હેઠળ વધીને ૧૨ ટકા થયો છે. વિદેશી મૂડી રોકાણકારોએ જીએસટીને આવકાર આપ્યો છે કારણકે એમને માટે હવે વિવિધ ચીજવસ્તુઓનું મૅન્યૂફૅક્ચરિંગ વધુ સરળ બન્યું છે. આ ઉપરાંત એમને માટે એમની બનાવટોની દેશભરમાં હેરફર વધુ સુગમ અને ઝડપી બની છે કારણકે દેશના મોટાભાગનાં રાજ્યોએ આવી હેરફેરમાં અવરોધરૂપ એમની ચેકપોસ્ટ અને ગેટસ દૂર કરી છે - બંધ કરી દીધી છે.

કૉમોડિટીઝના વ્યાપારના ગુરૂ તથા હેજ ફંડના મેનેજર જીમ રોજર્સે ૨૦૧૫માં ભારતીય કંપનીઓમાંનું એમનું મૂડીરોકાણ પાછું ખેંચી લીધું હતું કારણકે એમના મત મુજબ સરકાર મૂડી રોકાણકારોની અપેક્ષાઓ સંતોષવામાં નિષ્ફળ ગઈ હતી. પરંતુ આ જ જીમ રોજર્સ હવે બદલાયેલી પરિસ્થિતિમાં ભારતમાં પુનઃ પ્રવેશવાનું વિચારી રહ્યા છે. ભારતીય બજારોએ મંદી પછી પણ આગળ વધી જે વિક્રમ નોંધાવ્યો એ જોઈ રોજર્સે કબૂલ્યું છે કે એમણે ભારતમાં આવવાની એક તક કદાચ ગુમાવી છે. જીએસટી અંગે એમનો અભિપ્રાય આપતાં એક મુલાકાતમાં એમણે ગુડઝ એન્ડ સર્વિસ ટૅકસથી ભારતમાં ઊભા થનારા સમાન બજારનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે, જીએસટીથી મને આશ્ચર્ય થયું છે, આઘાત લાગ્યો છે અને હું સ્તબ્ધ થઈ ગયો છું.

ટૂંકમાં કહીએ તો, જીએસટીનું પગલું કરચોરો ઉપરની બીજી સર્જિકલ સ્ટ્રાઇક - હુમલો છે, જે મોટાભાગના વ્યાપારીઓને કરવેરાની નેટવર્ક હેઠળ લાવશે અને દેશમાં માલસામાનની હેરફેર વધુ મુકત બનશે. એક સમાન બજાર અને એક જ વેરાને લીધે વિદેશી મૂડીરોકાણકારો ભારતમાં આકર્ષાશે. અલબત્ત એના પરિણામે, છૂટથી ખર્ચ કરતા નાગરિકોની ખરીદીના બિલની રકમ વધશે, દારૂ પીવાનું અને ડીનર લેવાનું વધુ ખર્ચાળ બનશે, પ્રવાસનો ખર્ચ વધશે અને મિલકતોની ખરીદી મોંઘી બનશે. પણ જીએસટીને પરિણામે ૮૧ ટકા ચીજવસ્તુઓ વધુ સસ્તી બનવાની ધારણા છે. દેશ જ્યારે એક નવી કરવ્યવસ્થા તરફ પ્રયાણ કરી ચૂક્યો છે ત્યારે ટૂંકાગાળાની મુશ્કેલીઓ પછી લાંબાગાળાનો ફાયદો થવાનો જ છે. આમ થવું સ્વાભાવિક છે.


**લેખક પીટીઆઇમાં આર્થિક બાબતોના તંત્રી તરીકે સેવા આપી ચૂક્યાં છે. તેઓ હમ્બર્ગ સ્થિત જનરલ એલઓજીના સહ તંત્રી પણ છે. વર્ષ ૧૯૯૨માં યોજાયેલી રિયો અર્થ સમિટ અને સિંગાપોર ખાતે વર્ષ ૧૯૯૬માં યોજાયેલી વિશ્વ વેપાર સંગઠનના સભ્યોની બેઠકના ઉદ્‌ઘાટન સહિત અનેક મહત્ત્વપૂર્ણ ઘટનાઓના રિપોર્ટિંગ માટે વિશ્વના ૩૦થી વધારે દેશોનો પ્રવાસ ખેડી ચૂક્યા છે. હાલ તેઓ 'કોર્પોરેટ ટાયકૂન્સ' અને 'ધ ફ્લેગ પોસ્ટ'ના એક્ઝિક્યુટિવ એડિટર તરીકે ફરજ બજાવી રહ્યાં છે.**

ઇમેલ : *feedback@ashoktnex@gmail.com*

# નફાકારકતા, જીએસટી અમલીકરણનો પડકાર

**ગિરીશચંદ્ર પ્રસાદ**




*ભારતમાં ૧૭ કેન્દ્રીય અને રાજ્યના કરોના બદલે એક જ માલ અને સેવા કર (જીએસટી)નો અમલ અને કર માળખાની રીતે રાજ્યની સરહદો દૂર કરીને ૨.૩ ટ્રિલિયન ડૉલરનું એક જ બજાર બનાવવાથી ઉદ્યોગપતિઓ અને રોકાણકારો માટે વેપાર સરળ થઈ ગયો છે. પરંતુ માલ અને સેવાઓ પરનો કર બોજ દૂર થવાથી અને નવા પરોક્ષ કર માળખાથી થતા લાભ ગ્રાહકને પૂરા પાડવાની ખાતરી કરવી એ નીતિ ઘડનારાઓ માટે સૌથી મોટી ચિંતા છે. ઉદ્યોગપતિઓ અને વેપારીઓ ગ્રાહકોને જીએસટીના પગલે થનારા લાભ પૂરા પાડે તેની ખાતરી કરવા માટે સ્થાપવામાં આવેલા નફાખોરી વિરોધી તંત્ર અને વેપારીઓ તથા ગ્રાહકોમાં જાગૃતિના પગલાને ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. જીએસટી તરફ તેમના પરિવર્તન દરમિયાન મલેશિયા અને ઑસ્ટ્રેલિયા જેવા દેશોમાં નફાખોરીના અનેક કેસો નોંધાયા હતા. આ બાબતને ધ્યાનમાં રાખીને આ પગલાં લેવાયા છે.*

*અગાઉ પ્રવર્તતી જટિલ અને અસ્પષ્ટ કર વ્યવસ્થા કરતાં વિપરીત જીએસટી પારદર્શી છે અને માલ અથવા સેવાઓ પર વાસ્તવિક કર બોજા અંગે છેવટના ગ્રાહકો પણ જાણી શકે છે. આ કર વ્યવસ્થા એવી છબી ઉપસાવે છે કે નવી કર વ્યવસ્થાના અમલથી ભાવમાં વધારો થશે.*

ભારતમાં ૧૭ કેન્દ્રીય અને રાજ્યના કરોના બદલે એક જ માલ અને સેવા કર (જીએસટી)નો અમલ અને કર માળખાની રીતે રાજ્યની સરહદો દૂર કરીને ૨.૩ ટ્રિલિયન ડૉલરનું એક જ બજાર બનાવવાથી ઉદ્યોગપતિઓ અને રોકાણકારો માટે વેપાર સરળ થઈ ગયો છે. પરંતુ માલ અને સેવાઓ પરનો કર બોજ દૂર થવાથી અને નવા પરોક્ષ કર માળખાથી થતા લાભ ગ્રાહકને પૂરા પાડવાની ખાતરી કરવી એ નીતિ ઘડનારાઓ માટે સૌથી મોટી ચિંતા છે. ઉદ્યોગપતિઓ અને વેપારીઓ ગ્રાહકોને જીએસટીના પગલે થનારા લાભ પૂરા પાડે તેની ખાતરી કરવા માટે સ્થાપવામાં આવેલા નફાખોરી વિરોધી તંત્ર અને વેપારીઓ તથા ગ્રાહકોમાં જાગૃતિના પગલાને ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. જીએસટી તરફ તેમના પરિવર્તન દરમિયાન મલેશિયા અને ઑસ્ટ્રેલિયા જેવા દેશોમાં નફાખોરીના અનેક કેસો નોંધાયા હતા. આ બાબતને ધ્યાનમાં રાખીને આ પગલાં લેવાયા છે.

અગાઉ પ્રવર્તતી જટિલ અને અસ્પષ્ટ કર વ્યવસ્થા કરતાં વિપરીત જીએસટી પારદર્શી છે અને માલ અથવા સેવાઓ પર વાસ્તવિક કર બોજા અંગે છેવટના ગ્રાહકો પણ જાણી શકે છે. આ કર વ્યવસ્થા એવી છબી ઉપસાવે છે કે નવી કર વ્યવસ્થાના અમલથી ભાવમાં વધારો થશે.

અગાઉની વ્યવસ્થા હેઠળ ગ્રાહકો માત્ર રિટેલ સ્તર પર રાજયો દ્વારા વસૂલવામાં આવતો મૂલ્ય વર્ધિત કર (વેટ) અથવા કેન્દ્ર સરકાર દ્વારા વસૂલાતો સેવા કર જ જોઈ શકતા હતા, પરંતુ ઉત્પાદન અથવા પુરવઠાના અગાઉના તબક્કામાં ઉત્પાદન અથવા સેવા પર વસૂલવામાં આવેલા કર તેઓ જોઈ શકતા નહીં. ઉદાહરણ રૂપે ફેક્ટરીના ગેટ પર વસૂલવામાં આવતો આબકારી કર અથવા ફેક્ટરીમાં ઉપયોગમાં લેવાતા સાધનો પર ટેલિકોમ કંપની દ્વારા ચૂકવાતી ડ્યૂટી. સરકાર ઈચ્છે છે કે વેપારીઓ ગ્રાહકોને ગેરમાર્ગે દોરીને તથા ઊંચી કિંમત વસૂલીને વધતી પારદર્શિતામાં વધારાને પ્રદૂષિત ન કરે. જીએસટી ઉદ્યોગોને સપ્લાય ચેઇનમાં અગાઉના તબક્કામાં ચૂકવાયેલા કર માટે ક્રેડિટ મેળવીને તેમના ઉત્પાદનો અને સેવાઓ પર કર જવાબદારીનું અગાઉના કર માળખા કરતાં વધુ વળતર આપવા સક્ષમ બનાવે છે.

આમ, ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર તેમના ગ્રાહકોને આપવામાં આવતી સેવાઓ પર ચૂકવવામાં આવેલા

જીએસટીના ભાગરૂપે તેમના કારોબારમાં ઉપયોગમાં લેવાયેલા સાધનો પર ચૂકવાયેલા કર માટેની ક્રેડિટનો ઉપયોગ કરી શકે છે. આથી અગાઉની વ્યવસ્થા કરતાં ચોક્કસ જીએસટી રેટ થોડોક ઊંચો હોવા છતાં માલ અથવા સેવાઓ પર કરનો વાસ્તવિક બોજો ઘટે છે. નાણામંત્રી અરૂણ જેટલીએ ૧૧મી જૂને જણાવ્યું હતું કે તે જ દિવસે મળેલી જીએસટી કાઉન્સિલે અનેક વસ્તુઓ પરનો કરબોજ ઘટાડવા માટે થોડા વિશેષ પ્રયાસો કર્યા છે, જેના પર હકીકતમાં અગાઉની વ્યવસ્થા હેઠળ કરબોજ વધુ હતો. વપરાશની બદલાતી પદ્ધતિઓ અને આર્થિક વાસ્તવિકતાઓને ધ્યાનમાં લઈને આ પગલું લેવામાં આવ્યું હતું. કાઉન્સિલે તે દિવસે મે મહિનામાં શ્રીનગરમાં યોજાયેલી તેની બેઠકમાં નિશ્ચિત કરેલા સ્તરમાંથી ૬૬ ઉત્પાદનો પર જીએસટી દર ઘટાડ્યા હતા.

ઉદ્યોગપતિઓ અને વેપારીઓને ઘટાડેલા કરનો લાભ ગ્રાહકોને આપવાના બદલે પોતાની પાસે રાખતા અટકાવવા માટે નફાખોરી વિરોધી નિયમ સાથે જીએસટી રજૂ કરવાનો વિચાર સરકારે કર્યો છે. ઉદ્યોગપતિઓ અને વેપારીઓની નફાખોરી આજની સરકારના ઉદ્દેશથી વિરુદ્ધ છે.

સેન્ટ્રલ જીએસટી ઍક્ટમાં સ્પષ્ટ કરાયું છે કે, 'કોઈપણ માલ અથવા સેવાના પુરવઠા પર કરના દરમાં કોઈપણ ઘટાડા અથવા ઈનપુટ ટૅક્સ ક્રેડિટનો લાભ છેવટના ગ્રાહક દ્વારા ચૂકવાતા ભાવમાં ઘટાડા સ્વરૂપે તેમને મળવો જોઈએ.'

સચિવ સ્તરના અધિકારીના અધ્યક્ષપદે સૂચિત નફાખોરી વિરોધી તંત્ર વિગતવાર તપાસ માટે કેન્દ્રીય આબકારી અને જકાત બોર્ડ (સીબીઈસી) હેઠળની સંસ્થા ડિરેક્ટર-જનરલ ઓફ સેફગાર્ડ્સને નફાખોરીના શંકાસ્પદ કેસો સોંપી આ જોગવાઈના અમલની ખાતરી કરશે.

આ વ્યવસ્થા તંત્ર માલ અથવા સેવાના પુરવઠાકારને ભાવમાં ઘટાડો કરવા અથવા જીએસટી તંત્ર હેઠળ ઘટેલા કરબોજ દ્વારા મેળવેલા લાભ જેટલી રકમનું વળતર છેવટના ગ્રાહકને ચૂકવવાનો આદેશ આપી શકે છે. નફાખોરી માટે જો કોઈ ઉદ્યોગ અથવા વેપારી દોષિત ઠરશે તો તેણે ગ્રાહકો સુધી નહીં પહોંચાડેલા કર ઘટાડાના પ્રમાણ પર ૧૮ ટકા વ્યાજ ચૂકવવાનું રહેશે. ઘટાડેલા કર બોજનો લાભ ગ્રાહક ન ઉઠાવે તો વ્યવસ્થાતંત્ર સપ્લાયર પાસેથી તે વસૂલી શકે છે. નફાખોરી બદલ ઉદ્યોગ અથવા વેપારીને દંડ થઈ શકે છે અને તેનું રજિસ્ટ્રેશન પણ મુશ્કેલીમાં મુકાઈ શકે છે.

આ જોગવાઈ આકરી લાગી શકે છે ત્યારે સરકારનો આશય અસરકારક કડકાઈ દાખવવાનો અને મુક્ત બજાર અર્થતંત્રમાં ભાવના માઈક્રોમેનેજમેન્ટમાં પડ્યા વિના કોઈ ઉદ્યોગ અથવા ઉત્પાદન પર વ્યાપક સ્તર પર નફાખોરી કરવામાં આવે તો જ આ જોગવાઈનો ઉપયોગ કરવાનો છે. નફાખોરી વિરોધી જોગવાઈ માત્ર નવા પરોક્ષ કર વ્યવસ્થાતંત્રમાં તબદીલીના સમય દરમિયાન જ અમલી બની રહેશે.

અત્યાર સુધી તો જીએસટી વ્યવસ્થાતંત્રમાં તબદીલી સરળ બની રહી છે અને ઉદ્યોગો ઝડપથી તેમને મળી રહેલાં કરનો લાભ ગ્રાહકોને આપી રહ્યા છે. કેટલાકે તો વળી રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદના સેન્ટ્રલ હોલમાંથી જીએસટી શરૂ થયાની જાહેરાત કરી તે સમયે એટલે કે ૧લી જુલાઈને મધ્યરાત્રિએથી જ ભાવ ઘટાડીને ગ્રાહકોને લાભ આપવાનું શરૂ કર્યું હતું. સપ્તાહના અંતે શનિવારની મધ્યરાત્રિએ જીએસટીનો અમલ શરૂ થયો ત્યારે એપલે ભારતમાં તેના ગ્રાહકો માટે આઈફોન્સ, આઈપેડ્સ, મેક્સ અને એપલ વૉચના રીટેલ ભાવમાં ઘટાડો કર્યો હતો જ્યારે ખૂબ જ ઝડપથી કામ કરતાં કન્ઝ્યુમર ગૂડ્સ કંપની હિન્દુસ્તાન યુનિલિવર લિ.એ તેના કેટલાક ડિટરજન્ટ્સ અને સાબુઓના ભાવમાં ઘટાડો કર્યો હતો. ટુ-વ્હિલર ઉત્પાદક હીરો મોટર કોર્પ લિ.એ તેના મોડેલ્સના ભાવમાં રૂ. ૪૦૦થી લઈને રૂ. ૧,૮૦૦ સુધીનો ઘટાડો કર્યો છે.

માલ અને સેવાઓ પર કર બોજમાં ઘટાડાના લાભની સાથે ગ્રાહકો માટે એ હકીકતને પણ ધ્યાનમાં રાખવી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કે વ્યક્તિની આવક રળવાની ક્ષમતા પર આધારિત આવકવેરા કર કરતાં વિપરીત આ પરોક્ષ કર ધનિક અને ગરીબ બંને પર સમાન રીતે લાગુ પડે છે. આવકવેરામાં વ્યક્તિની આવકમાં જેમ વધારો થાય છે તેમ તેના કરમાં પણ વધારો થાય છે.

નફાખોરી વિરોધી જોગવાઈ પર કાઉન્સિલે વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે, કારણ કે સરકાર ઈચ્છે છે કે કરબોજમાં ઘટાડાના પગલે માલ અને સેવાઓના ભાવમાં ઘટાડો થાય, જેનાથી છૂટક ફુગાવાનો દર હળવો થશે, જેથી અર્થતંત્રમાં માગ વધારવામાં અને કરની તારક્તામાં વધારો થશે. કર આવકમાં વધારાથી કેન્દ્ર અને રાજ્ય સરકારો સમાજ કલ્યાણ અને

માળખાગત સુવિધાઓ પર વધુ ખર્ચ કરી શકશે. વધુમાં સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે બજારમાં સ્પર્ધા એ બાબતની ખાતરી કરશે કે ઉદ્યોગો બજારમાં તેમનો હિસ્સો ઘટાડવા માગતા ન હોવાથી ગ્રાહકોને તેનો સીધો મળશે.

જીએસટીથી ગરીબો મુશ્કેલીમાં ન મુકાય તેની ખાતરી કરવા માટે જીએસટી કાઉન્સિલે નાણામંત્રી અરૂણ જેટલીના અધ્યક્ષપદે ફેડરલ ઈનડાયરેક્ટ ટેક્સ બોડીએ બધાં જ ઉત્પાદનો અને સેવાઓ પર એક જ દરના જીએસટીના આદર્શ કન્સેપ્ટમાં થોડો ફેરફાર કર્યો છે અને ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા એમ ચાર અલગ અલગ સ્લેબ બનાવ્યા છે. આમ, ગરીબો દ્વારા ઉપયોગમાં લેવાતી વસ્તુઓનો નીચા સ્લેબમાં સમાવેશ કરાયો છે જ્યારે ધનિકો દ્વારા વપરાતી લક્ઝરી વસ્તુઓને ઊંચા સ્લેબમાં ઉમેરવામાં આવી છે. જીએસટી દરો માલ અને સેવાઓ પર હાલ લાગતા કરની નજીક વર્તમાન કિંમતોના આધારે નિશ્ચિત કરવામાં આવ્યા છે. કાપડ જેવા કેટલાક ઉદ્યોગો દ્વારા તેમને જીએસટીમાંથી બાકાત રાખવાની માગણી કરવામાં આવે છે ત્યારે આ પ્રકારના પગલાંથી જે-તે ઉદ્યોગોને તેમ કરવામાંથી ઉલટાનું વધુ નુકસાન થઈ શકે છે. જો કોઈ વસ્તુને જીએસટીમાંથી બાકાત રાખવામાં આવે તો વિક્રેતા ઉત્પાદનના અગાઉના તબક્કામાં કાચા માલ પર ચૂકવાયેલા કર માટે ક્રેડિટ માગી શકશે નહીં. આ કર વસ્તુના ભાવમાં જ જોડાયેલો હશે.

આ સિવાય કેટલાક ઉદ્યોગો ચોક્કસ સેવાઓ પર કરબોજમાં વધારાની સંભાવનાઓ અંગે ચિંતિત છે. જીએસટી કાઉન્સિલે વૈશ્વિક પ્રણાલીને અનુરૂપ જ માલ પર કર લગાવ્યા છે. ઉદાહરણરૂપે જોઈએ તો ટેલિકોમ સેવાઓ પર જીએસટીના દર ૧૮ ટકા છે, જે અગાઉના સર્વિસ ટેક્સ દર મુજબ ૧૫ ટકા હતો. આથી, ટેલિકોમ સર્વિસ ઉદ્યોગને ભય છે કે તેનાથી ટેલિફોનના બિલ્સમાં વધારો થશે. સરકારે ૨૯મી મેના રોજ સ્પષ્ટ કર્યું હતું કે ટેલિકોમ કંપનીઓએ સ્પેક્ટ્રમની ચૂકવણી પર અગાઉ ચૂકવેલા સર્વિસ ટેક્સ અને ઈક્વિપમેન્ટ પર ચૂકવેલી આયાત જકાત માટે કર ક્રેડિટ ઉપલબ્ધ હશે. આથી ટેલિકોમ કંપનીઓને ટેક્સના દરમાં વધારા સામે ઘણું વળતર મળી જશે. 'આ બધી જ ટેક્સ ક્રેડિટ્સ જીએસટીની ચૂકવણી માટે ટેલિકોમ કંપનીઓ પરની જવાબદારીમાં ઘટાડો કરશે, જે છેલ્લા નાણાકીય વર્ષમાં તેમણે ચૂકવેલા કરના ૮૭ ટકા જેટલી રોકડ થશે,' તેમ સરકારે ખુલાસો કરતાં જણાવ્યું હતું. બીજી બાજુ કંપનીઓ જીએસટીના કારણે ટેલિકોમ સેવાઓના પુરવઠાના ખર્ચ પર વધારાના સંદર્ભમાં જીએસટીની રજૂઆત બાદ સૌપ્રથમ બીલિંગ સાઈકલ પૂરી થવાની રાહ હોઈ રહી છે.

કેરળના નાણામંત્રી થોમસ ઈસાક અને જમ્મુ અને કાશ્મીરના નાણામંત્રી હસીબ દરાબુએ જીએસટી કાઉન્સિલે માલ અને સેવાઓ પર કરના દરો નિશ્ચિત કર્યા બાદ ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આ કર સુધારાના અમલ સંબંધિત સૌથી મહત્ત્વની બાબત એ છે કે શું કરમાં કાપનો આ લાભ છેવટના ગ્રાહક સુધી પહોંચશે ખરો? વેપારીઓ દ્વારા અપનાવાતી નફાખોરીની રીતના કારણે તેમની આ ચિંતા ખૂબ જ વ્યાજબી પણ છે. જોકે આ સરકારે ઉદ્યોગો અને વેપારીઓ દ્વારા થતી નફાખોરી અટકાવવા પર પૂરતું ધ્યાન આપ્યું છે.

મહેસૂલ સચિવ હસમુખ અઢિયાએ તે સમયે ખાતરી આપી હતી કે નફાખોરી વિરોધી સંસ્થા ઍન્ટિ પ્રોફિટરિંગ બોડી જીએસટીના દર નિશ્ચિત થશે તે દિવસથી જ ભાવના સંદર્ભમાં ઉદ્યોગોની વર્તણૂક પર નજર રાખશે. જોકે, આ જોગવાઈનો અમલ માત્ર ઉદ્યોગોમાં વ્યાપક સ્તર પર અને મોટાપાયે નફાખોરી જોવા મળતી હશે તો જ થશે. માલ અને સેવાઓના ભાવમાં સામાન્ય ફેરફારના કિસ્સાઓને વિશેષ મહત્ત્વ આપવામાં આવશે નહીં. જીએસટી કાઉન્સિલ અને પરિવર્તનના આ સમયમાં કર વ્યવસ્થતાતંત્રે ઉદ્યોગોને નવા તંત્રમાં સ્થિર થવા પર અને તેમને સ્થાયી થવામાં મદદરૂપ થવા પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. આ સમયમાં સામાન્ય ખામીઓને ઉદારતાપૂર્વક જોવામાં આવશે. જોકે, ઉદ્યોગોએ સરકારને કરમાળખામાં ફેરફારના આ સમયમાં સરકારને સાથ આપવો જોઈએ અને જીએસટીથી તેમને થનારો લાભ ગ્રાહકો સુધી પહોંચાડવો જોઈએ. કારણ કે નવી કર વ્યવસ્થાથી છેવટે તો દેશને જ લાભ થવાનો છે.

**લેખક ૧૭ વર્ષોનો અનુભવ ધરાવતાં નવી દિલ્હી સ્થિત સિનિયર પત્રકાર છે.**

ઈમેલ:
**gureeshchandraprasad@gmail.com**

# જીએસટીએનઃ ભારતના સૌથી ક્રાંતિકારી કર માળખાના સુધારા પાછળનું ટેક્નોલોજીકલ બળ

પ્રકાશ કુમાર

*ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ નેટવર્ક અથવા જીએસટીએનને જીએસટીનો આઈટી આધારસ્તંભ તરીકે સ્વીકારવામાં આવ્યો છે – એક એવી સંસ્થા જે નવી વ્યવસ્થા માટે આઈટી માળખાને તેના યોગ્ય સ્થાને ગોઠવશે અને પ્રવર્તમાન બહુવિધ વ્યવસ્થામાંથી એક વ્યવસ્થા ઉપર કરદાતાઓનું સ્થળાંતર કરવા સુવિધા પૂરી પાડશે. બિન-સરકારી, બિન-નફાકીય કંપની તરીકે સ્પેશિયલ પર્પઝ વ્હિકલનું સર્જન કરવા ભારત સરકાર અને રાજ્ય સરકારો એકસાથે આવી છે, જેમાં કેન્દ્ર ૨૪.૫ ટકા અને તમામ રાજ્યો સંયુક્ત રીતે ૨૪.૫ ટકા હિસ્સો ધરાવે છે. જ્યારે બાકીનો હિસ્સો પાંચ ખાનગી નાણાકીય સંસ્થાઓ ધરાવે છે. આ માળખું વ્યૂહાત્મક નિયંત્રણ સરકાર હસ્તક રહે તે બાબત સુનિશ્ચિત કરીને ખાનગી ક્ષેત્રની લવચિકતા ઉપલબ્ધ કરાવે છે.*

૧લી જુલાઈ, ૨૦૧૭ના દિવસે ભારતે માલ અને સેવા કર (જીએસટી)ના સ્વરૂપમાં અત્યાર સુધીનો સૌથી ક્રાંતિકારી કર સુધારો રજૂ કર્યો. આ કર સુધારો સમગ્ર દેશને માત્ર એક બજારમાં સુગ્રથિત કરીને બજારમાં નવું જોમ દાખલ કરવાનું વચન પૂરું પાડે છે. આઝાદી બાદ બહારની દુનિયા માટે પોતાના અર્થતંત્રને ખુલ્લું કર્યાની ઘટનાના છવીસ વર્ષો બાદ ભારતે હવે વધુ એક નોંધપાત્ર આર્થિક સુધારાની શરૂઆત કરી છે, જે ઉદારીકરણને નવી ઊંચાઈ ઉપર લઈ જવા અને વિકાસના ફાયદાઓ વધુ સુદૃઢ બનાવવાનું લક્ષ્યાંક ધરાવે છે.

દેશના અર્થતંત્રમાં રજૂ કરાયેલો નવો માલ અને સેવા કર કેન્દ્ર અને રાજ્યોના વિવિધ પ્રકારના ૧૭ કરવેરા અને સેસના જુદા-જુદા ૨૨ પ્રકારોને એક જ કરમાળખાની અંદર સમાવિષ્ટ કરે છે. જીએસટીનું આ નવું કરમાળખું બહુવિધ કરવેરાની જટિલતાને દૂર કરે છે, કરવેરાને એકસૂત્રતા બક્ષે છે અને આ રીતે પરોક્ષ કરવેરા ક્ષેત્રે નોંધપાત્ર પ્રમાણમાં સરળીકરણ પ્રાપ્ત કરી શકાય છે. આ પહેલા સમગ્ર દેશના ચોત્રિસ રાજ્યોના વેટ ૩૧૭ અનુસૂચિઓ અને ૨૮ બાંયધરીઓ સાથે ૯૭ જુદા-જુદા પ્રકારના રિટર્ન ધરાવતા હતા. આજ રીતે કેન્દ્રિય એક્સાઈઝ એક બાંયધરી સહિત ૧૩ રિટર્ન ફોર્મ ધરાવતા હતા. એટલું જ નહીં તેના માટે વાપરવામાં આવતા ચલનના પણ જુદા-જુદા બાર પ્રકારો હતો. આ તમામ ફોર્મ અને ચલનોને માત્ર બાર ફોર્મ અને એક ચલન દ્વારા બદલી કાઢવામાં આવ્યાં છે અને તે પણ સમગ્ર દેશમાં એક સમાન છે. હવે જીએસટી કરવેરાની ચૂકવણી અને રિટર્નની ફાઈલિંગની પ્રક્રિયા માત્ર સરળ જ નથી બનાવતું પરંતુ તે કાયદાના પાલનનો ભાર હળવો કરવાનું અને વેપાર કરવાની સરળતામાં ધરમૂળથી સુધારો કરવાનું વચન પૂરું પાડે છે.

જીએસટી ૮૦ લાખ કરદાતાઓના ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી)ના ક્રેડિટનું અનુમાન કરે છે. માસિક રિટર્ન ફાઈલ કર્યા બાદ દસ દિવસોની અંદર તેની ઉપર પ્રક્રિયા કરવામાં આવશે જેમાં ૨.૬થી ૩.૦ અબજ વેપારથી વેપાર (બિઝનેસ ટુ બિઝનેસ) ઈનવોઈસ ડેટાનો સમાવેશ થવાની ધારણાં છે. મજબૂત આઈટી માળખા વગર આ પ્રકારનું સાહસિક પગલું શક્ય નથી. આ બાબત ધ્યાનમાં રાખતાં તે કહેવામાં કશું ખોટું નથી કે આઈટીના

મજબૂત પીઠબળ વગર જીએસટી અધૂરો છે. આઈટીનો આ આધાર-સ્તંભ અત્યંત અદ્યતન ટેક્નોલૉજિકલ માળખું - જીએસટી પોર્ટલ અને આઈટી પ્લેટફોર્મનો સમાવેશ કરતી જીએસટી સિસ્ટમના સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યો છે. ટેક્નોલોજીના નવા કર માળખાના કારણે જ જીએસટીનો સમયસર પ્રારંભ શક્ય બન્યો છે. જીએસટીએન દ્વારા સફળતાપૂર્વક સામાન્ય જીએસટી પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે જે તમામ વ્યવસાયો, કરદાતાઓ અને પ્રત્યક્ષ કર વ્યવસ્થામાં સમાવિષ્ટ અન્ય હિતધારકો માટે એકિકૃત કેન્દ્ર તરીકે કામ કરે છે. જે સમયે આ લેખ લખવામાં આવી રહ્યો છે ત્યાં સુધીમાં ૬૯ લાખ જેટલા પ્રવર્તમાન કરદાતાઓ જીએસટીએન પોર્ટલ ઉપર નામાંકન કરાવીને નવી જીએસટી વ્યવસ્થામાં સ્થળાંતરિત થઇ ચૂક્યાં છે. ૨૫મી જૂન, ૨૦૧૭ના રોજ નવા વ્યવસાયોની નોંધણી કરવા માટે પણ ખુલ્લું મુકાયું હતું જે પ્રથમ વખત માટે કર વ્યવસ્થામાં પ્રવેશ કરશે. પાંચ લાખથી વધુ એકમોએ પહેલેથી નવી નોંધણી માટે અરજી કરી દીધી છે જેમાંથી ત્રણ લાખથી વધારે એકમોની નોંધણી અત્યાર સુધી મંજૂર કરી દેવામાં આવી છે.

**જીએસટીએનઃ જીએસટીને શક્ય બનાવનાર**

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ નેટવર્ક અથવા જીએસટીએનને જીએસટીનો આઈટી આધારસ્તંભ તરીકે સ્વીકારવામાં આવ્યો છે — એક એવી સંસ્થા જે નવી વ્યવસ્થા માટે આઈટી માળખાને તેના યોગ્ય સ્થાને ગોઠવશે અને પ્રવર્તમાન બહુવિધ વ્યવસ્થામાંથી એક વ્યવસ્થા ઉપર કરદાતાઓનું સ્થળાંતર કરવા સુવિધા પૂરી પાડશે. બિન-સરકારી, બિન-નફાકીય કંપની તરીકે સ્પેશિયલ પર્પઝ વ્હિકલનું સર્જન કરવા ભારત સરકાર અને રાજ્ય સરકારો એકસાથે આવી છે, જેમાં કેન્દ્ર ૨૪.૫ ટકા અને તમામ રાજ્યો સંયુક્ત રીતે ૨૪.૫ ટકા હિસ્સો ધરાવે છે. જ્યારે બાકીનો હિસ્સો પાંચ ખાનગી નાણાકીય સંસ્થાઓ ધરાવે છે. આ માળખું વ્યૂહાત્મક નિયંત્રણ સરકાર હસ્તક રહે તે બાબત સુનિશ્ચિત કરીને ખાનગી ક્ષેત્રની લવચિકતા ઉપલબ્ધ કરાવે છે.

કોઇ પણ પ્રકારની ભૂલ કર્યા વગર વહીવટીતંત્રના જુદા-જુદા તબક્કે કરવેરા વ્યવસ્થાની ગંજાવર સંખ્યાનું એક જ વ્યવસ્થામાં એકિકરણ કરવું સરળ કાર્ય નથી. જીએસટી સિસ્ટમ પ્રોજેક્ટ એક વિશિષ્ટ અને જટિલ આઈટી પહેલ છે. તે વિશિષ્ટ એટલા માટે છે કારણ કે તે પ્રથમ વખત કરદાતાઓ માટે વિશિષ્ટ અને કેન્દ્ર અને રાજ્યોની વચ્ચે સમાન્ય અને પરસ્પર વહેચાયેલું આઈટી માળખાની સ્થાપના કરે છે. પરિપક્વતાના જુદા-જુદા તબક્કે રહેલી ૩૬ જુદી-જુદી વ્યવસ્થાઓનું એકીકરણ અત્યંત જટિલ કામગીરી બની રહે છે. જીએસટી સ્થાન આધારિત કર હોવા ઉપરાંત માલ અને સેવાઓનું (આઇજીએસટી)ના આંતર-રાજ્ય વેપાર માટે રાજ્યો અને કેન્દ્રોની વચ્ચે મજબૂત સેટલમેન્ટ વ્યવસ્થાતંત્રની જરૂર પડે છે. આ માત્ર ત્યારે જ શક્ય છે જ્યારે મજબૂત આઈટી માળખા અને સેવા આધાર-સ્તંભ અસ્તિત્વમાં હોય, જે કરદાતાઓ, રાજ્યો અને કેન્દ્ર સરકારો, એકાઉન્ટિંગ ઓફિસ, બેન્કો અને આરબીઆઇ સહિતના હિતધારકો વચ્ચે માહિતીની પ્રાપ્તિ, પ્રક્રિયા અને તેનું આદાન-પ્રદાન શક્ય બનાવે.

સામાન્ય જીએસટી પોર્ટલનું આયોજન, વ્યૂહાત્મક રચના, અમલીકરણ અને વિકસાવવા માટે જીએસટીએનું છેલ્લા કેટલાક વર્ષોથી અથાકપણે કામગીરી કરી છે જે સમગ્ર જીએસટી આઈટી ઈકો-સિસ્ટમના મુખ્ય પ્રોગ્રામ તરીકે કાર્ય કરે છે. એપ્લિકેશન સૉફ્ટવેર વિકસાવવા માટે, જીએસટીએન દ્વારા તેના મેનેજડ સર્વિસ પ્રોવાઇડર (એમએસપી) તરીકે આગામી પાંચ વર્ષ માટે ઈન્ફોસિસ સાથે ભાગીદારી કરવામાં આવી છે.

સામાન્ય જીએસટી પોર્ટલ દેશના કોઇપણ ભાગમાંથી તમામ કરદાતાઓ માટે એકમાત્ર ઈન્ટરફેસ છે. માત્ર તે કિસ્સામાં જ્યારે કરદાતાની તપાસ અથવા ઓડિટ માટે પસંદગી કરવામાં આવે ત્યારે જ તેને સંબંધિત કર સત્તામંડળ સાથે કામગીરી કરવાની રહેશે. આશરે ૯૫ ટકાની આસપાસ અન્ય તમામ કિસ્સાઓમાં કરદાતાઓ માટે સામાન્ય જીએસટી પોર્ટલ એકમાત્ર ઈન્ટરફેસ ગણાશે.

**તે કેવી રીતે કામગીરી કરે છે**

જીએસટીએન તમામ પરોક્ષ કર હિતધારકો માટે એકિકૃત સ્થાન તરીકે કાર્ય કરવા નિર્ધારિત કરવામાં આવ્યું છે. તે સામાન્ય નોંધણી, નિધારિત બેન્કો દ્વારા ચૂકવણી માટે ચલણનું સર્જન અને રિટર્ન

બનાવવા માટે વ્યવસાયથી વ્યવસાય ઈનવોઈસ ડેટા અપલોડ કરવા જેવી સેવાઓ પૂરી પાડે છે. જીએસટીએનને ૨૭ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મૂલ્યાંકન, અપીલ, અમલીકરણ વગેરે જેવી ગૌણ એકમ તરીકે સેવાઓ પૂરી પાડવા માટે પણ જણાવવામાં આવ્યું છે. વેટ, સર્વિસ ટેક્સ, સેન્ટ્રલ એક્સાઈઝ અને જીએસટીમાં સમાવિષ્ટ થનારા અન્ય કરવેરાઓ હેઠળ નોંધાયેલા કરદાતાઓનો સમાવેશ કરવા માટે જીએસટીએન દ્વારા ૮મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ નોંધણી પ્રક્રિયાની શરૂઆત કરવામાં આવી હતી. તે સમયથી જનરલ પોર્ટલ કાર્યન્વિત બની ગયુ છે, જે તમામ કરદાતાઓ માટે એક ઈન્ટરફેસ પૂરું પાડી રહ્યું છે. પ્રાપ્ત થયેલી અરજીઓમાં માહિતીની ખરાઈ હાથ ધરીને તેની સંપૂર્ણતા તપાસવામાં આવે છે, જેમાં પાનની ખરાઈ સીબીડીટી સાથે, આધારની ખાત્રી યુઆઈડીએઆઈ સાથે અને એમસીએ સાથે ડીઆઈએન-સીઆઈએની ખરાઈ કરવામાં આવે છે.

તમામ પ્રકારોના ટેક્સ માટે એક ચલણનો ઉપયોગ કરીને કરવેરાની ચૂકવણીની પણ શરૂઆત થઈ ગઈ છે જેને જીએસટી પોર્ટલ ઉપર તૈયાર કરવામાં આવ્યું છે. એક વખત જયારે જીએસટીઆઈએન, કરદાતાનું નામ જુદા-જુદા કર મથાળા અને પેટા-મથાળા હેઠળ રકમ દાખલ કરીને ચલણ બનાવવામાં આવે તેની સાથે કરદાતા કર ચૂકવવા માટે બે વિકલ્પો ધરાવે છે. તે ૨૫ અધિકૃત બેન્કોમાંથી કોઈ એક બેન્કની નેટ-બેન્કિંગ સુવિધાનો ઉપયોગ કરી શકે છે અથવા તો તે ચલનની પ્રિન્ટ કાઢીને તેની ચૂકવણી કરવા માટે અધિકૃત કરાયેલી બેન્કના કાઉન્ટર ઉપર (ઓટીસી) જઇ શકે છે. ઓટીસી ચૂકવણી પ્રતિ કરદાતા દીઠ દર મહિને રૂ.૧૦,૦૦૦ સુધી હોઇ શકે છે. જીએસટી પોર્ટલ ઉપર ચલણ બનાવ્યાં બાદ કરદાતા કરની ચૂકવણી કરવા માટે ભારતમાં કાર્યરત કોઇપણ બેન્કમાંથી એનઇએફટી-આરટીજીએસનો પણ ઉપયોગ કરી શકે છે. દિવસના અંતે જીએસટી પોર્ટલ બેન્ક પાસેથી તેને પ્રાપ્ત થયેલી તમામ ચૂકવણીની પ્રાપ્તિની ટૂંકી યાદી તૈયાર કરે છે અને તેના હિસાબની મેળવણી કરવા માટે એકાઉન્ટ સત્તામંડળોને તેની માહિતી પૂરી પાડે છે. એકાઉન્ટ સત્તામંડળો આરબીઆઇ પાસેથી ચૂકવણીની વિગતો પ્રાપ્ત કરે છે જે તેના બદલામાં બેન્ક પાસેથી દૈનિક ધોરણે તેને પ્રાપ્ત કરે છે. બેન્ક તરફથી પ્રાપ્ત થયેલી ચૂકવણીની ખાતરી કોઇ જવાબદારીની સામે ઉપયોગ કરવા માટે કરદાતાના રોકડ પત્રકમાં જોવા મળે છે.

**કાયદાનું પાલન સરળ બનાવવું**

કરવેરા ભરવા તે કરદાતાની ફરજ છે, પરંતુ વેરા ભરવા માટે ઈકો-સિસ્ટમ સરળ, સુવિધાજનક અને તેના અનુપાલનનો સમય ઘટાડવો તેની જવાબદારી કર સત્તામંડળ ઉપર રહેલી છે. કર સુધારા પાછળનો વિચાર કરદાતાઓ માટે કાયદાનું પાલન સરળ અને સુવિધાજનક બનાવવાનો છે. જીએસટીએન ખાતે અમે શ્રેણીબદ્ધ સેવાઓ અને ટેક્નોલોજિકલ સાધનોનું નિર્માણ છેવાડાના સામાન્ય વર્ગ માટે કરવેરાની ચૂકવણી અને તેનું રિટર્નનું ફાઈલિંગ સુવિધાજનક બને તે બાબત સુનિશ્ચિત કરવા માટે કર્યુ છે.

જીએસટી વ્યવસ્થામાં, તમામ સામાન્ય અને છૂટક કરદાતાઓ દર મહિનાની જાવક પુરવઠા વિગતો જીએસટીઆર૧ સ્વરૂપમાં ત્યારપછીના મહિનાની ૧૦મી સુધી પૂરી પાડવાની ધારણાં છે. આ પ્રયત્નના ભાગરૂપે જીએસટીએને ઓફલાઇન ટૂલ અને સરળ એક્સલ આધારિત નમૂનાની રચના કરી છે જે કરદાતાઓને વધુમાં વધુ આસાની અને ઓછામાં ઓછા ખર્ચ સાથે તેમનું માસિક રિટર્ન તૈયાર કરવા અને ફાઇલ કરવાની સુવિધા પૂરી પાડશે.

એક્સલ વર્કબુકનો નમૂનો જીએસટી સામાન્ય પોર્ટલ (www.gst.gov.in) ઉપરથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકાય છે અને નિયમિત ધોરણે તમામ ઈનવોઇસ સંબંધિત માહિતીનો વિગતવાર ગણતરી કરવા કરદાતાઓ દ્વારા ઉપયોગ કરી શકાય છે. એક્સલ શિટનો ડેટા ત્યારબાદ ઓફલાઇન ટૂલ દ્વારા ઉપયોગ કરી શકાય છે જે એક્સલ શિટમાંથી માહિતી પ્રાપ્ત કરવા સક્ષમ છે અને જેએસઓએન ફાઇલ બનાવશે જેને ઈન્ટરનેટ સાથે જોડ્યા બાદ જીએસટી પોર્ટલ ઉપર અપલોડ કરવાની રહેશે. માત્ર આ જ સમયે કરદાતાને ઈન્ટરનેટ જોડાણની જરૂરિયાત રહેશે.

માત્ર વપરાશકર્તાઓને જ વેચાણ કરતાં નાના કરદાતાઓ વેપારથી વેપાર ઈનવોઇસ ધરાવતા હશે નહીં અને આથી તેમનું રિટર્ન પાંચ ટેક્સ રેટ દર્શાવતું પાંચ લીટીમાં હશે. આ જ રીતે રૂ.૭૫ લાખ

અને તેથી નીચે ટર્નઓવર ધરાવતાં કરદાતાઓ સંયુક્ત વિકલ્પની પસંદગી આપવામાં આવી છે જે હેઠળ તેમને ત્રણ મહિનામાં એક વખત રિટર્ન ફાઇલ કરવાની જરૂરિયાત રહે છે અને તે રિટર્ન પણ ખૂબ જ સરળ છે.

અમારો હેતુ રિટર્નની તૈયારી આસાન અને સરળ બનાવવાનો છે. વિવિધ મથાળાઓ અંતર્ગત તેમની માહિતી જાળવી રાખવા માટે વેપારીઓ દ્વારા એક્સલ ફોર્મેટનો ઉપયોગ કરી શકાય છે. કરદાતાઓ તેમના જાવક પુરવઠાની વિગતો અઠવાડિક અથવા અન્ય કોઇ અનુકૂળ સમયાંતરે તૈયાર કરી શકે છે જેને બાદમાં જીએસટી પોર્ટલ ઉપર અપલોડ કરી શકાય છે. આ ટૂલ એક જ વખતમાં ૫ એમબીની ફાઇલ બનાવવા એક્સલ શિટમાંથી ૧૯,૦૦૦ લાઇનો પ્રાપ્ત કરી શકે છે. જો જરૂર પડે તો જીએસટીઆર-૧નું સર્જન કરવા માટે ડેટા અપલોડ કરવા આ ટૂલનો ઉપયોગ એક કરતાં વધારે વખત કરી શકાય છે. આ રીતે વેપારથી વેપાર વેચાણમાં સંકળાયેલા મોટાભાગના મધ્યમ-કદના કરદાતાઓ રિટર્ન તૈયાર કરી શકે છે અને તેને ફાઇલ કરી શકે છે. જીએસટીઆર૧ એક્સલ વર્કબૂકનો નમૂનો ઓફલાઇન મોડમાં ઇન્ટરનેટ સાથે જોડાણ કર્યા વગર જીએસટીઆર ૧ રિટર્ન તૈયાર કરવા માટે ઉપયોગ કરી શકાય છે. જ્યાં ઇન્ટરનેટનું જોડાણ વધારે સારું ન હોય તેવા દૂરના અંતરિયાળ વિસ્તારોમાં પણ આ બાબત કરદાતાઓને ફાયદારૂપ બની શકે છે.

### વેપાર કરવાની સરળતામાં વધારો કરવો

'વેપાર કરવાની સરળતા'નો માપદંડ અર્થતંત્રના ખુલ્લાપણા અને વેપારની યોગ્યતાનો ચાવીરૂપ માપદંડ છે. કમનસીબે આ ગણતરીમાં વૈશ્વિક અર્થંત્રમાં ભારત ખૂબ જ પાછળ છે. વિશ્વ બેન્કનો 'વેપાર કરવાની સરળતા'નો અહેવાલ ઉદ્યોગ સાહસિકે વેપાર નાંખવામાં અને તે ચલાવવામાં પોતાની સફરમાં જે સરળતા અથવા મુશ્કેલીનો સામનો કરવો પડે છે તે શ્રેણીબદ્ધ નિર્દેશકો ધ્યાનમાં લે છે. અહી તારવવામાં આવેલો એક મહત્ત્વપૂર્ણ સૂચકાંક કરવેરા ચૂકવવાની સરળતાનો છે.

જીએસટીએનનો હેતુ માત્ર કાયદાના પાલનની કામગીરી માત્ર સરળ બનાવવાનો નથી પરંતુ કરવેરા ચૂકવવાની પ્રક્રિયા આસાન અને સુવિધાજનક બનાવવાનો પણ છે. માત્ર આ સૂચકમાં સુધારો કરવાથી આપણે વેપાર કરવાની સરળતાના માપદંડના વૈશ્વિક ધોરણ ઉપર ભારતનું સ્થાન નોંધપાત્ર રીતે સુધારી શકીએ છીએ. મોબાઇલ સિસ્ટમ માટે પણ સરળ અને સુસસંગત સ્વયં-વપરાશ કરી શકાય તે રીતે રચાયેલું આ ઇન્ટરફેસ વેપાર અને ઉદ્યોગ સાહસોને વધારે શક્તિશાળી બનાવવામાં અને તેમના કરવેરા ચૂકવવાની પ્રક્રિયા આસાન બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે.

જીએસટીએન દ્વારા સંચાલિત જીએસટીના સફળતાપૂર્વક અમલીકરણ સાથે ભારત વેપાર કરવામાં સરળતાના માપદંડમાં વ્યાપક સુધારો કરવાની અપેક્ષા રાખી રહ્યું છે. જીએસટીના અમલીકરણથી વેપારમાં તેજી અને અર્થતંત્રની વિકાસગાથાને નવું બળ મેળવવાની ધારણાં સેવાઇ રહી છે.

**લેખક ગુડ્સ એન્ડ સર્વિસ નેટવર્ક (જીએસટીએન)ના સીઇઓ છે. આ અગાઉ તેમણે માઇક્રોસોફ્ટ ઇન્ડિયા ખાતે નેશનલ ટેક્નોલોજી ઓફિસર તરીકે કામગીરી કરી હતી. ઉપરાંત તેઓ સિસ્કો ઇન્ડિયાના ઇન્ટરનેટ બિઝનેશ સોલ્યુશન ગ્રૂપ (આઇબીએસજી)ના વડા પણ રહી ચૂક્યાં છે. અગાઉ તેઓ ૨૩ વર્ષ સુધી ભારતીય સનદી અધિકારી (આઇએએસ) તરીકે ફરજ બજાવી ચૂક્યા છે.**
**ઇમેલ: *prakash@gstn.org.in***


## અગત્યની સૂચના

**યોજનાના લેખકો / વાચકો નોંધ લે.**


**યોજના ગુજરાતી, અંગ્રેજી તથા હિન્દી તેમજ કુરુક્ષેત્ર અંગ્રેજી, હિન્દીનું લવાજમ હવે ઑનલાઈન ભરી શકાશે.**

**આ માટેની વિગતો નીચેની વેબસાઈટ પરથી મળી રહેશે.**

**www.yojana.gov.in**

# ફેડરલ નાણાકીય સંબંધોની સમતુલા

જયંતા રાય ચૌધરી




*કાનૂની દ્રષ્ટિકોણથી વાત કરીએ તો જીએસટી સુધારા કાયદો અસરકારક રીતે સંભવિત કરવેરાનો મોટો હિસ્સો નહીં ચૂંટાયેલી સંસ્થા હેઠળ મૂકે છે. અસરકારક રીતે જીએસટી કાઉન્સિલની સ્થાપના એક કાયદા હેઠળ કરવામાં આવી છે, જે કેન્દ્ર સરકારની સંસદ અને રાજ્યોની વિધાનસભાઓ પાસેથી કરના દર નક્કી કરવાની સત્તા લઈને તેનો અમલ દેશભરમાં કરે છે. જીએસટી કાઉન્સિલમાં વોટિંગ પાવરના વેઈટેજના મુદ્દામાં ઉતર્યા વગર એ હકીકત છે કે કાઉન્સિલ હવે દેશના ખૂણે ખૂણે લાગુ માલ-સામાન અને સર્વિસીસ ઉપર લાગુ થનારા કર દર નક્કી કરવા બાબતે સર્વોચ્ચ કાનૂની સંસ્થા બની રહેશે અને સીધી કે આડકતરી રીતે સંસદ અથવા તો રાજ્યોની વિધાનસભાઓના ચૂંટાયેલા સભ્યોની તેમાં કોઈ દરમિયાનગિરી રહેશે નહીં. આનો સારાંશ એ છે કે ચૂંટાયેલા લોકોએ એક શિક્ષિત સુપર બોડીની રચના કરી છે કે જેમાં મતદારોના મતની કોઈ સીધી અસર રહેશે નહીં.*

કરવેરા લાદવાનો પોતાનો અધિકાર ત્યજી દઈને રાજ્યોએ નવા અખિલ ભારતીય વેરા ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સની સફળતા બાબતે મોટો જુગાર ખેલ્યો છે.

આમ છતાં, જીએસટી વચન મુજબ આવકમાં વધારો કરવામાં નિષ્ફળ નીવડે તો તે સામે પોતાની સુરક્ષા માટે રાજ્યોએ લાંબી લડાઈ આપી છે અને કેન્દ્ર સરકારને સેસ લાદવા સંમત કરી છે, જેનાથી રૂ.૫૦,૦૦૦ કરોડ જેટલી રકમ ઊભી થવાની સંભાવના છે, જેને રાજ્યો વચ્ચે વહેંચીને આવકમાં જો કોઈ ખોટ થશે તો સરભર કરવામાં આવશે.

આવું વિચારવા પાછળનું કારણ એ હોઈ શકે કે જો અર્થતંત્ર ઑઈલના ભાવોને કારણે અથવા તો વૈશ્વિક મંદીના વધુ એક દોરને કારણે મંદીની સ્થિતિમાંથી પસાર થાય તો, અર્થતંત્ર તેના વચન મુજબ ૭.૫ ટકાથી ૮ ટકાનો વચન મુજબનો વૃદ્ધિ દર હાંસલ કરી શકશે નહીં અને વચન મુજબની આવકો પણ હાંસલ થઈ શકશે નહીં.

જીએસટી અંગે સમસ્યા એ છે કે તમામ કરવેરાની જેમ આ વેરો પણ અર્થતંત્રની સ્થિતિ ઉપર આધારિત છે. આ વેરા પાછળની વિભાવના (કન્સેપ્ટ) એવો છે કે જીએસટીના કારણે કરવેરાનો પાયો વ્યાપક બનશે. કરવેરા અને જીડીપીનો ગુણોત્તર હાલમાં ૧૦ ટકા છે તે વધીને ૧૬ ટકા થઈ શકે છે. આમ છતાં, આ સ્થિતિ હાંસલ થઈ શકે છે કે કેમ તે બાબત આવતા વર્ષ ઉપર નિર્ભર રહેશે. સરકાર અને ઉદ્યોગ એક બીજા સાથે કદમ મિલાવીને એકંદર આર્થિક વ્યવહારો કેવી રીતે કરે છે અને કરવેરાનું પાલન કેટલી સરળતાથી થાય છે તેની ઉપર આધાર રાખશે.

રાજ્યોની નાણાકીય સ્થિતિ અંગે ખુદ રિઝર્વ બૅંક ઓફ ઈન્ડિયાએ બહાર પાડેલા અહેવાલમાં ચેતવણી આપી છે કે 'જીએસટીના અમલીકરણને કારણે આવક મળવા અંગે જે અનિશ્ચિતતા પ્રવર્તે છે તેને કારણે રાજ્યોમાંથી મળનારી આવકનો અંદાજ અનિશ્ચિત રહેવાની સંભાવના છે.'

બીજી તરફ રાજ્યોના ખર્ચનો વળાંક (curve) સતત વધતો જાય છે. ૭મુ પગાર પંચ અમલી બનાવવાના કારણે તેમના પગાર બિલો પણ નોંધપાત્ર પ્રમાણમાં ઊંચા જશે. ઉત્તર પ્રદેશથી શરૂ થયેલી દેવું માંડવાળ કરવાની દોડ આગળ

વધી છે અને અત્યાર સુધીમાં ૩ રાજ્ય સરકારો દેવું નાબૂદ કરવા માટે સંમત થઈ છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારોની સમસ્યા એ છે કે દેવાનો ટાઇમ બૉમ્બ ટીક ટીક કરતો રહે છે અને તેને પરિણામે ભારત વધુ એક ગ્રીસ (Greece) બની રહે તેવું જોખમ છે. ભારતનું જાહેર દેવું, કે જે કેન્દ્ર અને રાજ્યનાં દેવાનો સરવાળો કરતા જીડીપીના ૬૭ ટકા જેટલું થઈ ગયું છે, જે જાપાનને બાદ કરતાં એશિયાના દેશોમાં સૌથી વધુ છે.

વર્તમાન સ્થિતિમાં જો તમામ રાજ્યો કૃષિ ધિરાણો માંડવાળ કરે તો અને એ માટે નવાં ધિરાણો મેળવે તો તેમનું નવું દેવું અંદાજે રૂ.૩ લાખ કરોડ જેટલું થશે તેવી નાણાં મંત્રાલયના અધિકારીઓની ગણતરી છે. આ પ્રકારના દેવા વચ્ચે કોઈ પણ સમયે ટકવું મુશ્કેલ બની રહે છે, પરંતુ હાલને તબક્કે જ્યારે આપણે નવા કર માળખાનો પ્રયોગ કરી રહ્યા છીએ ત્યારે આપણે જાણતાં નથી કે રાજ્યોની નાણાકીય સ્થિતિ કેવી વર્તણૂક દાખવશે, તેમના ખર્ચા ઊંચા જશે કે નીચા આવશે. સ્વાભાવિક રીતે આ એક જોખમી સ્થિતિ છે અને રાજ્ય સરકારો પણ આ બાબત જાણે છે.

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI) દ્વારા એવો અહેવાલ આપવામાં આવ્યો છે કે ઓછાંમાં ઓછાં ૧૭ રાજ્યોમાં દેવા સામે જીડીપીનો ગુણોત્તર છેલ્લાં થોડાંક વર્ષોમાં વધ્યો છે. "આરબીઆઈનો અહેવાલ જણાવે છે કે" તાજેતરના વર્ષોમાં રાજ્યોની એકંદર નાણાકીય સ્થિતિ કથળી છે. ૨૫ રાજ્યો અંગેની માહિતીમાં જાણવા મળ્યું છે કે રાજ્યો દ્વારા ૨૦૧૬-૧૭માં આવકોના જે અંદાજ મૂકવામાં આવ્યા છે તે સાચા ઠરે તેમ નથી."

વર્ષ ૨૦૧૫-૧૬માં નાણાકીય ખાધ સામે જીડીપીનો એકંદર ગુણોત્તર ૩ ટકાની ટોચ મર્યાદાથી નીચે ગયો છે, તે વર્ષ ૨૦૦૪-૦૫ પછીનું સૌ પ્રથમ વખત નાણાકીય ડહાપણ દર્શાવતી સ્થિતિ ગણવામાં આવે છે.

આવા સંજોગો હેઠળ રાજ્યોની વેતનો ચૂકવી શકવાની અસમર્થતાને કારણે તેમજ વિકાસના ખર્ચાઓ અને લોન માફ કરવાને કારણે જે સ્થિતિ ઊભી થઈ શકે છે તેમાં રાજ્યો કેન્દ્ર સરકાર સામે નાણાં મેળવવા માટે યુધ્ધ છેડે તેવી સંભાવના છે.

આમ છતાં, અધિકારીઓ પણ નિર્દેશ કરે છે કે આડકતરા વેરાનો ૪૫ ટકા જેટલો હિસ્સો જીએસટી હેઠળ આવરી લેવામાં આવ્યો નથી, આ ચીજો ઉપર વેરો લાદવાનો રાજ્યોનો અધિકાર રહેશે. આવી ચીજોમાં જેમાં રિયલ એસ્ટેટ, પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ, આલ્કોહૉલિક પીણાં વગેરેનો સમાવેશ થાય છે. રાજ્યોને આ ચીજો ઉપર વેરા લાદવાનો અને વેરા વધારવાનો પણ અધિકાર રહેશે.

જીએસટી બિલમાં વચન અપાયું છે કે સમય આવતાં આ બધી ચીજોને જીએસટી કાઉન્સિલ પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવરી લેશે. આમ છતાં, એવી વધુ સંભાવના રહે છે અને રાજ્યોને પણ ખાત્રી થઈ છે કે તેમને પણ આર્થિક સ્વતંત્રતા માટે કેટલાંક પગલાં લેવાની જરૂર પડશે. આ બધાની સાથે સાથે નાણાકીય કુશન (cushion = આંચકાથી બચવાની વ્યવસ્થા) હાંસલ થઈ શકે તે માટે રાજ્ય સરકારો આ ચીજોને પોતાના પૉર્ટફોલિયો હેઠળ જાળવી રાખવાનો સક્રિય આગ્રહ રાખે તેવી સંભાવના છે.

એ બાબત યાદ હશે કે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે નાણાકીય સત્તાઓની વહેંચણી અંગેની બાબત બંધારણીય સભામાં ચર્ચા હેઠળ આવી ત્યારે કૉંગ્રેસ સહિતના પક્ષોના સંસદ સભ્યોએ રાજ્યોને વધુ સત્તા આપવાની માંગણી કરી હતી. આમ છતાં, ફેડરાલિઝમની અતિશયતા ભારતની એકતા માટે ખતરા રૂપ બની શકે તેવી દલીલ કરવામાં આવી હતી અને કરવેરા અંગેની કાનૂની સત્તાઓ અને કરવેરા લાદવાની સત્તા હવે રાજ્યોને બદલે કેન્દ્ર સરકાર પાસે આવી છે.

બંધારણના નિષ્ણાતો યોગ્ય રીતે નિર્દેશ કરે છે તે મુજબ આ ફરક ઊભો થયો છે તે જીએસટીનું અમલીકરણ થવાને પગલે કેન્દ્ર સરકારની તરફેણમાં વધુ ઢળે છે. તેમનું અવલોકન એવું છે કે ઓછામાં ઓછા કેટલાક માલ-સામાન માટે વેરા વધારીને સાધનો ઊભા કરવાની સત્તા છોડી દઈને કેન્દ્રએ રાજ્યો સાથે સમાધાન કર્યું છે. તામિલનાડુ રાજ્ય કે જેણે જીએસટીની કેટલીક કલમોનો વિરોધ કર્યો હતો, તેણે એવો મુદ્દો ઊભો કર્યો હતો કે તેમનું રાજ્ય વ્યાપકપણે સામાજિક ક્ષેત્રોમાં સુધારા હાથ ધરી રહ્યું છે ત્યારે પોતાના રાજ્યના કરવેરાઓની આવકમાં ઘટાડો થશે તો ખરાબ સ્થિતિ ઊભી થશે.

એ બાબત પણ સાચી છે કે સામાજિક માપદંડો હેઠળ દક્ષિણ ભારતના રાજ્યોએ ઘણી સારી કામગીરી કરી છે. તેમના આરોગ્ય અને શિક્ષણના માપદંડોને કારણે પોતાનાં પ્રતિસ્પર્ધી રાજ્યો કરતાં તે ઘણાં આગળ રહ્યા છે અને તેમની તુલના ઓઈસીડી દેશો સાથે કરી શકાય તેમ છે. અર્થશાસ્ત્રી જીન ડ્રેઝના શબ્દોમાં કહીએ તો "કેરાલા અને તામિલનાડુ સામાન્ય રીતે વિકાસના ઈન્ડેક્સની સમીક્ષામાં ટોચના અથવા તો પરસ્પરની નજીકના સ્થાને રહે છે. આ રાજ્યો સુધારાઓની બાબતે પણ અન્ય રાજ્યોની તુલનામાં આગળ નિકળી ગયા છે."

કાનૂની દ્રષ્ટિકોણથી વાત કરીએ તો જીએસટી સુધારા કાયદો અસરકારક રીતે સંભવિત કરવેરાનો મોટો હિસ્સો નહી ચૂંટાયેલી સંસ્થા હેઠળ મૂકે છે. અસરકારક રીતે જીએસટી કાઉન્સિલની સ્થાપના એક કાયદા હેઠળ કરવામાં આવી છે, જે કેન્દ્ર સરકારની સંસદ અને રાજ્યોની વિધાનસભાઓ પાસેથી કરના દર નક્કી કરવાની સત્તા લઈને તેનો અમલ દેશભરમાં કરે છે. જીએસટી કાઉન્સિલમાં વોટિંગ પાવરના વેઈટેજના મુદ્દામાં ઉતર્યા વગર એ હકીકત છે કે કાઉન્સિલ હવે દેશના ખૂણે ખૂણે લાગુ માલ-સામાન અને સર્વિસીસ ઉપર લાગુ થનારા કર દર નક્કી કરવા બાબતે સર્વોચ્ચ કાનૂની સંસ્થા બની રહેશે અને સીધી કે આડકતરી રીતે સંસદ અથવા તો રાજ્યોની વિધાનસભાઓના ચૂંટાયેલા સભ્યોની તેમાં કોઈ દરમિયાનગિરી રહેશે નહીં. આનો સારાંશ એ છે કે ચૂંટાયેલા લોકોએ એક શિક્ષિત સુપર બોડીની રચના કરી છે કે જેમાં મતદારોના મતની કોઈ સીધી અસર રહેશે નહીં.

રાજ્યો પણ કરવેરા લાદવાની કેટલીક સત્તાઓ પોતાની પાસે રાખવા માંગે છે અને જીએસટી દ્વારા જે સત્તા મળી છે તે કેટલેક અંશે ગેરલાભ કરનારી બની રહેશે, કારણ કે મ્યુનિસિપલ સંસ્થાઓ વગેરે જેવી પેટા સંસ્થાઓ, આ સંસ્થાઓ પાસે હવે વેરાનો દર વધારવાની વધુ સત્તાઓ રહેશે! મ્યુનિસિપલ સંસ્થાઓ દ્વારા લેવાતો ઍન્ટ્રી ટૅક્સ, મનોરંજન વેરો વગેરે જે સ્થાનિક સંસ્થાઓ વસૂલે છે તે તથા આલ્કોહોલ અને બળતણ જેવી ચીજો પરના વેરા, સ્ટેમ્પ ડ્યૂટીઝ અને ઈલેક્ટ્રિસિટી સેસ વગેરેને હજુ જીએસટી હેઠળ આવરી લેવાયેલ નથી. આ સ્થિતિ તેમને આ વેરા વધારવાની કે ઘટાડવાની સત્તા આપે છે અને આવી સંસ્થાઓ રાજ્ય સરકારો પાસેથી બહેતર નાણાકીય સ્વતંત્રતા મેળવશે. આથી વિરુદ્ધ કિસ્સો રાજ્ય સરકારોનો બની રહેશે, કારણ કે તેમણે મોટાભાગની આવકને સંબંધ છે ત્યાં સુધી જીએસટી કાઉન્સિલના નિર્ણયો તેમના માટે બંધનકર્તા બની રહેશે.

અહી એ બાબત યાદ રાખવાનું બહેતર રહેશે કે મોટાભાગના દેશો કે જ્યાં ઑથોરિટીને આડકતરા વેરા લાદવાની સત્તા છે, તે વેરા વધારવાની પણ સત્તા ધરાવે છે. રાજ્યોને સીધા કરવેરાની સત્તા છે. કેનેડા કે જેણે ગઈ સદીમાં જીએસટીને અમલી બનાવ્યો હતો, ત્યાં રાજ્યોની સત્તાઓ ઉપર કોઈ કાપ મૂકવામાં આવ્યો નથી, ત્યાં કેન્દ્ર સરકારને માત્ર સીધા કરવેરા નાંખવાની સત્તા છે અને તેનો અમુક હિસ્સો તે રાજ્યોને આપે છે, પરંતુ હવે ત્યાં પણ જીએસટીની અંદાજે અડધી આવક ઉપર અબાધિત હક્ક ધરાવે છે.

હવે એ જોવાનું રહેશે કે ભારતનું રાજકારણ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સના અમલીકરણથી જે ફેરફારો થયા છે તે તરફ કેવો પ્રતિભાવ આપે છે. તે કરવેરા લાદવાની સત્તા સ્વીકારી શકે છે અને હાલની પરિસ્થિતિમાં પણ થોડાક ફેરફાર કે સુધારાની અપેક્ષા રહે છે. જો રાજ્યો એવી વ્યવસ્થા ઈચ્છે કે જે ઑસ્ટ્રેલિયાની જેમ તેમને સીધી સત્તા આપતી હોય ત્યાં  ફેડરલ અથવા તો કોમનવેલ્થ સરકાર દ્વારા ૭૫ ટકા વેરા લાદવામાં આવે છે અને વધુ આધુનિક તંત્ર વ્યવસ્થા દ્વારા તેની વહેંચણી કરવામાં આવે છે.

ભારતના કર માળખાનું ભાવિ કેવું હશે તથા રાજ્યો અને કેન્દ્રો વચ્ચે સત્તાની કેવી સમતુલા જળવાશે તેનો નિર્ણય સમય જતાં ભારતનું રાજકારણ નક્કી કરશે. આમ છતાં, જીએસટી અંગે કોઈ આખરી અભિપ્રાય જાણવા મળતો નથી. પોતાના સાધનો વધારવાની માંગણીને કારણે વેરાના કાયદાઓમાં ફેરફારો થઈ શકે તેવી સ્થિતિ બહુ દૂરની બાબત બની રહે તેવું જણાતું નથી.

**લેખક હાલમાં અગ્રણી અખબાર ધ ટેલિગ્રાફમાં વેપાર વિભાગમાં વરિષ્ઠ તંત્રી તરીકે સેવા આપે છે. તેઓ પત્રકારત્વ ક્ષેત્રે અઢી દાયકાથી પણ વધારે સમયનો વિશાળ અનુભવ ધરાવે છે. તેઓ રાજકીય – આર્થિક મુદ્દાઓ ઉપર લેખ લખવામાં નિપૂણતા ધરાવે છે, જોકે તેની સાથે-સાથે તેઓ ઈતિહાસથી માંડીને સુરક્ષા ઉપરાંત કાલ્પનિક લેખો લખવામાં પણ ખૂબ જ રસ ધરાવે છે. તેઓ વર્ષ ૨૦૧૦માં બ્રિટનની યુનિવર્સિટી ઓફ બ્રેડફોર્ડ ખાતે ડેવલપમેન્ટ ઈકોનોમિસ્ટમાં ફેલો રહી ચુક્યાં છે.**

**ઈમેલઃ jrchowdhury@yahoo.com**

# વસ્તુ અને સેવા કર - ભારે પરિવર્તનકારી પરિબળ

**દેવરાજા રેડ્ડી એમ.**




*ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) એક ઐતિહાસિક સુધારો છે, જે તા.૧ જુલાઈ, ૨૦૧૭ થી અમલમાં આવ્યો છે અને તેનો ઉદ્દેશ દેશમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા લેવાતા આડકતરા વેરાની સમગ્ર સ્થિતિમાં સંપૂર્ણ પરિવર્તન લાવવાનો છે. જીએસટી એ આઝાદી પછીનો સૌથી મોટો કર સુધારો છે, જે વન નેશન-વન ટૅક્સ-વન માર્કેટનું ધ્યેય સાકાર કરશે અને તે ઉદ્યોગ, સરકાર અને ગ્રાહક સહિત તમામ સહયોગીઓને લાભદાયી બનશે તેવી અપેક્ષા છે. એવી ધારણા રાખવામાં આવે છે કે જીએસટી તંત્ર વ્યવસ્થામાં માલ-સામાન અને સર્વિસીસનો ખર્ચ ઓછો આવશે. અર્થતંત્રને વેગ મળશે અને ભારતની પ્રોડક્ટસ અને સર્વિસીસ દુનિયામાં સ્પર્ધાત્મક બનશે અને 'મેક ઇન ઇન્ડિયા' પહેલને ભારે ગતિશીલતા આપશે. હાલની પદ્ધતિમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના આડકતરા વેરા અલગ અલગ સ્વરૂપે લેવાતા હોવાથી કેટલાક વેરાઓનું રિફંડ અપાય છે તેવું નહી કરવું પડે અને જીએસટી તંત્રમાં નિકાસ ઉપરનો સમગ્ર વેરો શૂન્ય રહેશે. જીએસટી દ્વારા વેરાના સમાન દર અને પ્રક્રિયાઓ ધરાવનાર ભારત એક કૉમન માર્કેટ બની રહેશે અને આર્થિક નિયંત્રણો દૂર થશે.*

ગુડ્ઝ ઍન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) એક ઐતિહાસિક સુધારો છે, જે તા.૧ જુલાઈ, ૨૦૧૭ થી અમલમાં આવ્યો છે અને તેનો ઉદ્દેશ દેશમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા લેવાતા આડકતરા વેરાની સમગ્ર સ્થિતિમાં સંપૂર્ણ પરિવર્તન લાવવાનો છે. જીએસટી એ આઝાદી પછીનો સૌથી મોટો કર સુધારો છે, જે વન નેશન-વન ટૅક્સ-વન માર્કેટનું ધ્યેય સાકાર કરશે અને તે ઉદ્યોગ, સરકાર અને ગ્રાહક સહિત તમામ સહયોગીઓને લાભદાયી બનશે તેવી અપેક્ષા છે. એવી ધારણા રાખવામાં આવે છે કે જીએસટી તંત્ર વ્યવસ્થામાં માલ- સામાન અને સર્વિસીસનો ખર્ચ ઓછો આવશે. અર્થતંત્રને વેગ મળશે અને ભારતની પ્રોડકટસ અને સર્વિસીસ દુનિયામાં સ્પર્ધાત્મક બનશે અને 'મેક ઇન ઇન્ડિયા' પહેલને ભારે ગતિશીલતા આપશે. હાલની પદ્ધતિમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના આડકતરા વેરા અલગ અલગ સ્વરૂપે લેવાતા હોવાથી કેટલાક વેરાઓનું રિફંડ અપાય છે તેવું નહી કરવું પડે અને જીએસટી તંત્રમાં નિકાસ ઉપરનો સમગ્ર વેરો શૂન્ય રહેશે. જીએસટી દ્વારા વેરાના સમાન દર અને પ્રક્રિયાઓ ધરાવનાર ભારત એક કૉમન માર્કેટ બની રહેશે અને આર્થિક નિયંત્રણો દૂર થશે. જીએસટી મહદ્ અંશે ટેક્નોલૉજી આધારિત છે અને તેમાં માનવ સંપર્ક વ્યાપક પ્રમાણમાં ઘટી જશે તેમજ ભારતમાં બિઝનેસ કરવાની આસાનીમાં સુધારો આવશે.

**ઉદાહરણઃ** એક પ્રોડક્ટ કે જેની મૂળ કિંમત રૂ.૧૦૦ છે, જે ૧૨ ટકા (ધારણા)ના દરે ઍક્સાઇઝ ડ્યૂટી લગાવ્યા પછી પ્રોડક્ટનું મૂલ્ય રૂ.૧૧૨ થાય છે. આ પ્રકારના માલમાં ૧૨.૫ ટકા (ધારણા) ના દરે વેટ લેવાય છે. જેથી ગ્રાહક માટે તેનું મૂલ્ય રૂ.૧૨૬ થાય છે. સૂચિત જીએસટી પદ્ધતિમાં રૂ.૧૦૦ની મૂળ કિંમત પર સીજીએસટી અને એસજીએસટી બંને ૯ ટકાના દરે લાગુ પડશે, જેથી ગ્રાહકને તેનું મૂલ્ય રૂ.૧૧૮ થશે. આવા કિસ્સાઓમાં ઉદ્યોગ વૈશ્વિક વાતાવરણમાં બહેતર સ્પર્ધા આપી શકશે. જીએસટી ઉત્પાદનના વિતરણના દરેક સપ્લાયના પૉઈન્ટ ઉપર (એટલે કે માલ-સામાન અને સર્વિસીસના વેચાણની જોગવાઈ ઉપર) લેવાશે. જેમાં વેચાણ કરતી વખતે અથવા તો સર્વિસ આપતી વખતે વેચનાર અથવા તો સર્વિસ પ્રોવાઈડર માલ-સામાન ખરીદતી વખતે અથવા તો સર્વિસ પ્રાપ્ત કરતી વખતે ચૂકવેલા વેરાની ઇનપુટ ક્રેડિટનો દાવો કરી શકશે.

**જીએસટીના મુખ્ય પાસાં નીચે મુજબ છેઃ**

(૧) જીએસટી વૅલ્યૂ ઍડેડ ટૅક્સના સિદ્ધાંત આધારિત છે, જેમાં કાં તો ઈનપુટ ટેક્સ પદ્ધતિ અથવા તો બાદબાકીની પદ્ધતિને અનુસરવામાં આવે છે અને સ્વૈચ્છિક પાલન અને હિસાબ આધારિત પદ્ધતિ ઉપર ભાર મૂકવામાં આવે છે.

(૨) આ એક ઘનિષ્ટ વેરો છે અને માલ-સામાન તેમજ સર્વિસીસ ઉપર સમાન દર લાગે છે, જેમાં ઈનપુટ ટૅક્સનો લાભ ક્રૅડિટ અથવા તો આખરી વ્યવહારના મૂલ્યમાંથી બાદબાકીને આધારે મળે છે.

(૩) ફ્લોર ટૅક્સની સંખ્યા ઓછામાં ઓછી રહે છે અને બે દરથી વધતી નથી.

(૪) સેસ, રિસેલ ટૅક્સ, એડિશનલ ટૅક્સ, સ્પેશિયલ ટૅક્સ, ટર્નઓવર ટૅક્સ વગેરે વસૂલાતો નથી.

(૫) માલ-સામાન અને સર્વિસીસ ઉપર સેલ્સ ટૅક્સ, ઍન્ટ્રી ટૅક્સ, ઑક્ટ્રોય, મનોરંજન વેરો, લક્ઝરી ટૅક્સ વગેરે લાગુ પડતા નથી.

(૬) માલ-સામાન અને સર્વિસીસની નિકાસો અને આંતરરાજ્ય હેરફેરમાં શૂન્ય દર લાગે છે.

(૭) મૂડી સાધનો અને ઈનપુટ, કે જે માલ- સામાન અથવા તો ઉત્પાદન સંબંધિ સર્વિસીસ ઉપર ઓછો વેરો લાગે છે. આથી સંગ્રહ કરવાનો ખર્ચ અને ઉત્પાદન ખર્ચ ઘટે છે.

(૮) દેશભરમાં એક જ વહીવટી તંત્ર હેઠળ તથા એક જ કાયદા અને પ્રક્રિયા હેઠળ વેરાનો વહીવટ થાય છે.

(૯) જીએસટી એ સ્થળ આધારિત વેરો છે અને ચીજ-વસ્તુ કે સર્વિસીસના વપરાશ વખતે એક જ સ્થળે છેલ્લા ગ્રાહક દ્વારા ચૂકવવામાં આવે છે.

**જીએસટીના લાભ**

જીએસટીથી એક સિંગલ, એકીકૃત (unified) ભારતીય બજારની રચના થશે. જીએસટી એકંદરે સરકાર તેમજ ગ્રાહકોને લાંબાગાળે ફાયદારૂપ બનશે અને બંને માટે લાભદાયક સ્થિતિ સર્જાશે. જીએસટીના કેટલાક લાભ નીચે વર્ણવવામાં આવ્યા છેઃ

➢ **કરવેરાના એકથી વધુ સ્તરની નાબૂદી**

ભારતમાં જીએસટીના અમલથી હાલના સેન્ટ્રલ ઍક્સાઈઝ, સર્વિસ ટૅક્સ, સેલ્સ ટૅક્સ, વેલ્યૂ એડેડ ટૅક્સ વગેરે એક જ વેરા એટલે કે જીએસટીમાં સંકલિત થશે. તેના દ્વારા પ્રોડકટસ અને સર્વિસીસ ઉપર હાલમાં લેવાતા અનેક વેરાની સ્થિતિ નિવારવામાં સહાય થશે. ઉદાહરણ તરીકે રેસ્ટોરન્ટ સર્વિસીસમાં સર્વિસ ટૅક્સ ચૂકવવા પૂરતો જ રહેશે અને વેટને કારણે કરપાત્ર રકમ કુલ રકમના અંદાજે ૧૪૦ ટકા થતી હતી (૧૦૦ ટકા મૂલ્ય ઉપર વેટ અને ૪૦ ટકા મૂલ્ય ઉપર સર્વિસ ટૅક્સ).

➢ **વેરા ઉપર વેરા (cascading)ની નાબૂદી**

જીએસટી તંત્ર હેઠળ માલ-સામાન અને સર્વિસીસ ઉપર આખરી ટૅક્સ ગ્રાહકે ચૂકવવાનો રહેશે. આમ છતાં ઈનપુટ ટૅક્સ ક્રેડિટ સિસ્ટમ લાગુ પડતાં અગાઉની વ્યવસ્થામાં કેટલાક કિસ્સાઓમાં વેરો ચૂકવવો પડતો હતો, જેમકે ઍક્સાઈઝ ડ્યૂટી ઉપર વેટ ચૂકવવો પડતો હતો એવી સ્થિતિને બદલે એ વાતની ખાત્રી રહેશે કે વેરાની કોઈ કાસ્કેડિંગ અસર થતી નથી.

➢ **કૉમન નૅશનલ માર્કેટનો વિકાસ**

જીએસટી દ્વારા તમામ રાજ્યોમાં અને વિવિધ ક્ષેત્રોમાં આડકતરા વેરા સ્વરૂપે એક સરખા વેરા લાગુ પડશે. તેનાથી માલ-સામાન અને સર્વિસીસનો પુરવઠો દેશભરમાં આસાન બનશે. આને કારણે આર્થિક અસમાનતા દૂર થશે, નિકાસને પ્રોત્સાહન મળશે અને કોમન નેશનલ માર્કેટનો વિકાસ થશે. આનાથી ચોક્કસપણે કરવેરા અને ગ્રોસ ડૉમેસ્ટિક પ્રોડકટસ (જીડીપી) ના ગુણોત્તરને વેગ મળશે અને આર્થિક કાર્યક્ષમતા વધશે તથા લાંબાગાળાનો ટકાઉ આર્થિક વિકાસ દર હાંસલ કરી શકાશે.

➢ **સ્વૈચ્છિક કર પાલનમાં વધારો**

જીએસટી વ્યવસ્થામાં પ્રક્રિયા સરળ અને સુસંગત રહેશે તથા તેમાં ક્ષતિઓને ઓછો અવકાશ રહેશે.

તમામ માહિતીઓ જીએસટી નેટવર્ક દ્વારા બહાર પડવાને કારણે કરની ચૂકવણી અને કરવેરાનું પાલન એક નિયમિત ધોરણ બનશે અને એમાં ભૂલનો ઓછો અવકાશ રહેશે. આ વેરો માત્ર, વેરાની ચૂકવણી પર લાગશે અને ગ્રાહકને ઈનપુટ ઉપર ચૂકવેલા વેરાની ક્રેડિટ મળશે. આનાથી વૅલ્યૂ એડિશનની ઑટોમેટિક ઑડિટ પદ્ધતિ અમલમાં આવશે અને પ્રોડક્ટસ ચેઇનમાં આવક વધતાં કરવેરાની મળતી આવકમાં વધારો થશે. આ રીતે જીએસટી મૉડલમાં હાલ જે આડકતરા વેરાઓની થાગડ-થીગડ પદ્ધતિ છે તૂટી જશે.

➢ **કાનૂની વિવાદોના કેસમાં ઘટાડો**

જીએસટી તંત્ર વ્યવસ્થા હેઠળ કર લેવાના ન્યાય ક્ષેત્ર બાબતે સ્પષ્ટતાને અભાવે થતા કાનૂની વિવાદો અટકશે, જેમ કે સૉફ્ટવેર જેવા, માલ-સામાનના વપરાશનો અધિકાર જેવા કેટલાક કિસ્સાઓમાં રાજ્ય અને કેન્દ્ર અને રાજ્યનું ન્યાય ક્ષેત્ર લાગુ પડવા અંગે વિવાદો થતા હતા. જીએસટી તંત્ર વ્યવસ્થામાં કરવેરાનો એક જ કાયદો અમલમાં આવશે અને વર્તમાન સમયમાં વિવિધ કર કાયદા હેઠળ થતા એસેસમેન્ટને બદલે એસેસમેન્ટની પ્રક્રિયા સરળ બનશે.

➢ **સરકાર દ્વારા કાર્યક્ષમ વહીવટ**

હાલમાં વિવિધ પ્રકારના વેરાઓને કારણે તેની કાસ્કેડિંગ અસર થાય છે, સુસંકલિત નેટવર્કનો અભાવ વર્તાય છે. આડકતરા વેરાનો વહીવટ સરકાર માટે એક જંગી કામગીરી બની જાય છે. આ ઉપરાંત વેરાના પાલન અને વહીવટી ખર્ચમાં વધારો થતો રહે છે. સૂચિત જીએસટી વ્યવસ્થા હેઠળ એક સરખો કર દર રહેશે. સરળ ઇનપુટ ટૅક્સ ક્રેડિટ વ્યવસ્થા અને સુસંકલિત જીએસટી નેટવર્ક અમલમાં આવશે. તુરત માહિતી મળી શકશે અને સરકાર માટે સાધનોનો વહીવટ આસાન અને કાર્યક્ષમ બનશે. એક જ વેરો લાગુ પડશે, ક્ષતિઓ અને કાનૂની વિવાદોમાં ઘટાડો થશે. આને કારણે વહીવટી ખર્ચાઓ પણ ઘટશે.

**જીએસટી હેઠળના પડકારોઃ**

ગુડ્ઝ ઍન્ડ સર્વિસ ટેક્સને સક્ષમ પરિવર્તનકારી પરિબળ (Potential Game Changer) ગણવામાં આવે છે. તેની વિવિધ બિઝનેસ, ઉત્પાદન, વેપાર અને સર્વિસ પ્રોવાઈડર્સ માટે દૂરગામી અસર થશે. આ બધા એક સરખા વેરા એક છત્ર હેઠળ આવશે. અગાઉ જે વિવિધ પ્રકારના વેરાઓનું પાલન કરવું પડતું હતું તે સ્થિતિ દૂર થશે. આઝાદીના ૭૦ વર્ષમાં એનડીએ ગવર્નમેન્ટે લીધેલું આ સૌથી મોટું કર સુધારાનું પગલું છે અને 'વન નેશન-વન માર્કેટ-વન ટેક્સ' નું સૂત્ર આપવામાં આવ્યું છે. આમ છતાં દરેક નવો કાનૂન કેટલીક શરૂઆતની સમસ્યાઓ લઈને આવે છે. જે પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે તે નીચે મુજબ છેઃ

➢ **આઈટી માટે તૈયારી અને માળખાગત સુવિધાઓઃ** જીએસટી એ એક આઈટી આધારિત કાયદો છે અને એવું માની શકાય નહી કે ભારતના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો હાલમાં આ કાયદાના અમલ માટેની માળખાગત સુવિધાઓ અને જરૂરી માનવબળથી સજ્જ છે. કર્ણાટક, મહારાષ્ટ્ર અને ગુજરાત જેવા કેટલાક રાજ્યો કે જે ઈ-ગવર્નન્સ મોડેલના પાયોનિયર છે તે સિવાય આપણે અન્ય રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આવી તરાહ અંગે સાંભળ્યું નથી. આજે પણ કેટલાંક રાજ્યોમાં મેન્યુઅલ વેટ રિટર્ન્સ અમલમાં છે, તે અંગે પણ નોંધ લેવી રહી.

➢ **અધિકારીઓને તાલીમઃ** કોઈપણ નવા કાયદામાં જૂનો કાયદો અને સાથે સાથે નવા કાયદાની વિચાર પ્રક્રિયામાં વિશ્વાસ ઊભો થવો જરૂરી છે. જૂનો કાયદો ભૂલવાની અને જીએસટી જોગવાઈઓ સમજવી જરૂરી બની રહે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના ઑફિસરો, પછી ભલે ને તે વેટ, સર્વિસ ટેક્સ, ઍક્સાઈઝ અથવા તો કસ્ટમ્સનું કામ કરતાં હોય તેમણે જીએસટીની જોગવાઈઓ શીખવી પડશે અને તેની વર્તમાન કર વ્યવસ્થા પર કેવી સંભવિત અસરો થશે તે અંગે પણ સમજ

મેળવવી પડશે. વધુમાં, જીએસટીનો કાયદો અતિશય પ્રમાણમાં ઈન્ફોર્મેશન ટૅકનોલૉજી આધારિત હોવાથી વિવિધ વિભાગોના ઑફિસરોને કાયદાના અસરકારક ઉપયોગ અને અમલીકરણ માટે તાલીમ આપવાનું જરૂરી બનશે.

- **નવાં રજિસ્ટ્રેશનઃ** જીએસટી દ્વારા અનેક ઘણાં નવાં રજિસ્ટ્રેશન થશે, જે અત્યાર સુધી વિવિધ કરમુક્તિઓને કારણે કરવેરાનાં વ્યાપની બહાર રહેતા હતા. જીએસટીના વ્યાપ હેઠળ કરવેરો ભરવાની સ્થિતિ વ્યાપક બનતી હોવાના કારણે કરવેરાનો વ્યાપ પણ વધશે. હાલના કરદાતાઓના રજીસ્ટ્રેશન અને નવા કરદાતાઓના રજીસ્ટ્રેશન તથા એક વેરામાંથી બીજા વેરા તરફ માઈગ્રેશનના પડકારો હલ કરવાનો મોટો પડકાર બની જશે.

- **વચગાળાના મુદ્દાઓઃ** જીએસટી તરફ વળતી વખતે એવા ઘણાં ક્ષેત્રો છે કે જેની સમસ્યાઓ હલ કરવી પડશે. રજીસ્ટ્રેશન, ક્રેડિટ કેરિફોરવર્ડ કરવા અંગે તથા નવી ક્રેડિટ મેળવવા અંગે, પડતર રિફંડ/ રિબેટના દાવા અંગે, કોન્ટ્રાક્ટની સમીક્ષા અંગે, કર લાગુ પડવાના સ્થાન અંગે, અધૂરા આર્થિક વ્યવહારો અંગે, જોબવર્કના વ્યવહારો અંગે, હાથ ઉપરના સ્ટોક અંગે તથા રિટર્ન્સ ફાઈલ કરવા અંગેની સમસ્યાઓ થશે. જીએસટીની સફળતા માટે આ બધી સમસ્યાઓ આસાનીથી હલ થાય તે જરૂરી છે. એક વેરામાંથી બીજા વેરા તરફ જવાની વ્યવસ્થા ગોઠવાઈ હોવા છતાં કેટલીક સમસ્યાઓ હલ કરવી જરૂરી બનશે. પ્રેક્ટીશનર્સ અને એડવાઈઝર્સની મદદ લેવી પડે તેવા અનેક મુદ્દાઓ ઉભા થવાની સંભાવના છે.

- **પેન્ડીંગ કેસ/ ભૂતકાળના વિવાદોઃ** વર્તમાન આડકતરા વેરા કાયદા (કેન્દ્ર અને રાજ્ય બંનેના) ના સંદર્ભમાં વિવિધ વિવાદો અલગ અલગ તબક્કે પડતર છે, જેમ કે એડ્જ્યુકેટીંગ એપેલેટ લેવલે કેસ ચાલતો હોય. એડ્જ્યુકેટીંગ લેવલની ઓથોરિટી કોર્ટ અને ટ્રિબ્યુનલ ઉપર પડતર કેસોનો બોજો વધી જશે. જીએસટી અમલી બનતાં સરકારે આવા વિવાદો ઉકેલવા માટેના માર્ગો શોધવા પડશે. કર વિવાદ સમાધાન સ્કીમની જેમ વિવાદ નિવારણની યોજના અમલમાં મૂકવી જરૂરી બનશે, જેનાથી અરજદારો પડતર કેસોનું નિવારણ અગાઉના કાયદા મુજબ કરી શકે. જો અગાઉના વિવાદો ચાલુ રહેવામાં આવશે તો, એડ્જ્યુકેટીંગ/ એપેલેટ ઓથોરિટી અને કોર્ટો/ ટ્રિબ્યુનલો જૂના કેસમાંથી બહાર નિકળી શકશે નહીં અને જીએસટીના કાયદા હેઠળની સમસ્યાઓ/ વિવાદો ઉકેલવા માટે સમય રહેશે નહીં.

- **કર વહીવટ (સંકલન/ મર્જર):** જીએસટીની વ્યવસ્થા અમલમાં આવતાં કેન્દ્ર અને રાજ્યની જૂની વ્યવસ્થાઓ વચ્ચે સંકલન કરવું પડશે. કેડરના તફાવતો પણ ઉભા થશે, જેમકે હાલમાં સેન્ટ્રલ એક્સાઈઝ અને સર્વિસ ટેક્સના વિભાગોના વડા તરીકે ઈન્ડિયન રેવન્યુ સર્વિસના ઓફિસરો કામ કરે છે, જ્યારે રાજ્યોના કોમર્શિયલ વિભાગોમાં ઈન્ડિયન એડમિનીસ્ટ્રેશન સર્વિસ (આઈએએસ) અધિકારી કમિશ્નર તરીકે ફરજ બજાવે છે અને તેમની નીચેના અધિકારીઓ રાજ્યોની વહીવટી સેવામાંથી આવતા હોય છે. સેન્ટ્રલ એક્સાઈઝ અને સર્વિસ ટેક્સમાં અગ્ર મુખ્ય કમિશ્નર અથવા તો કમિશ્નર અને ચીફ કમિશ્નર અથવા તો કમિશ્નર જેવા હોદ્દાઓ હોય છે. આવા વિવિધ હોદ્દાઓનો જીએસટી તંત્રમાં કઈ રીતે ઉપયોગ કરાય છે તે જોવાનું રહેશે.

- **નાના એકમો પર અસરોઃ** જીએસટીની અસર નાના એકમો પર કેવી થશે તે અંગે ચિંતા સેવવામાં આવે છે. નાના એકમોની જીએસટી વ્યવસ્થામાં ત્રણ કેટેગરી રહેશેઃ

- રૂ.૨૦ લાખની મર્યાદા નીચેના એકમો (સ્પેસીફાઈડ કેસમાં રૂ.૧૦ લાખ) એકમોએ જીએસટી હેઠળ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહીં.

વ્યવહરિક રીતે વાત કરીએ તો તે કન્ઝ્યુમર ટ્રેડર્સ/ મેન્યુફેક્ચરર/ ફૂડ સર્વિસ પ્રોવાઈડર્સનો બિઝનેસ બનીને રહેશે.

- જીએસટી હેઠળ રજીસ્ટ્રેશનની મર્યાદાની બહારના એકમો તથા રૂ.૭૫ લાખના ટર્ન ઓવર વચ્ચેના એકમો માટે જો ઉત્પાદક હોય તો અઢી ટકા અને ટ્રેડર માટે એક ટકો ટેક્સ ભરવાનો રહેશે. ઈનપુટ ટેક્સ ક્રેડિટની જોગવાઈ હોવા છતાં તમામ નાના એકમો કે જે બીટુબી બિઝનેસ કરે છે તે ટર્ન ઓવર વેરાનો વિકલ્પ માંગશે. વ્યવહારિક રીતે કહીઓ તો આ એકમો કન્ઝ્યુમર ટ્રેડર્સ/ મેન્યુફેક્ચરર/ ફૂડ સર્વિસ પ્રોવાઈડર્સ બની રહેશે.
- ટર્ન ઓવર મુક્તિ મર્યાદાની બહારના ત્રીજી કેટેગરીના એકમો કે જેમને જીએસટીના માળખામાં રહેવાનું રહેશે.

➤ **અન્ય સમસ્યાઓ**

જીએસટીના કાયદા તથા તેને કારણે ઊભી થનારી સંભવિત અસરો અંગે દરેક બિઝનેસ દ્વારા વિગતવાર વાંચન જરૂરી બનશે.

- જીએસટી હેઠળ ઉપલબ્ધ ઈનપુટ ક્રેડિટની પદ્ધતિ અને જથ્થા બાબતે સમજ જરૂરી બનશે.
- સ્પર્ધાત્મકતાનું મૂલ્યાંકન અને નવા જીએસટી દરના સંબંધમાં પ્રોડકટસની માંગનું માળખું સમજવું પડશે, જેથી ચીજોની કિંમત વધી કે ઘટી શકે નહી.
- સંસ્થાઓમાં વિવિધ પ્રક્રિયાઓ/ એસઓપીનું પાલન કરવાનું રહેશે.
- અધિકૃત તારીખ સુધીના રેકર્ડ અપડેટ કરવા પડશે અને રેકર્ડમાં જરૂરી સુધારા/ઉમેરા/બાદબાકી કરવી પડશે, જેથી નવા કાયદાની જરૂરિયાતોનું પાલન થઈ શકે.
- વચગાળાની જરૂરિયાતો
- રિટર્ન્સમાં સેનવેટ ક્રેડિટ જેવી બિઝનેસની વિગતો, ૩૦ જૂન, ૨૦૧૭ના રિટર્નમાં દર્શાવી હોય તે રીતે દર્શાવવાની રહેશે. અને તેને અધિકૃત તારીખ પછી કેરિફોરવર્ડ કરવાની રહેશે.
- ઈન્વેન્ટરીનું ચેકિંગ અને યોગ્ય રેકર્ડ
- એમઆઈએસ રિપોર્ટ્સનું વિશ્લેષણ જીએસટીના અમલીકણ પછી જરૂરી બનશે.
- અન્ય કાયદાઓની અસરો અને કસ્ટમ્સ તથા એફટીપી સાથે સંકલન જરૂરી બનશે.

ઉપર દર્શાવેલા તમામ પડકારો અને ઉપર વર્ણવી છે તે મોટી સમસ્યાઓ હોવા છતાં પ્રોડકસસ ઉપર જીએસટી કરવેરાની ચૂકવણી અંગે પારદર્શકતા રહેશે. અત્યાર સુધી ચૂકવાતા હતા તેવા અન્ય અનેક છૂપા વેરાઓનો અંત આવશે. જીએસટીને કારણે દેશભરમાં માલ-સામાન અને સર્વિસીસનો મુક્ત પ્રવાહ વહેશે અને જીડીપીમાં ૧ ટકાથી માંડીને ૧.૮ ટકા જેટલો વધારો થવાની સંભાવના છે. આ ઉપરાંત અનેક કરવેરાઓની સંખ્યા ઘટી જવાને કારણે વિદેશી રોકાણકારોમાં આત્મવિશ્વાસનું નિર્માણ થશે અને આ દ્વારા દેશમાં સીધા વિદેશી મૂડીરોકાણને વેગ મળશે.

આપણે, પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને તેમની ટીમની ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ અમલી બનાવવા બદલ પ્રશંસા કરવી જોઈએ. આ વેરો એક સારી શરૂઆત છે. સુધારાઓનો અહીં અંત આવતો નથી, પરંતુ જેની તાતી જરૂરિયાત હતી તે પ્રથમ પગલું સફળતાપૂર્વક લેવાયું છે. હવે વધુ સુધારા આવી રહ્યા છે ત્યારે આપણે આશા રાખીએ કે ભારતના અર્થતંત્રનો વિકાસ નવી ઊંચાઈએ પહોંચશે.

**લેખક આઈસીએઆઈના ભૂતપૂર્વ પ્રમુખ છે.**

**ઈમેલ:**

**devarajareddy@yahoo.com**

**આગામી આકર્ષણ**

**સહુને માટે રહેઠાણ**

**Housing for All**

# જીએસટી અને ગ્રાહકો માટે તેનો શું અર્થ છે.....

**સુરજ જયસ્વાલ**





***જીએસટી શું છે ?***
***કોણ ચૂકવે છે અને કેવી રીતે તેનું એકત્રિકીકરણ થાય છે,*** *તેને આધારે વેરાઓને સીધા વેરા અને આડકતરા વેરા જેવી બે કેટેગરીમાં વહેંચવામાં આવે છે. સામાન્ય રીતે આવક, નફા અથવા તો સંપત્તિ ઉપર વેરા લેવામાં આવે છે. સીધા કરવેરાનાં કેટલાંક ઉદાહરણોમાં આવક વેરો, કોર્પોરેશન વેરો, સંપત્તિ વેરો અને મિલકત વેરાનો સમાવેશ થાય છે. આથી વિરુદ્ધ માલ- સામાનના અથવા તો સર્વિસીસના આર્થિક વ્યવહારો ઉપર આડકતરા વેરા વસૂલવામાં આવે છે અને તે વેચનાર અથવા તો ખરીદનારે ભોગવવાના રહે છે. આમ છતાં વેચનાર તે વેરાને ગ્રાહક ઉપર લાદી શકે છે. મોટાભાગના કિસ્સાઓમાં તે ગ્રાહક ઉપર લાદે છે. આડકતરા વેરાનાં કેટલાંક ઉદાહરણોમાં વિદેશથી આયાત કરાયેલા માલ-સામાન ઉપર કસ્ટમ ડયૂટી, વ્યાપારી સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવતી સર્વિસ ઉપર લેવામાં આવતો સર્વિસ ટેક્સ, માલ સામાનના ઉત્પાદન ઉપર લાગતી ઍક્સાઈઝ ડ્યૂટી તથા માલસામાનના વેચાણ ઉપર લાગતો સર્વિસ ટેક્સ વગેરે આડકતરા વેરાઓનાં ઉદાહરણો છે. ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) એક આડકતરો વેરો છે, જે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લેવાતા લગભગ તમામ આડકતરા વેરાઓને બદલે લેવામાં આવશે.*

**જીએસટી શું છે ?**
**કોણ ચૂકવે છે અને કેવી રીતે તેનું એકત્રિકીકરણ થાય છે,** તેને આધારે વેરાઓને સીધા વેરા અને આડકતરા વેરા જેવી બે કેટેગરીમાં વહેંચવામાં આવે છે. સામાન્ય રીતે આવક, નફા અથવા તો સંપત્તિ ઉપર વેરા લેવામાં આવે છે. સીધા કરવેરાનાં કેટલાંક ઉદાહરણોમાં આવક વેરો, કોર્પોરેશન વેરો, સંપત્તિ વેરો અને મિલકત વેરાનો સમાવેશ થાય છે. આથી વિરુદ્ધ માલ- સામાનના અથવા તો સર્વિસીસના આર્થિક વ્યવહારો ઉપર આડકતરા વેરા વસૂલવામાં આવે છે અને તે વેચનાર અથવા તો ખરીદનારે ભોગવવાના રહે છે. આમ છતાં વેચનાર તે વેરાને ગ્રાહક ઉપર લાદી શકે છે. મોટાભાગના કિસ્સાઓમાં તે ગ્રાહક ઉપર લાદે છે. આડકતરા વેરાનાં કેટલાંક ઉદાહરણોમાં વિદેશથી આયાત કરાયેલા માલ- સામાન ઉપર કસ્ટમ ડયૂટી, વ્યાપારી સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવતી સર્વિસ ઉપર લેવામાં આવતો સર્વિસ ટેક્સ, માલ સામાનના ઉત્પાદન ઉપર લાગતી ઍક્સાઈઝ ડ્યૂટી તથા માલસામાનના વેચાણ ઉપર લાગતો સર્વિસ ટેક્સ વગેરે આડકતરા વેરાઓનાં ઉદાહરણો છે. ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) એક આડકતરો વેરો છે, જે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લેવાતા લગભગ તમામ આડકતરા વેરાઓને બદલે લેવામાં આવશે.

ભારતમાં તા.૧ જુલાઈ, ૨૦૧૭થી અમલી બનેલા જીએસટીનાં મુખ્યત્વે બે પાસાં છે. જેમાંનું એક પાસું એ છે કે દરેક માલ સામાન કે સર્વિસીસને માત્ર એક જ વેરો લાગશે, જે તમામ રાજ્યો અને દેશમાં એક સરખો રહેશે. આમ છતાં નોંધપાત્ર બાબત એ છે કે પેટ્રોલિયમ, આલ્કોહૉલ અને રિયલ એસ્ટેટ જેવાં કેટલાંક ક્ષેત્રોને જીએસટીના વ્યાપમાંથી બહાર રાખવામાં આવ્યાં છે અને તે ચીજોમાં કરવેરાનું જૂનું માળખું ચાલુ રહેશે. કસ્ટમ ડ્યુટી ચાલુ રહી છે, પણ તેને જીએસટીની અંદર સમાવી લેવામાં આવી છે. આ ઉપરાંત સ્થાનિક મ્યુનિસિપાલિટીઝ તથા ગ્રામ પંચાયતો વગેરે સંસ્થાઓ દ્વારા લાદવામાં આવેલા વેરાને પણ બાકાત રાખવામાં આવેલ છે. અગાઉ લાગુ પડતા હતા તેવા તમામ આડકતરા વેરાને બદલે જીએસટી લાગુ કરવામાં આવશે. કેટલાક આડકતરા વેરા કે જેને જીએસટીની અંદર સમાવી લેવામાં આવ્યા છે, તેમાં એક્સાઈઝ ડ્યૂટી સર્વિસ ટેક્સ, કસ્ટમ્સ ઉપરની ખાસ વધારાની જકાત (ડ્યુટી), રાજ્ય સરકારો દ્વારા લેવાતો વેટ, રાજ્ય સરકારોનો વેચાણ વેરો, મનોરંજન ટેક્સ, ઍન્ટ્રી ટૅક્સ, લકઝરી ટેક્સ વગેરેનો સમાવેશ થાય છે.

જીએસટીના આગમનને કારણે જેમને અસર થવાની છે તેવા મુખ્ય સહયોગીઓ (stakeholders) માં ગ્રાહકો, સરકાર




અને વિવિધ બિઝનેસનો સમાવેશ થાય છે. અગાઉની કર વ્યવસ્થાની તુલનામાં જીએસટી કેટલો અલગ છે તેનું આ લેખમાં વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તથા તેના પરિણામે ગ્રાહકો ઉપર કેવી અસર થશે તે બાબત સમજાવવા પ્રયાસ કરાયો છે.

**● અગાઉની કર વ્યવસ્થાની તુલનામાં જીએસટી કેટલો અલગ છે ?**

કોઈ ચોક્કસ માલ- સામાન કે સર્વિસ કે જેની આખરી ખરીદી ગ્રાહક દ્વારા તેના વ્યક્તિગત વપરાશ માટે કરવામાં આવી હોય ત્યારે તે પ્રોડકટ અને સપ્લાય ચેઈન, સંખ્યાબંધ તબક્કાઓમાંથી પસાર થાય છે અને આ પ્રક્રિયામાં કેન્દ્ર સરકાર દ્વારા તથા રાજ્ય સરકારો દ્વારા તેની ઉપર એક કે તેથી વધુ વેરા લાગુ પડતા હતા. કેટલાક વેરા કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવતા હતા, તો કેટલાક વેરા જે તે રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતા હતા. ઉદાહરણ તરીકે જેમ કે એક ટીવી સેટ કે જેનું ભારતમાં ઉત્પાદન કરવામાં આવ્યું હોય તો તે જ્યારે ફેકટરી છોડે ત્યારે તેની ઉપર એક્સાઈઝ ડ્યૂટી વસૂલ કરવામાં આવે છે. જો તેમાં કોઈ આયાતી વસ્તુ (ઘટક) નાંખવામાં આવેલ હોય તો તો તે ઘટકો ઉપર કસ્ટમ ડ્યૂટી ચૂકવવાની રહે છે. તેના પ્રવાસ દરમ્યાન તે પછીના તબક્કામાં ઉત્પાદકને ત્યાંથી જથ્થાબંધ વેપારીને ત્યાં જતી વખતે તેની પર વેચાણવેરો લેવાય છે. જથ્થાબંધ વેપારી પાસેથી રિટેઈલ વેપારી પાસે જાય ત્યારે તેની ઉપર વેટ લાગુ પડી શકે છે. આથી જ્યારે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં માલ- સામાન લઈ જવામાં આવે ત્યારે પરિસ્થિતિ ખૂબ જ અટપટી બની જતી હતી, કારણ કે તેની ઉપર સેન્ટ્રલ સેલ્સ ટેક્સ તો લાગુ પડતો જ હતો, પણ રાજ્યે રાજ્યે આ વેરાના દર અલગ અલગ લેવામાં આવતા હતા. દાખલા તરીકે જીએસટી લાગુ પડ્યો તે પહેલાં મહારાષ્ટ્રમાં વેલ્યૂ એડેડ ટેક્સ (વેટ) ૧૨.૫ ટકા હતો, જ્યારે ગુજરાતમાં આ જ વેરો ૧૫ ટકા વસૂલવામાં આવતો હતો. કેટલીક વાર કેટલાક માલ-સામાન કે સર્વિસીસને પ્રોત્સાહન આપવા માટે અથવા તો તેને પ્રોત્સાહન મળે નહી તે માટે, લકઝરી ટેક્સ અથવા તો સીન (SIN) ટેક્સ લાગુ કરવામાં આવતો હતો. આવા અનેક પ્રકારના વેરાઓ અને તેને કારણે ઊભી થતી અટપટી રીતે વેરા લાગુ પાડવાની પરિસ્થિતિને કારણે બે પ્રકારની સમસ્યાઓ ઊભી થતી હતી. પ્રથમ સમસ્યા એ થતી હતી કે તેનાથી કરવેરા કાયદાનુ પાલન અઘરું બનતું હતું અને કરચોરી કરવાની પણ તક રહેતી હતી. બીજી સમસ્યા એ રહેતી હતી કે દરેક વેરો વેચાણ કીમત ઉપર લાગુ પડતો હોવાને કારણે તેમાં અગાઉને તબક્કે ચૂકવાયેલો વેરો પણ લાગુ પડતો હતો. મૂળભૂત રીતે આ કારણે અગાઉના તબક્કે ચૂકવાયેલા વેરા ઉપર લાગતો વેરો બની જતો હતો. આ અસાધારણ પરિસ્થિતિને કાસ્કેડિંગ ઈફેક્ટ (અસર) તરીકે ઓળખવામાં આવે છે, નીચે દર્શાવેલુ ચિત્ર આવી અસાધારણ પરિસ્થિતિની સરળ રીતે સ્પષ્ટતા કરે છે.

નવી જીએસટી કર વ્યવસ્થા હેઠળ કોઈ ચોકકસ માલ કે સર્વિસ ઉપર માત્ર એક જ વેરો લાગશે અને તે તમામ રાજ્યોમાં એક સરખો રહેશે. આ ઉપરાંત દરેક ઉત્પાદક /વેચાણ કરનાર /બિઝનેસ કરનાર સંસ્થા વગેરે 'ઈનપુટ ટેક્સ ક્રેડીટ' (ITC) તરીકે ઓળખાતો લાભ મેળવી શકશે. ઉપરના ચિત્રને આધારે વિસ્તૃત વાત કરીએ તો જ્યારે B રૂ.૧૧૦ની કિંમતનો માલ ખરીદે છે ત્યારે તેમાં રૂ.૧૦ના વેરાનો સમાવેશ થતો હોય છે, જ્યારે છ આ રકમ ખરીદનારની (આ કિસ્સામાં Bની ) વિગત સાથે સરકારમાં જમા કરાવે છે, ત્યારે B ને રૂ.૧૦ની ટેક્સ ઈનપુટ ક્રેડીટ મળશે. જ્યારે Bજ્યારે આખરે Cને રૂ.૧૩૦માં વેચે છે ત્યારે B દ્વારા કરની જે રકમ જમા કરાવવાની જરૂર રહેતી હતી તે વેરો રૂ.૧૩ થશે (એક સરખો જીએસટી હવે ૧૦ ટકા છે). આમ છતાં B પાસે રૂ.૧૦ની ટેક્સ ક્રેડીટ હોવાને કારણે માત્ર રૂ.૩ વધારાના ભરવાના રહેશે. આમ જે રીતે જીએસટી આડકતરા વેરાને સરળ અને વિવિધ

રાજયોમાં એક સરખો બનાવે છે ત્યારે આઈટીસીની વ્યવસ્થાને કારણે વેરાના કુલ બોજમાં ઘટાડો થાય છે અને આ કારણે બિઝનેસનો એકંદર ખર્ચ ઘટે છે.

**● જીએસટીની ગ્રાહકો માટે સંભવિત લાભ/ આડ અસરો કેવી રહેશે**

બે અલગ અલગ પ્રકારે જીએસટીની ગ્રાહકો ઉપર અસર થઈ શકે છે. પ્રથમ તો જીએસટીની સીધી અને તાત્કાલિક અસર દરેક ગુડઝ અને સર્વિસીસ ઉપર 'અસરકારક' કર દર બની રહેશે. જીએસટી લાગુ પડ્યા પહેલાં કરવેરાનો જે દર લાગુ પડતો હતો તેની તુલનામાં નવો 'અસરકારક' કર દરને આધારે એ મુજબ કિંમતો કાં તો વધશે અથવા તો ઘટશે. બીજી જીએસટીની આડકતરી અસર એ છે કે તે માત્ર મધ્યમથી લાંબાગાળે જાણી શકાય તેવી સંભાવના છે અને તે પ્રોડકટ અને સપ્લાય ચેઈન પ્રક્રિયાઓમાં ફેરફારો મારફતે થશે. આ બંને સંભવિત અસરો નીચેના વિભાગમાં વિગતવાર ચર્ચવામાં આવી છે.

જીએસટી હેઠળ, દરેક માલ-સામાન અથવા તો સર્વિસને નિર્ધારિત કરાયેલા ૪ કર દર (૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા) માંથી એક દર લાગુ પડશે. અથવા તો તેને કર ચૂકવવામાંથી મુક્તિ આપવામાં આવી હશે. એટલે કે તેને ઝીરો ટકા કર દર લાગુ પડતો હશે. જીએસટીના સમયગાળાની તુલનામાં 'અસરકારક' કર દરમાં જે તફાવત જોવા મળે તે માલ-સામાન/ સર્વિસને અલગ અલગ સ્લેબમાં મૂકવાને કારણે હોઈ શકે છે. દા.ત. આપણે પ્રોડક્ટનું ઉદાહરણ લઈએ કે જે ઉત્પાદન થયા પછી ગ્રાહકને જેનું સીધુ વેચાણ કરવામાં આવે છે. અગાઉની વ્યવસ્થામાં આખરી વેચાણ પૂર્વે જે વેરાઓ લેવામાં આવતા હતા તેમાં ઍક્સાઈઝ ડ્યુટી, રાજ્ય સરકારનો વેટ, ઍન્ટ્રી ટેક્સ વગેરેનો સમાવેશ થાય છે. આપણે ધારીએ કે આવા તમામ પ્રકારના વેરાઓ મળીને કુલ ૧૫ ટકા થાય છે. જો જીએસટી વ્યવસ્થા હેઠળ આ પ્રોડક્ટને ૧૮ ટકાના સ્લેબમાં મૂકવામાં આવી હોય તો તે મોંઘી બની રહે છે. આમ છતાં, જો તેને ૧૨ ટકા અથવા તો ૫ ટકાના સ્લેબમાં મૂકવામાં આવી હોય તો તે સસ્તી બને છે. એ બાબત નોંધવી જોઈએ કે અગાઉ વિવિધ રાજ્યોમાં કરના દરમાં જે ફેરફારો હતા તેને કારણે ચોક્કસ માલ- સામાન/ સર્વિસ સંભવતઃ એક રાજયમાં સસ્તી અને બીજા રાજયમાં મોંઘી બની શકે છે.

જીએસટી હેઠળ કૃષિ અને ખાદ્ય ઉત્પાદનો જેવા કે અનાજ, કઠોળ, ફળ, શાકભાજી અને દૂધની સાથે સાથે શિક્ષણ અને આરોગ્ય સેવાને કરમાંથી બાકાત રાખવામાં આવી છે. કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સની ગણતરી મુજબ આ બધી ચીજો ભેગી મળીને પરિવારમાં સરેરાશ ૪૦ થી ૫૦ ટકા જેટલો ખર્ચ થતો હોય છે. જ્યારે અન્ય આવશ્યક ચીજો જેવી કે કોલસો, ખાંડ, ખાદ્ય તેલ, કોફીને ૫ ટકાના દરમાં મૂકવામાં આવી છે. સર્વિસીસ માટેનો સ્ટાન્ડર્ડ દર ૧૮ ટકા રાખવામાં આવ્યો છે, જે જીએસટી પૂર્વેના ૧૪ થી ૧૫ ટકાના દર કરતાં ઊંચો છે. વિવિધ પ્રકારના કર વેરા અને વિવિધ તબક્કે કર બોજને કારણે જીએસટી પૂર્વેના કાળમાં માલ-સામાન/ સર્વિસ ઉપરના અસરકારક કર દરની ગણતરી કરીને ચોક્કસ તફાવત કાઢવો તે વ્યક્તિ માટે મુશ્કેલ બની રહેતું હતું. આમ છતાં, કેટલાક અર્થશાસ્ત્રીઓ દ્વારા એવો અંદાજ મૂકવામાં આવ્યો છે કે અંદાજે ૫૦ ટકા જેટલી ચીજો ઉપર કર દર મહદ્ અંશે એક સરખો રહેશે, જ્યારે ૩૦ ટકા ચીજોમાં કર દર ઓછો થશે, જ્યારે ૨૦ ટકા ચીજોમાં કરનો બોજ વધી શકે છે.

બીજી પ્રકારે વાત કરીએ તો કેટલીક ચીજોમાં ઈનપુટ ટેક્સ ક્રેડિટ સ્કીમને કારણે અસરકારક કર દર બદલાઈ શકે છે. અગાઉ સ્પષ્ટતા કરાઈ છે તે મુજબ આ પ્રક્રિયા, કરનો એકંદર બોજો ઘટાડીને ઉત્પાદકો / વેચાણ કરનારાઓ માટે એકંદર ખર્ચમાં ઘટાડો કરે છે. ખર્ચમાં થતો આ ઘટાડાના કારણે આખરે ગ્રાહક દ્વારા ચૂકવાતી આખરી કિંમત નીચી આવશે. ઘટેલા ખર્ચનો લાભ ગ્રાહકોને નહીં આપનાર કંપનીઓ સાથે કામ પાર પાડવા માટે સરકારે જીએસટી બિલમાં 'એન્ટિ - પ્રોફિટીયરિંગ રૂલ્સ' ઘડી કાઢ્યા છે. જેથી કોઈ પણ કંપની કે બિઝનેસ માટે ઇનપુટ ટેક્સ ક્રેડિટને કારણે ખર્ચમાં થતો ઘટાડો કિંમતમાં યોગ્ય ઘટાડો કરીને ગ્રાહકોને આપવાનું ફરજિયાત બને છે. આમ છતાં, એ જોવાનું રહે છે કે હકીકતમાં કિંમતો ઘટી શકે નહીં. આવું બનવાનું ઓછામાં ઓછું તાત્કાલિક ધોરણે લૉજિસ્ટિક પડકારો જેવા કારણોને લીધે તથા પ્રોડક્ટસ ઉપર હાલની એમઆરપીને કારણે મુશ્કેલ બનશે.

સમાન અસરકારક કર દરની સંભાવના હોવા છતાં સંખ્યાબંધ અર્થશાસ્ત્રીઓ અને વિશ્લેષકો નજીકના ભવિષ્યમાં ફુગાવામાં વધારો થવાની ધારણા વ્યક્ત કરે છે. આ ધારણા પાછળ સંભવતઃ બે કારણો હોઈ શકે છે. જાપાન, ઑસ્ટ્રેલિયા, કેનેડા જેવા અન્ય દેશોના અનુભવને આધારે જાણી શકાયું છે કે જીએસટીનું અમલીકરણ થયા પછી ફુગાવાના દરમાં વધારો જોવા મળ્યો હતો અને ભારતમાં પણ આવી પરિસ્થિતિ ઉભી થઈ શકે છે. ભાવમાં વધારાની અન્ય શક્યતા કર પાલનના ખર્ચને કારણે અને ખાસ કરીને નાના અને મધ્યમ કદના એકમો માટે કર પાલનું ખર્ચ વધતાં પણ ઉદ્દભવી શકે છે. આપણે જીએસટીના હવે પછીના તબક્કામાં જઈશું ત્યારે જીએસટી તેની ઉત્પાદન, વિવિધ બિઝનેસ અને સપ્લાય ચેઈનની પ્રક્રિયાઓને થનારી અસરને કારણે અસર કરી શકે છે.

જીએસટીનો વ્યાપકપણે ચર્ચાયેલો એક મુદ્દો તેની નાના અને મધ્યમ કદના એકમો ઉપર થનારી અસરનો છે. હાલમાં ભારતમાં બિન-ઔપચારિક અર્થતંત્ર તરીકે ઘણાં એકમો અપ્રમાણસર સંખ્યામાં કામ કરે છે. એનો મુખ્ય અર્થ એ થાય કે આવા એકમો નિયમન તંત્ર અને કરવેરાની જવાબદારીમાંથી છટકી જતા હતા. કર ચોરીનો આ રસ્તો આવા એકમોને એકંદર ખર્ચ નીચો જાળવી રાખવામાં સહાયરૂપ બની શકે, પરંતુ ઈનપુટ ટેક્સ ક્રેડિટ સિસ્ટમ હેઠળ એક સંસ્થા ત્યારે જ લાભ મેળવી શકે, જ્યારે તેણે જીએસટી નેટવર્ક હેઠળ રજીસ્ટર્ડ થયેલી સંસ્થામાંથી ખરીદી કરી હોય અને એ મુજબ કર ચૂકવણી કરી હોય. આ જોગવાઈને કારણે મોટી સંભાવના એ પણ રહે છે કે ખરીદી કરનાર માત્ર જીએસટીનું પાલન કરતો હોય તેવા વેચનાર પાસેથી જ ખરીદી કરવાનું પસંદ કરશે. આને કારણે અગાઉ નિયમન તંત્રમાં નોંધણી કરાવવામાંથી છટકીને સંચાલન કરતા બિઝનેસના એકમોની મોટી સંખ્યાએ નિયમન તંત્ર અને કરવેરા ખર્ચનો મોટો બોજો ઉપાડવો પડશે. જે એકમો વર્તમાન નીતિ નિયમોનું પાલન કરતા હશે તે પણ જીએસટી નેટવર્ક તરફ તબદીલ થશે ત્યારે ઓછામાં ઓછું શરૂઆતના ગાળામાં તો તેમના ખર્ચમાં વધારો થશે. આ વેરો એકંદરે ખર્ચના માળખાને કેવી રીતે અસર કરે છે તેને આધારે મોટા એકમો માટે કરવેરાનો પાયો વ્યાપક બનવાની અને સરકાર માટે એકંદર કરની આવક વધવાની સંભાવના છે તથા તે મુજબ ભાવ વધી શકે છે.

છેલ્લે, જીએસટીની અન્ય મોટી અસર માલ-સામાનની હેરફેર અને ખાસ કરીને આંતર રાજ્ય પરિવહન ઉપર થશે. રાજ્યની સરહદે આવેલી ચેક-પોસ્ટસ ઉપર લાગતી ટ્રકોની મોટી કતાર કે જે એક સામાન્ય બાબત બની ગઈ હતી. આમ છતાં જીએસટીને કારણે રાજ્યોમાં કરવેરાના દર એક સરખા થતાં આ બધી કતારો ગાયબ થઈ જશે. આ લેખ જ્યારે લખાઈ રહ્યો છે ત્યારે ૨૨ રાજ્યોએ ચેક-પોસ્ટ નાબૂદ કરી દીધી છે. દેશભરમાં વિના અવરોધે માલ-સામાનની હેરફેર થશે એટલે પરિવહન ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો થવાની સંભાવના છે. સાથે સાથે પરિવહનમાં લાગતા સમય અને તેને કારણે એકંદર ખર્ચમાં પણ ઘટાડો થશે.

### ● આખરી અવલોકનો

જીએસટીને સ્વતંત્ર ભારતનો સૌથી મોટો કર સુધારો ગણવામાં આવે છે અને એવું માનવાને ઘણાં કારણો છે કે જીએસટીને પરિણામે દીર્ઘકાલિન પ્રત્યાઘાતો પડશે. ગ્રાહકના દ્રષ્ટિકોણથી જોઈએ તો જીએસટીને કારણે કિંમતોનું એકંદર સ્તર કેવી રીતે બદલાશે તેની અનિશ્ચિતતા રહે છે, કારણ કે ઘટવાના અને વધવાના બંને તરફનાં કેટલાં પરિબળો કામ કરે છે. માલ-સામાનની મોટી બાસ્કેટ ઉપર અસરકારક કર દર, ઈનપુટ ટેક્સ ક્રેડિટ અને સપ્લાય- ચેઈનમાં સુધારો એ એવા પરિબળો છે કે જે ભાવનું સ્તર ઘટાડી શકે છે. બીજી તરફ સર્વિસીસ માટે અસરકારક કર દરમાં વધારો અને ખાસ કરીને નાના અને મધ્યમ કદના એકમો માટે અમલીકરણના વધેલા ખર્ચને લીધે ભાવ વધવાની સંભાવના રહે છે. આ બધા પરિબળો એક બીજા સાથે ટકરાય છે તેને કારણે નજીકના ભવિષ્યમાં ભાવનું સ્તર કેવું રહેશે તેની ધારણા બાંધવી મુશ્કેલ છે. અન્ય દેશો કે જેમણે અગાઉ જીએસટી અમલી બનાવ્યો છે તે દેશોમાંથી કોઈપણ દેશમાં વિવિધ પ્રકારના અને વિવિધ સ્તર ધરાવતા વેરાઓ નથી. અહીં એ ઉલ્લેખ કરવો જરૂરી નથી કે જીએસટીને કારણે કરવેરાની અટપટી સિસ્ટમ દૂર થશે. આ પશ્ચાદ્ ભૂમિકા વચ્ચે હવે એ જોવાનું રહેશે કે આ બધા પરિબળો એક સાથે કામ કરવાને કારણે જીએસટી આખરે ગ્રાહકને કેવી અસર કરશે તેની ધારણા બાંધવી મુશ્કેલ બને છે.

**લેખક નવી દિલ્હી ખાતે સેન્ટ્રલ ફોર બજેટ એન્ડ ગવર્નન્સ એકાઉન્ટિબિલિટી (સીબીજીએ)ના પ્રોગ્રામ કન્સલ્ટન્ટ છે. તેઓ કાળા નાણાં, કર ચોરી અને નાણાકીય પારદર્શિતા સાથે સંકળાયેલા મુદ્દાઓ ઉપર કાર્ય કરે છે.**
**ઈમેલઃ suraj@cbgaindia.org**

# જીએસટી અને વ્યાપાર કરવામાં આસાની ઉપર તેની અસરો

ડેનિશ એ. હાશિમ અને વર્ષા કુમારી




*રાજ્યો દ્વારા અલગ અલગ કર દર રાખવામાં આવતા હતા અને તેને કારણે કરવેરાનો ઊંચો દર ધરાવતા રાજ્યોમાં બિઝનેસ કરવામાં ગેરલાભ રહેતો હતો. એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં માલ-સામાનની હેરફેર કરવામાં બંને રાજ્યોના વેરા ભરવા પડતા હતા, જેને પરિણામે વેરાના પાલન ખર્ચમાં વધારો થતો હતો. વિવિધ રાજ્યોમાં એક સમાન વેરા નહીં હોવાના કારણે બિઝનેસના નિર્ણયો લેવામાં અનિશ્ચિતતા અને ગૂંચવાડાનો સામનો કરવો પડતો હતો. માલ-સામાન અને સર્વિસિસ ઉપર જે વેરો લાગતો હતો તેમાં અગાઉના તબક્કે ચૂકવાયેલા વેરાનું રિબેટ મેળવવાની કોઈ અલગ વ્યવસ્થા ન હતી. આથી કાસ્કેડીગ ઈફેક્ટસ (વેરા ઉપર વેરા) ની અસર ઉભી થતી હતી.*

*જીએસટીના અસરકારક અમલીકરણને કારણે આ તમામ અને અન્ય સમસ્યાઓ પણ હલ થશે તથા કરવેરાના પાલનની પ્રક્રિયા સરળ બનશે, માલ-સામાનની આંતર રાજ્ય હેરફેર ઉપરના નિયંત્રણો ઘટશે, કરવેરાનો બોજો ઘટશે. સમયસર કરવેરાનું રિફંડ મળશે અને આવા ઘણાં બધાં ફાયદાઓનો સમાવેશ થાય છે.*

દેશમાં કરવેરા ક્ષેત્રે મહત્વના સુધારા હાથ ધરવાની ૧૭ વર્ષની મેરેથોન મજલ પછી, ચર્ચાના વિવિધ રાઉન્ડ, પરામર્શ, બેઠકો, માર્ગદર્શન અને ભેદ-મતભેદ વચ્ચે ગુડ્ઝ અને સર્વિસ ટેક્સ (જીએસટી) તા.૧ જુલાઈ, ૨૦૧૭થી ભારતમાં અમલી બની ગયો છે. આ મજલની શરૂઆત વર્ષ ૨૦૦૦માં અટલ બિહારી વાજપેયી સરકાર વખતે જીએસટીનું મોડલ સૂચવવા માટે એક કમિટિની સ્થાપના કરીને કરાઈ હતી. તે પછી વર્ષ ૨૦૦૩માં વિજય કેલકરની ચેરમેનશિપ હેઠળ ટાસ્કફોર્સની રચના કરવામાં આવી હતી. તે પછી પાછુ વળીને જોવામાં આવ્યું નથી અને કેન્દ્ર સરકાર રાજ્ય સરકારો સાથે મળીને વહેલામાં વહેલું અમલીકરણ થઈ શકે તે માટે સક્રિય રહી છે.

જીએસટીના અમલીકરણની સાથે ભારત, જર્મની, ઈટાલી, યુકે, દક્ષિણ કોરિયા, જાપાન, કેનેડા, ઓસ્ટ્રેલિયા, રશિયા, ચીન, સિંગાપુર અને મલેશિયા સહિત ૧૬૦ થી વધુ દેશો કે જેમણે જીએસટી/વેટ અમલમાં મૂકી ચૂક્યા છે તેમના જૂથમાં જોડાઈ ગયું છે. છેક ૧૯૫૪માં જીએસટીનું અમલીકરણ કરનાર ફ્રાન્સ પ્રથમ દેશ હતો, કે જેણે આ વ્યવસ્થા દ્વારા કર ચોરીની સમસ્યા હલ કરવા પ્રયાસ કર્યો હતો. ભારતમાં જીએસટીની રજૂઆત એ બિઝનેસ કરવામાં આસાનીને મોરચે ભારતનું રેન્કિંગ સુધારવા માટેનું એક મહત્ત્વનું કદમ છે. વર્લ્ડ બેંકના ડુઈંગ બિઝનેસ રિપોર્ટ- ૨૦૧૭ ના વિશ્વના ૧૯૦ દેશોની યાદીમાં ભારત ૧૩૦મા સ્થાને છે.

## ૨. જીએસટી અંગે સમજ

જીએસટી એ ઉત્પાદક દ્વારા ગ્રાહકને પૂરા પાડવામાં આવતા માલ-સામાન અને સર્વિસીસ ઉપર લાગતો એક સિંગલ ટેક્સ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા લેવાતા વિવિધ કરવેરાને બદલે આ વેરો અમલમાં આવ્યો છે અને એ રીતે ભારતનું એકીકૃત બજારમાં રૂપાંતર થયું છે. (કોઠો-૧) અન્ય લાભની વાત કરીએ તો જીએસટીને કારણે કરવેરાનું પાલન કરવામાં, વેરા પર લાગતો વેરો દૂર કરવામાં, કર વહીવટ સુધારવામાં, કર ચોરી અટકાવવામાં, અર્થતંત્રના સંગઠિત ક્ષેત્રને વિસ્તૃત કરવામાં અને દેશના ખજાનામાં કરની આવકમાં વૃદ્ધિ દ્વારા આ વેરાથી બિઝનેસની આસાની સુધરવાની અપેક્ષા છે.

જીએસટી દ્વારા ૧૭ જેટલા આડકતરા વેરા (કેન્દ્ર સરકારના-૮ અને રાજ્ય સરકારોના-૯) તેમજ કેન્દ્ર અને

રાજ્યોની ૨૩ જેટલી સેસ દૂર કરીને વિવિધ રિટર્ન, એસેસમેન્ટ અને ફાઈલ કરવાની જરૂરિયાત નાબૂદ કરશે તેમજ ઉત્પાદકથી ગ્રાહક સુધીની સપ્લાય ચેઈનની સાથે સાથે માલ-સામાન અને સર્વિસીસને લગતા વેરાનું તાર્કિકરણ કરશે. જીએસટીમાં અનુક્રમે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતા સેન્ટ્રલ જીએસટી (સીજીએસટી) અને સ્ટેટ જીએસટી (એસજીએસટી) ને ભેળવી (sub suming) દેવામાં આવ્યા છે. જીએસટી વેલ્યુ એડીશનના દરેક તબક્કે લાગે છે અને સપ્લાયરને વેલ્યૂ ચેઈનના અગાઉના તબક્કે ઈનપુટ ઉપર લેવાયેલી રકમને ટેક્સ ક્રેડિટની વ્યવસ્થા દ્વારા બાદ (subset) આપે છે. સપ્લાય ચેઈનનો છેલ્લો ડીલર ઉમેરાયેલો જીએસટી ગ્રાહક પાસેથી વસૂલ કરે છે અને જીએસટીને સ્થળ આધારિત વપરાશ વેરો બનાવે છે. વેલ્યુ ચેઈનના દરેક તબક્કે ઈનપુટ ક્રેડિટ મેળવવાની જોગવાઈને કારણે જીએસટી હેઠળ કાસ્કેડીગ ઈફેક્ટ (વેરા ઉપર વેરો) ની અસર દૂર થાય છે, જેનાથી ચીજ-વસ્તુઓના ભાવ ઘટવાની અને ગ્રાહકોને લાભ થવાની અપેક્ષા છે. અગાઉની કર વ્યવસ્થામાં વેરા ઉપર વેરાની મોટી સમસ્યા હતા. કોઈ ઉત્પાદન રૂ.૧૦૦ના શર્ટ ઉપર રૂ.૧૨ એક્સાઈઝ ડ્યુટી ચૂકવતો હોય તો પછીને તબક્કે રાજ્ય સરકાર ૧૫ ટકાનો વેટ, રૂ.૧૦૦ ઉપર નહી, પણ રૂ.૧૧૨ ઉપર લાગુ કરતી હતી, જેને કારણે વેરા પર વેરાની સ્થિતિ સર્જાતી હતી.

**કોઠો-૧ઃ જીએસટી દ્વારા ભેળવી દેવાયેલા વેરાઓઃ**

| ક્રમ | કેન્દ્ર સરકાર | રાજ્ય સરકાર |
|---|---|---|
| ૧. | સેન્ટ્રલ ઍક્સાઈઝ ડ્યુટી | રાજ્યનો વેટ |
| ૨. | ઍક્સાઈઝની જકાતો (તબીબી અને ટોયલેટ પ્રિપેરેશન) | સેન્ટ્રલ સેલ્સ ટેક્સ |
| ૩. | ઍક્સાઈઝની વધારાની જકાતો (ખાસ મહત્વ ધરાવતો માલ-સામાન) | લક્ઝરી ટેક્સ |
| ૪. | ઍડીશનલ ઍક્સાઈઝ ડ્યુટીઝ (ટેક્સટાઈલ્સ અને ટેક્સટાઈલ્સ પ્રોડક્ટસ) | એન્ટ્રી ટેક્સ (તમામ સ્વરૂપે) |
| ૫. | કસ્ટમ્સની એડિશન ડ્યુટીઝ (સીવીડી) | એન્ટર્ટેઈન્મેન્ટ એન્ડ એમ્યુઝમેન્ટ ટેક્સ (સ્થાનિક સંસ્થાઓ દ્વારા લેવાતો હોય તે સિવાયનો) |
| ૬. | સ્પેશિયલ એડિશનલ કસ્ટમ્સ ડ્યુટી (એસએડી) | વિજ્ઞાપનો ઉપરનો વેરો |
| ૭. | સર્વિસ ટેક્સ | પર્ચેઝ ટેક્સ |
| ૮. | માલ- સામાન અને સર્વિસીસ સંબંધી વિવિધ પ્રકારના સેન્ટ્રલ સરચાર્જ અને સેસ | |
| ૯. | | માલ- સામાન અને સર્વિસીસ સાથે સંકળાયેલા રાજ્યના વિવિધ સરચાર્જ અને સેસ |

રાજ્યોની સરહદો પરથી વિપુલ પ્રમાણમાં થતી માલ- સામાન અને સર્વિસીસની હેરફેરમાં જીએસટી દ્વારા આંતરરાજ્ય વ્યવહારોમાં ઈન્ટિગ્રેટેડ જીએસટી (IGST) લાગુ કરીને અને આંતરરાજ્ય હેરફેરમાં બે સ્થળે વેરો ભરવાની જરૂરિયાત નિવારીને હેરફેરમાં અપાર સુગમતા કરી આપવામાં આવી છે. વેરાના પાલનની પ્રક્રિયા સરળ બનાવવા ઉપરાંત આ વ્યવસ્થાથી આર્થિક વ્યવહારોના ખર્ચમાં સરહદો ઉપર આવેલી ચેક-પોસ્ટ ખાતે વ્યવહારમાં વ્યય થતા સમયની બચત કરવામાં મદદ થવાની અપેક્ષા છે, જેમાં એક અંદાજ મુજબ ટ્રક્સની હેરફેરમાં લાગતા કુલ સમયમાં આશરે ૬૦ ટકા જેટલો સમય વપરાતો હતો.

જીએસટી એ ૫, ૧૨, ૧૮ અને ૨૮ ટકા વેરાનું ચાર સ્તરીય કર માળખું ધરાવતો વેરો છે. આ માળખામાં આવશ્યક ચીજો પર ઓછો વેરો તથા લક્ઝરી અને ડી- મેરિટ ગુડ્ઝ ઉપર સૌથી વેરો તેમજ રાજ્યોને આડકતરા વેરામાં થતી ખોટ નિવારવા માટે વધારાની સેસ પણ લગાડવામાં આવે છે. કન્ઝ્યુમર પ્રાઇસ ઈન્ડેક્ટ (સીપીઆઈ) બાસ્કેટની અંદાજે ૩૦ થી ૩૫ ટકા ચીજો કરમુક્તિની કેટેગરીમાં આવે છે, જેનાથી આવશ્યક ચીજોની કિંમતો નિયંત્રિત કરવામાં સહાય થશે. માલ- સામાન અને સર્વિસીસના નિકાસ પુરવઠા ઉપર શૂન્ય દરથી વેરો લાગે છે, એટલે કે કોઈ વેરો લેવામાં આવતો નથી. એવો પ્રયાસ

કરવામાં આવ્યો છે કે રાજ્ય અને કેન્દ્ર સરકારને મળતી આવકને કોઈ વિપરીત અસર થાય નહી. જીએસટી હેઠળના અંદાજે ૬૦ ટકા માલ-સામાનને ૧૮ ટકા અને ૨૦ ટકાનો વેરો લાગુ કરાયો છે અને માલ- સામાન ઉપર આશરે ૨૦ ટકા ઉપર ૨૮ ટકાનો વેરો લેવામાં આવે છે. આ ઉપરાંત લક્ઝરી અને નેગેટીવ ચીજોમાં ચોકલેટસ, ચ્યુઈ ગમ, શેમ્પુ, ડીઓડ્રન્ટ, પેઈન્ટ વગેરેનો સમાવેશ કરવામા આવ્યો છે. ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી, સ્ટેમ્પ ડ્યૂટી, એક્સાઈઝ ડ્યૂટી અને આલ્કોહોલિક પીણાંઓ ઉપર વેટ, પેટ્રોલિયમ પ્રોડક્ટસ (જેવી કે ક્રૂડ, નેચરલ ગેસ, પેટ્રોલ અને ડીઝલ) ને કામચલાઉ ધોરણ જીએસટીના વ્યાપમાંથી બહાર રાખવામાં આવ્યા છે. જે બિઝનેસ માત્ર કરમુક્ત માલ-સામાનમાં કામકાજ કરતાં હોય અથવા તો વાર્ષિક રૂ.૨૦ લાખથી ઓછુ ટર્ન ઓવર ધરાવતા હોય અને આંતર રાજ્ય પુરવઠાની કામગીરીમાં સંકળાયેલા ન હોય તો તેમને જીએસટીના રિટર્ન ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

જીએસટીને કારણે મહદ અંશે મુખ્ય ક્ષેત્રોમાં (કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, કન્સ્ટ્રક્શન મટીરિયલ્સ અને એફએમસીજી જેવાં ક્ષેત્રોમાં) ટૂંકાગાળે ભાવ/ ખર્ચને અંશતઃ અસર થશે અને તે મહદ અંશે અગાઉ જે કર બોજ લાગતો હતો તે મુજબ જ રહેશે. એફએમસીજી ઉપર થનારી અસર દરેક રાજ્યમાં અગાઉ વેરાઓમાં જે તફાવત હતો તેને કારણે અલગ અલગ રહેશે. અગાઉ જે બિઝનેસમાં ઊંચો સીએસટી (માલ-સામાનની આંતર રાજ્ય હેરફેરને કારણે) લાગતો હતો તેમને અંદાજે બે ટકા જેટલી બચત થશે. ઑટોમોબાઈલ્સ જેવા ક્ષેત્રોમાં વેરાની બચત પ્રમાણમાં ઊંચી રહેશે, કારણ કે કરવેરાનો બોજ અગાઉ ૫૦ ટકાથી વધુ હતો તે હવે ૪૩ ટકા થયો છે (૨૮ ટકા જીએસટી‡ ૧૫ ટકા સેસ). એકંદરે ઑટોમોબાઈલ્સ અને એફએસસીજી સેક્ટરમાં જીએસટી પછી કિંમતો ઘટેલી જોવા મળે છે.

### ૩. બિઝનેસ કરવામાં આસાની ઉપર જીએસટીની અસર

આડકતરા વેરાના પાલનમાં ચોક્કસ ક્ષેત્રોમાં જે મુશ્કેલીઓ હતી તેનાથી ભારતમાં બિઝનેસ કરવામાં આસાનીને વિપરીત અસર થતી હતી. સીઆઈઆઈ- કેપીએમજી (૨૦૧૪) દ્વારા કરાયેલા અભ્યાસમાં જણાયુ છે કે કંપનીઓને વેટ, ઍક્સાઈઝ, કસ્ટમ્સ અને સર્વિસ ટૅક્સ, માલ-સામાનની હેરફેર, ટૅક્સ ઑથોરિટીઝ સાથેના કામકાજ, કરવેરા વિવાદો હલ કરવામાં, કરવેરા પ્રોત્સાહનો મેળવવામાં અને કરવેરાનું રિફંડ સમયસર મેળવવાની મુખ્ય સમસ્યાઓનો અગાઉની કર વ્યવસ્થામાં સામનો કરવો પડતો હતો. રાજ્યો દ્વારા અલગ અલગ કર દર રાખવામાં આવતા હતા અને તેને કારણે કરવેરાનો ઊંચો દર ધરાવતા રાજ્યોમાં બિઝનેસ કરવામાં ગેરલાભ રહેતો હતો. એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં માલ-સામાનની હેરફેર કરવામાં બંને રાજ્યોના વેરા ભરવા પડતા હતા, જેને પરિણામે વેરાના પાલન ખર્ચમાં વધારો થતો હતો. વિવિધ રાજ્યોમાં એક સમાન વેરા નહીં હોવાના કારણે બિઝનેસના નિર્ણયો લેવામાં અનિશ્ચિતતા અને ગૂંચવાડાનો સામનો કરવો પડતો હતો. માલ- સામાન અને સર્વિસિસ ઉપર જે વેરો લાગતો હતો તેમાં અગાઉના તબક્કે ચૂકવાયેલા વેરાનું રિબેટ મેળવવાની કોઈ અલગ વ્યવસ્થા ન હતી. આથી કાસ્કેડીગ ઈફેક્ટસ (વેરા ઉપર વેરા) ની અસર ઉભી થતી હતી.

જીએસટીના અસરકારક અમલીકરણને કારણે આ તમામ અને અન્ય સમસ્યાઓ પણ હલ થશે તથા કરવેરાના પાલનની પ્રક્રિયા સરળ બનશે, માલ- સામાનની આંતર રાજ્ય હેરફેર ઉપરના નિયંત્રણો ઘટશે, કરવેરાનો બોજો ઘટશે. સમયસર કરવેરાનું રિફંડ મળશે અને આવા ઘણાં બધાં ફાયદાઓનો સમાવેશ થાય છે. આના વળતાં પરિણામ તરીકે વર્લ્ડ બૅંકના ડુઈંગ બિઝનેસ રિપોર્ટમાં દેશનું 'પેઈંગ ટેક્સિસીસ' બાબતે ગ્લોબલ રૅંકિંગ સુધરશે. હાલ ૧૯૦ અર્થતંત્રોમાં ભારત ૧૭૨મા સ્થાને હોવાની નબળી સ્થિતિ દર્શાવે છે.

બિઝનેસ કરવામાં આસાની બાબતે જે મહત્વના લાભ જીએસટીને કારણે થશે તેની વિગત નીચે મુજબ છેઃ

- **પાલન કરવામાં આસાની**

  અગાઉની કર વ્યવસ્થામાં વિવિધ બિઝનેસને વિવિધ વેરાઓના અનેક રિટર્ન ફાઈલ કરવા પડતા હતા. વિવિધ ટેક્સ ઑથોરિટીઝનો સામનો કરવો પડતો હતો અને અલગ અલગ આડકતરા વેરાઓના એસેસમેન્ટમાં નોકરશાહી દ્વારા અતિશય વિલંબનો ભોગ બનવું પડતું હતું. જીએસટી દ્વારા તમામ આડકતરા વેરાઓનું એક જ વેરામાં રૂપાંતર થવાને કારણે કરવેરાનું પાલન વિવિધ બિઝનેસ માટે ઘણું

આસાન બન્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સહિયારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર જીએસટી નેટવર્ક (GSTN)ના પ્લૅટફૉર્મનો ઉપયોગ કરીને જીએસટીના સરળ અમલ માટે ભરોંસાપાત્ર અને કાર્યક્ષમ આઈટી બેકબોન્ડ પ્રાપ્ત થયું. કરદાતાઓ હવે કોઈપણ સમયે, કોઈપણ સ્થળથી કરવેરા અધિકારીઓના સંપર્ક વગર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે, રિટર્ન ફાઈલ કરી શકશે, ચૂકવણી કરી શકશે અને રિફંડનો દાવો કરી શકશે. આનાથી કર પાલનની પ્રક્રિયા આસાન, પારદર્શક, ઝડપી અને પેપરલેસ બનશે તથા વધુ ઉત્પાદકતાનો માર્ગ મોકળો થશે અને બિઝનેસની કાર્યક્ષમતામાં પણ વધારો થશે.

- **માલ-સામાનની આંતરરાજ્ય હેરફેરમાં આસાની**

  વિવિધ રાજ્યોની ચેકપોસ્ટો ઉપર માલ-સામાનની આંતરરાજ્ય હેરફેર વખતે કરવેરો ચૂકવવા માટે ટ્રાન્સપોર્ટના વાહનોને અગાઉ ભારે વિલંબનો સામનો કરવો પડતો હતો. એન્ટ્રી ટેક્સ અને ઑક્ટ્રોય ડ્યુટી સહિતના કેટલાક આડકતરા વેરાઓને ભેળવી દઈને જીએસટીમાં આવી જરૂરિયાત દૂર કરવામાં આવી છે. આને કારણે બિઝનેસનો લૉજિસ્ટિક ખર્ચ (રૂપિયા અને સમયની બાબતમાં) ઘટશે અને ગ્રાહકોને કિંમતમાં ફાયદો થશે. જીએસટીના અમલીકરણ પછી તમામ રાજ્યોની સરહદો પરથી ચેક-પોસ્ટ દૂર કરવામાં આવી છે અને આ કારણે ટ્રક દ્વારા લાગતા પ્રવાસના સમયમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે.

- **તમામને માટે એક જ વ્યવસ્થા**

  જીએસટીને કારણે વિવિધ મતભેદો નિવારવા માટે કરદાતાઓએ એક જ પ્લેટફોર્મ પર એક જ ટેક્સ ઓથોરિટીનો સામનો કરવાનો રહેશે. સપ્લાયરો, બાયર્સ અને કર તંત્રને તમામ સંબંધિત માહિતી મળી જશે. ઈનવોઈસીસ મેચ કરવાનું અને એક બીજા સાથે સાંકળવું આસાન બનશે. આ ઉપરાંત ક્રેડિટ મેળવવા માટે ઈનપુટ ટેક્સ ક્રેડિટના તમામ ઈનવોઈસ મેચ થવા જોઈએ, જેમાં સપ્લાયર રિટર્ન ફાઈલ કરે અને સમયસર કરવેરો ભરે તેની ખાત્રી રાખવાની જવાબદારી બાયર્સ ઉપર આવશે.

- **કરબોજમાં ઘટાડો**

  અગાઉના કરવેરાથી વિપરીત જીએસટીમાં કાચા માલ અને વેલ્યુ ચેઈનના અગાઉના સ્તરે ઈનપુટની ખરીદીમાં લેવાયેલી રકમની ક્રેડિટ મળવાને કારણે કાસ્કેડીગ અસર (વેરા ઉપર વેરો) નાબૂદ થશે. હવે પ્રોડક્ટના કુલ ખર્ચને બદલે પ્રક્રિયાના જે તે સ્તરે માત્ર ઉત્પાદકે વેલ્યુ એડિશન ઉપર જ વેરો ભરવાનો રહેતો હોવાથી કર બોજમાં ઘટાડો થશે.

- **કોમન માર્કેટની રચના**

  ઉત્પાદકો દ્વારા કાચો માલ મેળવવામાં, ઉત્પાદન અને સંગ્રહ વ્યવસ્થાના સ્થળ અંગે તથા પેદાશોના વેચાણ અંગે વધુ તાર્કિક નિર્ણય લેવાનું શક્ય બનશે, કારણ કે જીએસટીના અમલીકરણ પછી ભારત એક વ્યાપક બજાર બન્યું છે. પ્રક્રિયાઓમાં એકરૂપતા અને સેન્ટ્રલાઈઝ રજીસ્ટ્રેશનને કારણે વિવિધ રાજ્યોમાં બિઝનેસનું વિસ્તરણ ઘણું આસાન બનશે.

- **નિકાસની સ્પર્ધાત્મકતામાં વધારો**

  અગાઉની તંત્ર વ્યવસ્થામાં ડબલ વેરો ભરવાને કારણે આપણે કરના અમુક હિસ્સાની નિકાસ કરતા હતા, જેને કારણે કરવેરા સંબંધી આર્થિક વ્યવહારોનો ખર્ચ ઊંચો આવતો હતો અને વિશ્વના બજારમાં ભારતની સ્પર્ધાત્મકતામાં ઘટાડો થતો હતો. વેરા ઉપર વેરાની સ્થિતિ દૂર કરીને તથા કરવેરાના પાલનનો બોજો ઘટાડીને ન્યુઝિલેન્ડ અને ઓસ્ટ્રેલિયાના અર્થતંત્રોની જેમ આપણી નિકાસ વધારવામાં સહાય થઈ છે. આ દેશોમાં ૧૯૮૬માં જીએસટીનું અમલીકરણ થયું તે પછી બીજા જ વર્ષે નિકાસમાં ૨૨ ટકાની હરણફાળ જોવા મળી હતી.

- **સાધનોની ફાળવણીના ભેદભાવમાં ઘટાડો**

  જે રાજ્યોમાં અને જે ક્ષેત્રોમાં કર પાલનની અને કર દર બાબતે સાનુકૂળ પરિસ્થિતિ હોય ત્યાં, અન્ય આડકતરા પરિબળો/ધ્યાનમાં લીધા વગર સાધનો ફાળવવાનું વલણ જોવા મળતું હતું. આને કારણે સાધનોની ફાળવણીમાં તથા સપ્લાય ચેઈનમાં અસમાનતા, કંપનીની એકંદર સ્પર્ધાત્મકતા દૂર થવા જેવી સ્થિતિ સર્જાતી હતી. જીએસટી દ્વારા દેશમાં એક સરખા વેરા લાગુ થતાં કોઈપણ સ્થળે બિઝનેસ કરવામાં આસાની ઉભી થઈ છે. આને કારણે જે તે ક્ષેત્રમાં કે રાજ્યમાં કરવેરાના પાલન કે કર દર અંગે જે સમસ્યાઓ હતી તે ઘટી છે.

- **મધ્યમ અને નાના કદના એકમો માટે બિઝનેસ કરવાની આસાનીમાં સુધારો**

  અગાઉની વ્યવસ્થામાં રૂ.૫ લાખથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતા નાના અને મધ્યમ કદના એકમોએ વેટ માટે રજીસ્ટ્રેશન કરાવવાનું જરૂરી બનતું હતું. એક થી વધુ રાજ્યમાં કામગીરી કરાતી હોય તો વિવિધ બિઝનેસ દ્વારા અલગ અલગ રાજ્યમાં કરવેરાના અલગ અલગ દર, નિયમો અને પ્રક્રિયાઓનો સામનો કરવો પડતો હતો. આને કારણે નાના અને મધ્યમ કદના એકમોને નિયમપાલનનો બોજો તો ઉઠાવવો પડતો હતો, પરંતુ તેમાંના ઘણા બધા એકમોને કર પાલન માટે પ્રોફેશનલ્સ રોકવાની ફરજ પડતી હતી. જીએસટીને કારણે એક સરખું, ઓનલાઈન, ઝડપી અને પારદર્શક કરવેરાનું માળખું વિવિધ રાજ્યોમાં ઉપલબ્ધ થવાને કારણે કર પાલન ખૂબ જ આસાન થયું છે અને આના પરિણામે નાણાકીય ખર્ચમાં પણ ઘટાડો થયો છે. નાના મધ્યમ કદના એકમોને જીએસટી હેઠળ વેરા ઉપર ઈનપુટ ક્રેડિટની જોગવાઈને કારણે તેમની સ્પર્ધાત્મકતા વધારવામાં સહાય થઈ છે.

**૪. આગળનો માર્ગ**

જીએસટી બિઝનેસ કરવામાં આસાનીનું વચન આપે છે, ઉત્પાદકો અને ગ્રાહકો માટે કરબોજ ઘટાડે છે તથા સરકારની વેરાની આવક પણ વધારે છે. આ સુધારો અર્થતંત્રના તમામ મહત્વના ગ્રાહકોને, ઉત્પાદકોને તથા સરકાર સહિતના સહયોગીઓને ઘનિષ્ટપણે સ્પર્શે છે. આમાં તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારો સામેલ થઈ હોવાથી કો-ઓપરેટિવ ફેડ્રાલિઝમનો દાખલારૂપ નમૂનો સ્થાપિત કરી શકાયો છે. પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ભારત સરકાર તમામ સહયોગીઓને એક જ પ્લૅટફૉર્મ પર એકત્ર કરવાની અને જીએસટી દ્વારા બધાના માટે લાભદાયી અને ટકાઉ સ્થિતિ ઊભી કરવા માટે અભિનંદનના અધિકારી છે.

જીએસટીનો અમલ થવાને કારણે બિઝનેસ કરવાની આસાની માટે જે હકારાત્મક અસરો થવાની છે તે અંગે ભાગ્યે જ કોઈ શંકા હોઈ શકે છે. વિવિધ બિઝનેસને જે સીધો લાભ થવાનો છે તેમાં કરપાલનના ખર્ચમાં ઘટાડો, કરબોજમાં ઘટાડો, વિવિધ રાજ્યોમાં માલ-સામાનની સરળ હેરફેર જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ પ્રકારનો ઘનિષ્ટ સુધારો સફળતાપૂર્વક અમલી બનાવ્યા પછી જીએસટીને સતત પછીના તબક્કે લઈ જવાનું જરૂરી બનશે. આપણે હવે જીએસટી 'વન નેશન, વન ટૅક્સ' નું સૂત્ર સાચા અર્થમાં સાકાર કરે તે જોવાનું રહેશે તથા હાલના વિવિધ દરની સ્થિતિ નિવારવાનો તથા હાલમાં ઉપલબ્ધ વિવિધ કરમુક્તિઓ દૂર કરવાની જરૂરિયાત રહેશે. ઉદ્યોગો તથા અન્ય સહયોગીઓ માટે એક જ પ્લૅટફૉર્મ અને તંત્ર વ્યવસ્થા ગોઠવવાનું ખૂબ જ સહાયરૂપ બનશે. સમાન પ્રકારે રાજ્ય સરકારો અને સ્થાનિક સંસ્થાઓ દ્વારા વિવિધ આડકતરા વેરા વધારાની જકાતો વસૂલ કરવાનું ટાળવા માટે સંમત કરવાના રહેશે, જેથી જીએસટી અમલી બનવાના વધુ બહેતર લાભ હાંસલ થઈ શકે. જીએસટીનું માળખુ વ્યાપક બનાવીને અને અસંગઠિત ક્ષેત્રને પ્રોત્સાહિત કરીને તેમને આ પ્લૅટફૉર્મ સાથે જોડવાની પ્રક્રિયા ચાલુ રાખવાની બાબત પણ એક મહત્ત્વનું ધ્યેય બની રહે છે.

સિંગાપુર અને મલેશિયા કે જ્યાં અનુક્રમે ૭ અને ૬ ટકાનો એક જ દર અમલમાં છે તે રીતે ભારતે પણ ઝડપભેર એક જ દર કે જે નીચો દર હોય તે તરફ આગળ વધવું જરૂરી બનશે અને શક્ય તેટલી ઓછી કરમુક્તિ આપવાની રહેશે. આગળ જતાં આ મોડલ હેઠળ અલગ અલગ રજિસ્ટ્રેશન કરાવવાની પ્રથા દૂર થાય અને તમામ રાજ્યોમાં બિઝનેસની કામગીરી આસાન બને તે જરૂરી છે. આ પ્રકારનાં પગલાં ભારતમાં બિઝનેસ કરવાની આસાનીમાં જે અવરોધો છે તે દૂર કરવામાં ઉપયોગી નીવડશે અને વૈશ્વિક સ્તરે એકંદર સ્પર્ધાત્મકતામાં વધારો થશે જે સરકારના 'મેક ઈન ઈન્ડિયા' પ્રોગ્રામની સફળતામાં ખૂબ જ મહત્ત્વનું પુરવાર થશે. જીએસટીના અમલીકરણની લાંબી મજલ પૂર્ણ કર્યા પછી, આપણે દુનિયામાં ઉત્તમ પ્રકારે થાય છે તે રીતે અસરકારક અમલીકરણ ઝડપભેર થાય તેની ખાત્રી રાખવાની રહેશે.

**દાનિશ એ. હાસિમ નવી દિલ્હી ખાતે ભારતીય ઉદ્યોગ મહામંડળ (સીઆઈઆઈ)ના વ્યવસાય કરવામાં સરળતા અને આર્થિક બાબતોના વડા છે. તાલીમથી અર્થશાસ્ત્રી રહેલા દાનિશે નાગરિક ઉડ્ડયન, વેપાર, પ્રાદેશિક સમન્વય, રોજગારી, ઉત્પાદકતા વિકાસ, ભવિષ્યના બજારો અને વ્યવસાય કરવામાં સરળતા સહિત અન્ય અનેક ક્ષેત્રોમાં થયેલા સંશોધન નિબંધોમાં પોતાનો ફાળો આપ્યો છે.**

ઈમેલઃ ***Danish_hashim@yahoo.com***

**શ્રીમતિ વર્ષા કુમારી નવી દિલ્હી ખાતે વ્યવસાય કરવામાં સરળતા અને આર્થિક બાબતોના વિભાગમાં કન્સલ્ટન્ટ છે.**

ઈમેલઃ **varshak.kumari44@gmail.com**

## જીએસટીઃ સૌથી મોટો કર સુધારો

# જીએસટીઃ એક રાષ્ટ્ર એક કર

**ડૉ. લીલા એમ. સ્વામી**




*કરચોરી અને કાળા નાણાનું નિયંત્રણ અર્થતંત્ર ઉપર હકારાત્મક અસરો જન્માવે છે. કર ઉપજમાં અસરકારક વધારો થવાથી દેશના આંતરમાળખાકીય વિકાસ માટે વધુ જાહેર મૂડીરોકાણો ઉપલબ્ધ બનશે. જે આર્થિક વિકાસની પ્રક્રિયાને વેગવંતી બનાવશે. GST ને પરિણામે દેશના બધા રાજ્યોમાં એક સમાન પરોક્ષ વેરા અમલમાં આવવાથી વિદેશી મૂડીરોકાણો આકર્ષવાની શકયતાઓ વધે છે. GST ના અમલના પરિણામે દેશમાં મુક્ત વેપાર વિસ્તાર અને કોમન માર્કેટની વ્યવસ્થા હેઠળ મળતા વેપાર સર્જન અને વેપાર વૃધ્ધિ જેવા લાભો વધવાની શકયતા છે. GST ના અમલના પરિણામે દેશની GDP માં એક ટકા કે તેથી વધુ વૃધ્ધિ થવા સંભવ છે. GST ને પરિણામે ભારતનું અર્થતંત્ર ખરા અર્થમાં એક બજાર અથવા સહિયારું બજાર બની રહેશે.*

ભારતમાં ૩૦ મી જૂન, ૨૦૧૭ ની મધ્યરાત્રિથી, ૧લી જુલાઈ, ૨૦૧૭ થી સૌ પ્રથમ વાર દેશની આઝાદી પછીનો કરવેરા તંત્રનો સૌથી મોટો સુધારો GST (Goods and Service Tax) ના સ્વરૂપમાં અમલી બન્યો છે. GST ના સુધારા અગાઉ ભારતમાં કરવેરા ક્ષેત્રે આઝાદી પછીથી વિવિધ સુધારાઓ થયા છે. જે પૈકી ૧૯૫૦ ના દાયકાના પ્રારંભે કરમાળખાને વિસ્તૃત અને ઊંડું કરવા ઉપર ભાર મુકાયો હતો. ઈ.સ.૧૯૫૬માં સીધા કરવેરા તપાસ સમિતિ ( કાલ્ડોર) એ સીધા કરવેરાના સીમાંત દરોમાં અસરકારક ઘટાડો કરવાની ભલામણ કરી હતી. તે અન્વયે ક્રમશઃ આવકવેરાના મહતમ દર ૮૭.૫ ટકા ( ₹ ૧૦ ટકા સરચાર્જ) થી ઘટીને હાલમાં મહતમ ૩૦ ટકા (₹ ૧૦ ટકા સરચાર્જ ) જેટલો થયો છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ધ્વારા ઉઘરાવાતો ઓક્ટ્રોય એટલે કે એન્ટ્રી ટેક્ષ પરિવહનના સમયમાં દુર્વ્યય કરનારો અને ખર્ચમાં વધારો કરનારો તેમજ ખૂબ જ અગવડતાદાયક હતો. જે ધણે અંશે ૨૧મી સદીના પ્રારંભ સુધીમાં દેશના મોટા ભાગમાંથી નાબૂદ થવા પામ્યો છે. ઉદારીકરણ પૂર્વે મહતમ આયાત જકાતો ૧૫૦ ટકા જેટલી ઉંચી હતી. તે ઘણે અંશે ૪૦ ટકા સુધી રહેવા પામી છે. ઈ.સ. ૨૦૦૬ માં વેચાણવેરાના સ્થાને મૂલ્ય વૃધ્ધિ કર (VAT- Value Added Tax) અમલમાં આવ્યો. ઈ.સ. ૨૦૧૩ માં કરવેરા વહીવટી સુધારણા સમિતિ દ્વારા કર વ્યવસ્થામાં જરૂરી સુધારા કરવામાં આવ્યાં છે. GST નો અમલ ૨૦૧૭ ની પહેલી જુલાઈથી શરૂ થયો છે, પરંતુ આ સુધારા માટેનો પ્રારંભ ઈ.સ. ૨૦૦૦માં બાજપાઈ સરકાર દ્વારા GST ના અમલ માટે નિમાયેલ એક સમિતિ દ્વારા થયો હતો. મનમોહનસિંહ સરકારમાં નાણામંત્રી શ્રી ચિદમ્બરે ૨૦૦૬ની સાલમાં GST દાખલ કરવા જણાવ્યું હતું. NDA સરકારે ૨૦૧૫ની સાલથી GST દાખલ કરવા માટેના સઘન પ્રયાસો હાથ ધરી ઓગસ્ટ ૨૦૧૬માં સંસદમાં બિલ પસાર કર્યુ અને રાજય સરકારોએ પણ GST સંબધિત કાયદા પસાર કર્યા. તે પછી GST ના ઘડતર અને અમલ માટે GST કાઉન્સિલ તથા GST એકઝક્યુકેટીવ બોર્ડની રચના કરવામાં આવી.

**GST નો અર્થ અને પ્રકારઃ**

GST એટલે Goods and Service Tax અર્થાત વસ્તુ અને સેવા વેરો. આમ GST એ એક પ્રકારનો પરોક્ષ વેરો છે. જે કેન્દ્ર અને રાજયો દ્વારા લેવાતા વિવિધ પરોક્ષ વેરાઓના વિકલ્પે અમલમાં આવે છે. GST ના મુખ્ય ત્રણ પ્રકાર છે.

૧. રાજયનો GST (SGST- State Goods and Service Tax)

૨. કેન્દ્રનો GST ( CGST- Central Goods and Service Tax)

૩. આંતર રાજય GST (ISGST- Inter State Goods and Service Tax)

રાજયો દ્વારા વેચાણવેરો (સેલ્સ ટેક્ષ )અને નવા સ્વરૂપે મૂલ્યવૃધ્ધિ વેરો (વેટ), મનોરંજન વેરો, લોટરી, બેટિંગ અને ગેમ્બિલીગ વેરો,લકઝરી ટેક્ષ, ઓક્ટ્રોયના વિકલ્પે એન્ટ્રી ટેક્ષ તથા કેટલાંક વેરાઓ ઉપર સેસ અને સરચાર્જ લેવાય છે. આ બધા વેરાઓના સ્થાને વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડવાના વ્યવહારો ઉપર ફક્ત GST (Goods and Service Tax) લાગુ પડશે. વળી અત્યાર સુધી બધા રાજયોમાં અલગ અલગ પરોક્ષ વેરાના દર પ્રવર્તમાન હતા. જે હવે સમગ્ર દેશમાં બધા રાજયોમાં એક સમાન દરે એક જ વેરો GST સ્વરૂપે લાગુ પડશે.

કેન્દ્ર સરકાર ઉત્પાદન ઉપર આબકારી જકાત તથા વધારાની આબકારી જકાત, કસ્ટમ ડ્યુટી, વધારાની જકાતો, સર્વિસ ટેક્ષ તથા સેશ અને સરચાર્જ ઉઘરાવે છે. આ બધાને સ્થાને CGST કેન્દ્ર સરકાર ધ્વારા લેવાશે.

અત્યાર સુધી એક રાજયમાંથી બીજા રાજયમાં થતાં વેપારી વ્યવહારો ઉપર CST (Central Sale Tax) લાગુ પડતો હતો તે હવે ISGST ( INTER State Goods and Service tax) તરીકે કેન્દ્ર દ્વારા ઉઘરાવાશે.

GST ની કરપધ્ધતિ એ જૂના વેચાણવેરાની પધ્ધતિથી નહી પરંતુ હાલમાં પ્રવર્તમાન મૂલ્યવૃધ્ધિ દરની પધ્ધતિથી લેવાશે. આમ સપ્લાય ચેઈનના દરેક તબકકે મૂલ્યવૃધ્ધિના આધારે કર લેવાશે તથા તે મુજબ ટેક્ષ ક્રેડિટ આપવામાં આવશે.

**GST ના દરો :**

GST કાઉન્સીલે ચાર પ્રકારના કરના દરની ભલામણ કરી છે.

(૧) કૃષિ પેદાશો, દૂધ, ઈંડા તથા જીવન જરૂરી ચીજો અને સેવાઓને GST કરમાથી સદંતર માફી આપવા જણાવ્યુ છે.

(૨) આવશ્યક ચીજો અને સેવાઓ ઉપર ૫ થી ૧૨ ટકા સુધી કર રહેશે.

(૩) મોટા ભાગની વસ્તુઓ અને સેવાઓ ઉપર ૧૮ ટકા જેટલો દર રહેશે.

(૪) મોજશોખની મોટા ભાગની વસ્તુઓ ઉપર ૨૮ ટકા સુધીનો કર રહેશે.

આમ GST કર વ્યવસ્થામાં પરોક્ષ કરવેરાની દષ્ટિએ પ્રગતિશીલ કર વ્યવસ્થા દાખલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મોટાભાગની જીવનજરૂરિયાતની વસ્તુઓ સદંતર કર માફી મળવાને પરિણામે ગરીબ વર્ગ ઉપર કરબોજ આવવાની શકયતા નહીવત છે. બ્રાન્ડેડ વસ્તુઓ, મોંઘી વસ્તુઓ અને લકઝરીયસ વસ્તુઓને સેવાઓ ઉપર વધુ કરનો દર હોવાથી ઉપલા મધ્યમ અને ધનિક વર્ગ ઉપર વધુ કરબોજ આવવાની શકયતા છે. આમ GST ને પરિણામે કરવ્યવસ્થા પરોક્ષ કર સંદર્ભે વધુ પ્રગતિશીલ થવાથી સામાજિક ન્યાયનો રાજકોષીય સિદ્ધાંત વધુ કારગત થવા સંભવ છે.

**વિશિષ્ટ જોગવાઈઓ**

GST ના સુચારુ અને બિન વિવાદાસ્પદ અમલ માટે કર સબંધી કેટલીક વિશિષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે. સપ્લાય ચેઈન, કિમંત, ઈનપુટ ક્રેડિટ, GST નોંધણી, પત્રકોનું ફાઈલીગ વગેરે સંદર્ભે વિગતે જોગવાઈઓ કરવામાં આવી છે. પુરવઠા સાંકળના દરેક તબક્કે કર લેવાનો હોવાથી તેમજ મૂલ્ય વૃધ્ધિ સંદર્ભે ચૂકવેલ કર ઉપર ક્રેડિટ લેવાની હોવાથી પુરવઠો (સપ્લાય)ની સ્પષ્ટ વ્યાખ્યા કરવામાં આવી છે. તેમજ ઈનપુટ ક્રેડિટની વિગતવાર જોગવાઈઓ કરવામાં આવી છે. જાંગડ સપ્લાયની તેમજ ઈસપ્લાય (ઈકોમર્સ) વગેરે વિશે ચોકકસ જોગવાઈઓ કરવામાં આવી છે. સપ્લાય કિમંત કેવી રીતે ગણવી તથા ચૂકવવાપાત્ર કિમંતમાં કઈ બાબતોનો સમાવેશ કરવો

તે અંગે પણ સ્પષ્ટ જોગવાઈઓ કરાઈ છે. જેમ કે વીમો, પેકિંગ તથા અન્ય આનુષંગિક ખર્ચાઓ સપ્લાય કિંમતમાં ગણવા અંગે માર્ગદર્શન અપાયુ છે. સપ્લાય સાથે સંકળાયેલ સરકારી સબસીડીની રકમ તેમજ શંકાસ્પદ કિંમતોના સંજોગોમાં સપ્લાય કિંમતની યોગ્ય ગણતરી અંગે નિયમો બનાવાયા છે. બિલો તથા ઈન્વેન્ટરીની વિગતો અંગે પણ માર્ગદર્શક જોગવાઈઓ કરવામાં આવી છે.

માલ અને સેવા પ્રાપ્ત કરતી વખતે ચૂકવવામાં આવેલ વેરાની ઈનપુટ ટેક્ષ ક્રેડિટ મેળવવા અંગે પણ સ્પસ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે. ધંધા તબદીલ થયેથી નહી વપરાયેલ ટેક્ષ ક્રેડિટ તબદિલ મેળવનારને મળી શકે. એક વર્ષ પહેલાં ખરીદેલ માલ કે તેમાંથી ઉત્પાદિત કે અર્ધ ઉત્પાદિત માલનો સ્ટોક હોય તેની ઈનપુટ ટેક્ષ ક્રેડિટ મળવાપાત્ર રહેશે. ઈનપુટ ટેક્ષ ક્રેડિટ કયા કિસ્સાઓમાં મળી શકે નહિ તે અંગે પણ જોગવાઈઓ કરવામાં આવી છે. ટેક્ષ ક્રેડિટ મેળવવા માટે પધ્ધતિસરના બિલ હોવા જરૂરી છે. બિલનું વર્ષ પૂરું થવાના સપ્ટેમ્બર માસ પછી અથવા પત્રક ભર્યુ હોય તે માસ પૈકી જે વહેલું હોય તે પછી ટેક્ષ ક્રેડિટ મળવાપાત્ર રહેતી નથી. અર્થાત ટેક્ષ ક્રેડિટ સમયસર માંગી લેવી જોઈએ. ટેક્ષ ક્રેડિટને ટેક્ષની જવાબદારીઓ સામે સરભર કરવા અંગે પણ જોગવાઈઓ કરવામાં આવી છે. સપ્લાયર જો GST જમા ન કરાવે તો ખરીદનાર વેપારીને ઈનપુટ ક્રેડિટ મળી શકે નહી તેવી જોગવાઈ ખરીદનાર વેપારી માટે ટેક્ષ ક્રેડિટ મેળવવા મુશ્કેલી રૂપ બની શકે. આંતરરાજય GST જવાબદારી મુજબ જમા ન કરાવનાર વિક્રેતાને રાજય GST કે કેન્દ્રીય GST ની ઈનપુટ ક્રેડિટ મળી શકે નહી.

GST ની નોંધણી લધુત્તમ વાર્ષિક ટર્નઓવરના આધારે નિર્ધારિત કરવામાં આવી છે. વાર્ષિક રૂપિયા ૨૦ લાખનું ટર્ન ઓવર હોય તેવા તમામ વસ્તુ અને સેવાના સપ્લાયરોને GST નોંધણી કરાવી, નોંધણી નંબર લેવો ફરજિયાત છે. બ્રાન્ડેડ સેવાઓ, ઈકોમર્સ તથા નોધાયેલ વ્યકિતના એજન્ટ સપ્લાયરે પણ નોંધણી નંબર લેવો ફરજિયાત છે. કોઈ કંપની કે પેઢીનુ ડીમર્ઝર કે અમાલ્ગમેશન (વિભાજનની પધ્ધતિ) વડે વિભાજન થાય તો તે બધા વિભાજીત એકમોએ દરેકે અલગ નોંધણી નંબર લેવો પડે. વળી આંતર રાજય માલ અને સેવાના સપ્લાયરે પણ નોંધણી ફરજિયાત કરાવવી પડે.

**વધુ પારદર્શી વ્યવસ્થાઃ**

ભારતની પરોક્ષ કર વ્યવસ્થાને GST દ્વારા વધુ ચુસ્ત અને પારદર્શી બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ભારતમાં વેપાર ધંધાના ક્ષેત્રે મોટા પાયા ઉપર બિન હિસાબી કારોબાર અને તે દ્વારા વ્યાપક પ્રમાણમાં કરચોરી થતી હોવાનું જણાય છે. વેપાર ધંધાના ક્ષેત્રે બે નંબરી કારોબાર તથા કરચોરી ઉપર અસરકારક નિયંત્રણ આવે તે કર અત્યંત ચુસ્ત જોગવાઈઓ કરવામાં આવી છે અને કર વ્યવસ્થામાં પાદર્શિતા વધારવામાં આવી છે. બિન હિસાબી કારોબાર તથા વ્યાપક કરચોરીથી ટેવાયેલ ઘણા વિક્રેતાઓને GST ની ચુસ્ત જોગવાઈઓ અત્યંત કઠોર જણાય તે સ્વાભાવિક છે. GST એ પરોક્ષ વેરાનો અત્યાર સુધીનો સૌથી મોટો સુધારો હોવાથી પ્રારંભિક સમયમાં તેની જોગવાઈઓ અને અમલ બાબતે કેટલીક અસ્પષ્ટતાઓ અને શંકાઓ વિશેષ કરીને વેપારી વર્ગમાં પ્રવર્તે તે હેતુથી કેન્દ્ર સરકારે તેની જોગવાઈઓ અંગે પ્રસાર માધ્યમોની મદદથી માર્ગદર્શન તથા આધારભૂત જાણકારી આપવાની પ્રશંસનીય શરૂઆત કરી છે. GST ના રાષ્ટ્રવ્યાપી લાભો સંદર્ભે પણ લોકમત કેળવવા અંગે પ્રશંસનીય પ્રયાસો કરવામાં આવ્યાં છે.

GST ની કેટલીક જોગવાઈઓ અંગે વેપારી વર્ગમાં તીવ્ર વિરોધ પ્રવર્તે છે. જેમ કે બિલોના ઓડિટ ટેક્ષ પ્રેક્ટિશનરને બદલે સી.એ.કે સી.એસ. પાસે જ કરાવવાની જોગવાઈથી વેપારીઓને આર્થિક નુકશાન થાય તેમજ તેમની હાલાકીમાં વધારો થવા પામે, વળી બિલો અને કર ચૂકવણી તથા ટેક્ષ ક્રિડિટ બાબતે જો વિક્રેતાના પક્ષે કોઈ ગેરરીતિ કે બદઈરાદો જણાય અથવા કર

અધિકારીને તેવું લાગે તો તેવા વેપારીને છ માસ સુધીની જેલની સજાની જોગવાઈ કેટલાંક કિસ્સાઓમાં ખરેખર અન્યાયીકારી બની શકે. કરવેરા અધિકારીઓને બદઈરાદાના સંજોગોમાં સજાની ભલામણ કરવાની સતા આપતી જોગવાઈ તેનો દુરૂપયોગ થવાની સંભાવના પણ દર્શાવે છે. આથી વેપારી વર્ગમાં આ જોગવાઈ અંગે શંકા અને ફફડાટ પ્રર્વતે છે. જે અંગે પુનઃ વિચારણા કરવાની જરૂર જણાય છે.

**GST ની દુરોગામી અસરો :-**

GST એ દેશની આઝાદી પછીનો સૌથી મહત્વકાંક્ષી કર સુધારો છે. જેની બે મુખ્ય વિશેષતાઓ છે.

૧. વિવિધ પ્રકારના પરોક્ષ વેરાઓ સામે એક જ વેરો અમલમાં આવે છે.

૨. બધા રાજ્યોમાં એક સમાનવેરો લાગુ પડે છે. GST ના કરના દર સંદર્ભે જે તે રાજ્યોએ આનુષંગિક કાયદા ઘડવાના થાય છે. જે પૈકી કેટલાંક રાજ્યો કેન્દ્ર સૂચિત એક સમાન દરોને બદલે થોડે અંશે જુદા કર લાગુ કરી શકે, પરંતુ પ્રારંભિક પાંચ વર્ષો દરમ્યાન GST ના અમલને પરિણામે રાજ્ય સરકારોને પરોક્ષ કરવેરા ઊપજમાં થનાર ખોટની ભરપાઈ પ્રારંભિક પાંચ વર્ષ સુધી કરી આપવાની બાંયધરી આપી હોવાથી વિવિધ રાજ્યો દ્વારા ઘણે અંશે એક સમાન કરના દરની પદ્ધતિ સ્વીકારવામાં આવશે તેમ માની શકાય.

આ બે વિશેષતાઓને પરિણામે ભારતીય કરવ્યવસ્થા વધુ સરળ બને છે, અને તેથી કર ઉઘરાવવાનો ખર્ચ ઘટવાની સંભાવના રહે છે અને તેને પરિણામે ચોખ્ખી કર ઊપજમાં વધારો થવાની શક્યતા છે. આમ આ કર વ્યવસ્થા કાર્યક્ષમતા, કરકસર અને ઉત્પાદકતાના સિધ્ધાંતો ઉપર આધારિત છે. કર વ્યવસ્થામાં પારદર્શિતા વધવાને પરિણામે બેનામી અને બિનહિસાબી વ્યવહારો, કરચોરી તથા કાળાનાણું ઘટવા પામશે, અને કર ઉપજમાં નોંધપાત્ર વધારો થવા પામશે. કરચોરી અને કાળા નાણાનું નિયંત્રણ અર્થતંત્ર ઉપર હકારાત્મક અસરો જન્માવે છે. કર ઉપજમાં અસરકારક વધારો થવાથી દેશના આંતરમાળખાકીય વિકાસ માટે વધુ જાહેર મૂડીરોકાણો ઉપલબ્ધ બનશે. જે આર્થિક વિકાસની પ્રક્રિયાને વેગવંતી બનાવશે. GST ને પરિણામે દેશના બધા રાજ્યોમાં એક સમાન પરોક્ષ વેરા અમલમાં આવવાથી વિદેશી મૂડીરોકાણો આકર્ષવાની શક્યતાઓ વધે છે. GST ના અમલના પરિણામે દેશમાં મુક્ત વેપાર વિસ્તાર અને કોમન માર્કેટની વ્યવસ્થા હેઠળ મળતા વેપાર સર્જન અને વેપાર વૃધ્ધિ જેવા લાભો વધવાની શક્યતા છે. GST ના અમલના પરિણામે દેશની GDP માં એક ટકા કે તેથી વધુ વૃધ્ધિ થવા સંભવ છે. GST ને પરિણામે ભારતનું અર્થતંત્ર ખરા અર્થમાં એક બજાર અથવા સહિયારૂં બજાર બની રહેશે.

વિશ્વમાં સૌ પ્રથમવાર ઈ.સ. ૧૯૫૪માં યુરોપિય દેશોએ GST નો અમલ કર્યો હતો. OECD (Organization for Economic Co operation and Development) ના સભ્ય દેશો પૈકી ફક્ત યુ.એસ. એ. સિવાયના બધા દેશોએ GST નો અમલ કર્યો છે અને તેમનો અનુભવ હકારાત્મક રહયાં છે. વિશ્વમાં ૧૦૦ કરતાં વધુ દેશોમાં વિશેષ કરીને મોટા ભાગના વિકસિત દેશોમાં GST કર વ્યવસ્થા અમલમાં છે. આ સંદર્ભે એવું માની શકાય કે ભારતમાં GST સ્વરૂપે કર વ્યવસ્થાનો સુધારો લાંબા ગાળાની આર્થિક અસરોની દષ્ટિએ યોગ્ય દિશાનો છે.

**ડૉ. લીલા એમ. સ્વામી શ્રી જે. એમ. પટેલ આર્ટસ અને શ્રીમતી એમ.એન.પટેલ કોમર્સ મહિલા કોલેજ ઊંઝામાં પ્રિન્સીપાલ છે. તેમના ૧૭ જેટલા પુસ્તકો પ્રકાશિત થયેલા છે. તેમના જુદા જુદા સામયિકોમાં લેખો પ્રકાશિત થયેલા છે. તેમણે રાષ્ટ્રીય કક્ષાના સેમિનારમાં રિસર્ચ પેપર રજૂ કર્યા છે.**

# વસ્તુ અને સેવા કર (GST) ની આવશ્યક સમજ

**ડૉ. મહેશ બારડ**




*દેશની સ્વતંત્રતાથી અત્યાર સુધીના સમય દરમિયાન હાથ ધરાયેલા સૌથી મોટો કર સુધારો - જીએસટી - એક રાષ્ટ્ર - એક કર - એક બજારના લક્ષ્યને મૂર્ત સ્વરૂપ આપવા નવી દિશા પૂરી પાડશે. જીએસટી ઉદ્યોગ, સરકાર અને ગ્રાહકો સહિત તમામ હિતધારકો માટે લાભદાયક પુરવાર થશે. જીએસટીના કરમાળખા હેઠળ વર્તમાન વ્યવસ્થાથી વિપરિત નિકાસ સંપૂર્ણપણે શૂન્ય-દરે થશે, જેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે પરોક્ષ કરવેરાઓના વિભાજિત સ્વરૂપના કારણે કેટલાક કરવેરાઓનું રિફન્ડ હાથ ધરી શકાતું નથી. જીએસટી મોટાભાગે ટેક્નોલોજી સંચાલિત વ્યવસ્થા છે અને તે ખૂબ જ મોટા પ્રમાણમાં માનવ હસ્તક્ષેપમાં ઘટાડશે.*

હાલમાં આપના દેશમાં માલ અને સેવાઓ ઉપર કેંન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા જુદા-જુદા પ્રકારના વેરાઓ લાદવામાં આવે છે. દા.ત. વેટ, એક્સાઈઝ, સર્વિસ-ટેક્સ, મનોરંજન કર, એન્ટ્રી ટેક્ષ, કેન્દ્રીય વેરો વગેરે.

ભારત સરકારે તાજેતરમાં એક ઐતિહાસિક નિર્ણય લઈને આ તમામ પ્રકારના વેરાઓને એક છત્ર હેઠળ આવરી લેવા માટે G.S.T. કાયદાને મંજૂરી આપતો ખરડો પસાર કરેલ છે.

તાજેતરમાં આ કાયદાની કલમો અને કાચા નિયમો બહાર પાડેલ છે. તેમજ અન્ય પ્રકારનાં લેખો દ્વારા દરેક પોતાની રીતે મૂલવણી કરી સાદી સમજ આપવા પ્રયત્ન કરેલ છે, જેથી ખાતાના અધિકારીશ્રીઓ / કર્મચારીઓ અને સામાન્ય નાગરીકને ખબર પડે કે G.S.T. એટલે શું? આ કાયદામાં કેવા પ્રકારની જોગવાઈઓ હશે ? વેરો કોણ અને કેવા તબ્બકે ભરાશે ? આકારણી, વેરા, દંડ, રિટર્ન કેવા પ્રકારના હશે ? આ બધી બાબતો આપણે સમજવા પ્રયત્ન કરીએ.

(૧) **જી.એ.ટી. (G.S.T.) ની સામાન્ય વિશેષતાઓ :**

- આ વેરો ઉત્પાદન તથા વેચાણ/દરેક તબ્બકે લાગશે.
- સામાન્ય રીતે આ ટેક્સ બે ભાગમાં હશે.

(૧) CGST = **કેન્દ્ર સરકાર હેઠળ આવશે.**

(૨) SGST = **રાજ્ય સરકાર હેઠળ આવશે.**

➢ આ બન્ને GST તમામ પ્રકારના કરપાત્ર માલ તથા સેવાઓ પર લાગુ પડશે.

➢ રાજ્યની અંદર જો માલ આપતા હોય અથવા સેવાઓ આપવામાં આવી હોય તો તેના પર SGST AND CGST બંને સમાન દર લાગશે.

(૩) IGST ( INTERGRATED GST )

➢ સામાન્ય રીતે માલ તથા સેવાના આંતર રાજ્ય હેરફેર પર આ ટેક્સ લાગશે.

➢ જો માલ કે સેવાનો સપ્લાય આંતરરાજ્ય એટલે કે એક રાજ્યમાંથી અન્ય રાજ્યમાં કરવામાં આવે તો એના પર INTRIGETED GST (IGST) વસૂલ કરવામાં આવશે.

➢ IGST નો દર CGST અને SGST ના કુલ દર બરાબર હશે.

- GSTના દ્રીસ્તરીય કરમાળખાનો અમલ ત્રણ જુદા જુદા કાયદા થકી કરવામાં આવશે.

(૧) **CGST એક્ટ, ૨૦૧૭, (૨) SGST કે UGST એક્ટ ૨૦૧૭, (૩) IGST એક્ટ, ૨૦૧૭,**

(૨) **GST ના અપેક્ષિત દરો :**

(૧) જીવન જરૂરિયાત વસ્તુઓ ઉપર – કર માફી

(૨) સામાન્ય ચીજ વસ્તુંઓ ઉપર – ૧૨%

(૩) અન્ય વસ્તુઓ ઉપર – ૧૮%

(૪) લક્ઝરી માલ ઉપર -૨૮%

(૫) અમુક ખાસ વસ્તુઓ/ નિકાસ, SEZ ને સપ્લાય – 0%

(૪) **GST ના ક્ષેત્રની બહારની વસ્તુઓ (વેરાઓ)**

પેટ્રોલિયમ પેદાશો, તમાકુ અને તમાકુની બનાવટો, તથા દારૂ – હાલના તબક્કે GST થી બહાર રહશે અને કેન્દ્ર સરકાર નક્કી કરશે તે મુજબ કેન્દ્ર/રાજય સરકાર આ વસ્તુઓ/સેવાઓ ઉપર વેરો ઉઘરાવશે. આવા માલ/સેવાઓ ઉપર-વેરો ઉઘરાવવાની સતા રાજય સરકારની રહશે.

(૫) **GST વેરો કોને લાગુ નહિ પડે :**

સામાન્ય રીતે જે વ્યક્તિનું વાર્ષિક સપ્લાયનું ટર્નઓવર (માલ/સેવાનું) ૨૦ લાખથી ઓછુ હશે, તેને લાગુ પડશે નહિ.

(૬) **GST ના ત્રણ કાયદા માટે :**

- GST કાયદાના ત્રણ પ્રકારો રહશે જે આપણે આગળ જોયું :

SGST, CGST, IGST

Intrastate supply of good & services **માટે :**

- SGST **(રાજ્ય સરકારનો વેરો )**

SGST માં હાલના તબ્બકે વેટ, મનોરંજન વેરો, લક્ઝરી ટેક્ષ, લોટરી, બેટિંગ, ગેમ્બલીગ પરનો વેરો, રાજયોના લગતા સેસ અને સરચાર્જ તેમેજ એન્ટ્રી ટેક્ષને આ કાયદામાં મર્જ કરીને "રાજ્ય ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ" એમ નામ આપવામાં આવેલ છે.

આ કાયદા હેઠળ જે વેરાનો દર નક્કી તે રાજ્ય દ્વારા લેવાશે અને તે વેરો રાજ્યનો ગણાશે.

- CGST (કેન્દ્ર સરકારનો વેરો )

એટલે કે કેન્દ્ર સરકારને મળવાપાત્ર વેરો આ CGST માં એકસાઈઝ ડ્યુટી, વધારાની એક્સાઈઝ ડ્યુટી તથા અન્ય કાયદા હેઠળ લાગતી એક્સાઈઝ ડ્યુટી (મેડિસિનલ અને ટોયલેટરીઝ પ્રમોશન એક્ટ), સર્વિસટેક્ષ, વધારાની કસ્ટમ ડ્યુટી, સ્પેશ્યલ એડીશનલ ડ્યુટી ઓફ કસ્ટમ્સ, સેસ અને સરચાર્જનો સમાવેશ આ કાયદામાં કરવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ કાયદાને આ કાયદામાં ભેળવીને હવે CGST લાગશે અને આ CGST કેન્દ્ર સરકાર ઉઘરાવશે એટલે કે આ વેરો કેન્દ્ર દ્વારા લેવામાં / આવકારવામાં આવશે. જે અગાઉ ઉપર મુજબ અલગ અલગ રીતે કેન્દ્ર દ્વારા ઉઘરાવવામાં આવતો હતો.

- IGST વેરો :

IGST માલ અને સેવાઓના આંતર રાજ્ય વ્યવહારો ઉપર લાગુ પડશે. એટલે કે જે માલ/અને સેવાઓના રાજ્ય બહાર સપ્લાય કે સેવાઓ કરવામાં આવશે તેના ઉપર વેરો લેવામાં આવશે અને આથી આ વેરો કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવશે જે અગાઉ કેન્દ્રીય વેરો એટલે કે આંતરરાજ્ય વેચાણ ઉપર સી-ફોર્મ સામે કે સી ફોર્મ વગર જે વેચાણ થતું હતું તે પ્રકારનો આ વેરો છે અને હવે આમાં આંતર રાજ્ય સેવાઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

(૭) **સામાન્ય માળખું :**

(૧) રાજ્યની અંદર માલ અથવા સેવાના સપ્લાય પર : Intra State Suply – સેન્ટ્રલ GST (CGST) અને રાજ્ય GST (SGST) બન્ને લાગુ પડશે.

(૨) આંતરરાજ્ય માલ અથવા સેવાના સપ્લાય પર : Intra State Suply – ઈન્ટીગ્રેટેડ GST (IGST) લાગુ પડશે.

(૩) આયાત ઉપર : IGST લાગશે.

(૪) નિકાસ – જીરો રેટેડ ટેક્ષ

(૫) GST નંબર વગરની વ્યક્તિ પાસેથી માલ કે સેવા લેનારે પણ GST ભરવું પડશે.

(૮) **માલ/સેવા સપ્લાય કર્યાનો સમય ક્યારે ગણવામાં આવશે.**

| | |
|---|---|
| (A) સામાન્ય સપ્લાય (નૉર્મલ) :- | નીચેના પૈકી સૌથી પહેલા જે થાય તેને સપ્લાય કર્યાનો સમય ગણવામાં આવશે.<br>● માલના રિમૂવલ કર્યાની / સેવા આપ્યાની તારીખ **અથવા**<br>● સેવા લેનાર વ્યક્તિને કઈ તારીખે સેવા મળી **અથવા**<br>● બીલની તારીખ અથવા પેમેન્ટ મળ્યાની તારીખ **અથવા**<br>● માલ લેનારના ચોપડામાં જે તારીખે એન્ટ્રી પાડેલ હોય તે. |
| (B) અવિરત સપ્લાય | ● બીલ/સ્ટેટમેન્ટની તારીખ અથવા પેમેન્ટ મળ્યાની તારીખ અથવા પેમેન્ટ જે તારીખે મળવાનું હતું તે તારીખ |
| (C) રિવર્સ ચાર્જ (સર્વિસ અથવા માલ લેનારને ભરવો પડતો ટેક્ષ) | ● માલ મળ્યાની તારીખ **અથવા**<br>● પેમેન્ટ આપ્યાની તારીખ **અથવા**<br>● બીલની તારીખની ૩૧મો દિવસ **અથવા** ● હિસાબી ચોપડામાં એન્ટ્રી પાડ્યાની તારીખ |
| (D) માલ માટે (એપ્રૂવલ માટે) મોકલેલ હોય ત્યારે | ● માલ એપ્રૂવ થયાની તારીખ<br>● જો માલ ૬ મહિનાની અંદર પાછો આવે તો ટેક્ષ ન લાગે,<br>● ૬ માસ બાદ ટેક્ષ લાગશે. |
| ટૂંકમાં ઉપર A to D માં જણાવ્યા પ્રમાણે જે પહેલા હશે તે માલ/સપ્લાયની તારીખ ગણાશે. | |

**(૯) રજીસ્ટ્રેશન (નોંધણી) ની જોગવાઈઓ :**

| | |
|---|---|
| (A) રજીસ્ટ્રેશન માટેની નક્કી કરેલ સપ્લાયના ટર્નઓવરની મર્યાદા | ● ૨૦ લાખ નોર્મલ કેટેગરી,<br>● ૧૦ લાખ પૂર્વના રાજ્યો જેવા કે – આસામ-મેઘાલય- અરૂણાચલ- મણીપુર-ત્રીપુરા-મિઝોરમ-નાગાલેન્ડ અને સિક્કીમ માટે) |
| (B) ફરજીયાત રજીસ્ટ્રેશન :<br>અમુક વ્યક્તિને ફરજીયાત રજીસ્ટ્રેશન કરવું પડશે. | ● આંતરરાજ્ય ટેક્સેબલ સપ્લાય કરનાર<br>● પ્રાસંગિક (Casual) ટેક્સેબલ સપ્લાય કરનાર<br>● જે લોકો રિવર્સ ચાર્જ હેઠળ વેરો ભરવા જવાબદાર<br>● નોન રેસીડેન્ટ ટેકસેબલ વ્યક્તિ<br>● જે લોકો GST TDS માટે જવાબદાર હોય<br>● જે લોકો એજન્ટ તરીકે કામ કરવાના છે<br>● ઈ-કોમર્સ ઓપરેટર દ્વારા માલ/સેવા સપ્લાય કરનાર વ્યક્તિ<br>● ઈ-કોમર્સ ઓપરેટર્સ<br>● ઈન્પુટ સર્વિસ ડિસ્ટ્રિબ્યુટર્સ<br>● કેન્દ્ર/રાજ્ય જે વ્યક્તિને નોટીફાય કરે તે વ્યક્તિઓ |
| (C) ધંધાની જગ્યા | જે રાજ્યમાંથી કરપાત્ર માલનો સપ્લાય / સર્વિસ થાય તે રાજ્યમાંથી રજીસ્ટ્રેશન લેવાનું રહેશે. |
| (D) હાલમાં જે વ્યક્તિ વેટ અથવા સર્વિસ ટેક્ષ અથવા સેન્ટ્રલ એક્સાઈઝ હેઠળ નંબર ધરાવતી હોય તેને પણ GST હેઠળ નવેસરથી નોંધણી કરાવવી પડશે. | |
| (E) જે વ્યક્તિ અલગઅલગ રાજ્યમાં ધંધો/વ્યવસાય કરતી હોય, તેને દરેક રાજ્યમાં અલગઅલગ નંબર લેવા પડશે. | |
| (F) જે વ્યક્તિનું ટર્નઓવર GSTમાં નક્કી કરેલ ગુડ્ઝ/સર્વિસની ટર્નઓવરની મર્યાદા કરતા ઓછી હશે તો રજીસ્ટ્રેશનની જરૂરિયાત રહેશે નહિ. આમ છતાં તેઓ ઈચ્છે તો મરજિયાત રજીસ્ટ્રેશનની જોગવાઈ મુજબ રજીસ્ટ્રેશન લઇ શકશે. | |

**(૧૦) નોંધણી નંબરને લગતી અન્ય વિગતો :**

- ➢ SGST અને CGST એટલે કે બને નંબર લેવા પડશે.
- ➢ આંતરરાજ્ય સપ્લાય કરતા હોય તો IGST નંબર પણ લેવો પડશે.
- ➢ જો અલગ અલગ રાજ્યોમાં ધધો/વ્યવસાય કરતા હો તો દરેક રાજ્ય માટે અલગ અલગ નોધણી નંબર મેળવવાના રહશે.
- ➢ જે તારીખે વ્યક્તિ નોધણી મેળવવા માટે જવાબદાર હોય તે તારીખથી ૩૦ દિવસમાં તે વ્યક્તિને અરજી કરવાની રહશે.
- ➢ નોન રેસિડન્ટ કરપાત્ર વ્યક્તિ સિવાયના કેસોમાં નોંધણી નંબર મેળવવાં PAN.NO હોવો ફરજીયાત છે.
- ➢ કોઈ વ્યક્તિ કોઈ રાજ્યમાં એક થી વધુ બીઝનેસ ડિવિઝન (vertical Segment) હોય તો દરેક ડિવિઝન માટે અલગ નોધણી નંબર મેળવી શકાશે. આ સવલત ફરજીયાત છે.

નોધણી નંબર ૧૫ આંકડાનો હશે.

- પ્રથમ બે આંકડાઓ જે તે રાજયને નિર્દિષ્ટ કરશે.
- ૩ થી ૧૨ નંબરના આંકડા PAN નંબરના હશે.
- ૧૩મો આંકડો રાજ્યમાં તેના કેટલા નંબર છે તે દર્શાવશે.
- ૧૪ મો આંકડો ખાલી રહશે.
- અને છેલ્લો એટલે કે ૧૫મો આંકડો નંબર એ તે વ્યક્તિને ઓળખાવતો આંકડો રહેશે.

**(૧૧) GST ના કાયદાઓ મુજબ ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) મજરે મળવા અંગે :**

| ઈનપુટ ક્રેડિટ | કોની સામે | મળશે કે નહિ ? |
|---|---|---|
| કેન્દ્રિય જીએસટી ક્રેડિટ (CGST) | સેન્ટ્રલ જીએસટીની જવાબદારી<br>આઈ જીએસટીની જવાબદારી<br>સ્ટેટ જીએસટીની જવાબદારી | મળશે<br>મળશે<br>નહિ મળે |
| સ્ટેટ જીએસટીની ક્રેડિટ (SGST) | સ્ટેટ જીએસટીની જવાબદારી<br>આઈ જીએસટીની જવાબદારી<br>સેન્ટ્રલ જીએસટીની જવાબદારી | મળશે<br>મળશે<br>નહિ મળે |
| આઈજીએસટીની ક્રેડિટ ( IGST) | આઈ જીએસટીની જવાબદારી<br>સેન્ટ્રલ જીએસટીની જવાબદારી<br>સ્ટેટ જીએસટીની જવાબદારી | મળશે<br>મળશે<br>મળશે |

**(૧૨) ઈનપુટ ટેક્સ કેર્ડિટ (ITC) કોને કયારે મળશે ? :**

- ➢ માલ/સેવા પાર્પ્ત કરવાના સમયે જણાવેલ નિયમો અને શરતો આધીન મળવાપાત્ર રહશે.
- ➢ મરજીયાત રજીસ્ટ્રેશન (Voluntary registration) નંબર મેળવેલ હોય તેઓને.
- ➢ ૩૦ દિવસમાં સમયસર અરજી કરીને ફરજીયાત નોંધણી નંબર મેળવેલ હોય તો તેઓને.
- ➢ ઉચ્ચક વેરો (Lumpsum) ભરનાર કરપાત્ર વ્યક્તિ કાયદાની સામાન્ય જોગવાઈઓ મુજબ વેરો ભરવાને જવાબદાર થાય ત્યારબાદ.

**(૧૩) નહિ મળવા પાત્ર ઈન્પુટ ટેક્સ ક્રેડીટ :**

- ➢ મોટર વાહન પર ભરેલા ટેક્સની ક્રેડીટ મળશે નહિ, સિવાય કે, કરપાત્ર વ્યક્તિ મોટર વાહનનો વેપાર કરતી હોય કે, માલ સામાનની હેરફેર કરવામાં ઉપયોગ કરતી હોય અથવા વ્યક્તિ વાહન ચલાવવાનું શીખવવાનો સેવાનો ધંધો કરતી હાયે તો તેવી વ્યક્તિને ક્રેડીટ મળશે.
- ➢ કેટરીંગ, ખાણી-પીણી, કલબની મેમ્બરશીપ, વીમો (આરોગ્યનો), ટ્રાવેલ બેનીફીટ, આરોગ્ય, બ્યુટી ટ્રીટમેન્ટ, પ્લાસ્ટીક સર્જરી વિ. પ્રકારના ખર્ચાઓ પર લાગેલ ટેક્ષ મજરે નહિ મળે.
- ➢ ઉચ્ચક વેરો (Composition) ભરતા વેપારી પાસેથી કરવામાં આવેલ ખરીદી ઉપર.
- ➢ કેપિટલ ગુડ્ઝ પર લાગેલા કર ઉપર ઈન્કમટેક્ષ કાયદા હેઠળ જો ઘસારો બાદ લીધેલ હશે તો તે ટેક્ષની ક્રેડિટ નહિ મળે.

(૧૪) ITC (ટેક્સ ક્રેડિટ) મેળવવાની શરતો શું રહેશે :

- ➢ સૌપ્રથમ વેપારી પાસે માલ/સેવાઓ ઉપર ચૂકવેલ વેરાની ક્રેડીટને દાવો કરવા માટે પ્રથમ તેનું મૂળ બીલ / ડેબિટ નોટ હોવી જરૂરી છે.
- ➢ આ ઉપરાંત વેપારીને તે માલ / સેવાઓ મળેલી હોવી જોઈએ. એટલે કે, ખરેખર માલ/સેવા મળેલ

હોવી જોઈએ.

➢ ટેક્ષ ક્રેડિટનો દાવો કરનાર વેપારીએ તેના પત્રકો ભરેલ હોવા જોઈએ. એટલે કે ટેક્ષ ક્રેડિટ બાદ લેનારે પોતે પોતાના પત્રકો ભરેલ હોવા જોઈએ.

➢ જે વ્યક્તિ પાસેથી માલ સેવાઓ મળેલ હોય તે વ્યક્તિ એટલે કે વેચનારે તે ટેક્ષ તેને મળવાપાત્ર ઈનપુટ ટેક્ષ ક્રેડિટ સરભર કર્યા બાદ જમા કરેલ હોવો જોઈએ.

➢ જો બીલની સામે માલ કટકે કટકે આવેલ હોય તો તે માલનો છેલ્લો કટકો મળ્યા પછી જ બીલમાં દર્શાવેલ ટેક્ષની રકમ બાદ મળશે.

**(૧૫) તૈયાર/અર્ધ તૈયાર માલની (કલોઝિંગ સ્ટોક) ની ટેક્સની રકમ કેવી રીતે મળશે.**

**કલોઝીંગ સ્ટોકની ક્રેડિટ નીચે રીતે મળશે.**

| કઈ વ્યક્તિને મળશે | ક્યારે મળશે |
|---|---|
| ટર્નઓવરની મર્યાદા ઓળંગ્યાના ૩૦ દિવસની અંદર અરજી હોય તો. | તે વ્યક્તિને ટર્નઓવરની મર્યાદા ઓળંગ્યાના દિવસથી ટેક્ષ મજરે મળશે જો કે સ્ટોકમાં રહેલ કેપીટલ એસેટ પર નહિ મળે. |
| સ્વૈચ્છિક (મરજીયાત) રજીસ્ટ્રેશન નંબર મેળવેલ હોય તો. | તો તેને રજીસ્ટ્રેશનની તારીખથી મળવાપાત્ર થશે.<br>જો કે સ્ટોકમાં રહેલ કેપિટલ એસેટ પર નહિ મળે. |
| કરપાત્ર વ્યક્તિ રજીસ્ટર થયેલ હોય અને કમ્પોઝીશન સ્કીમમાંથી બહાર નીકળી ગયેલ હોય ત્યારે. | તે કરપાત્ર વ્યક્તિ તે જયારથી નોર્મલ ટેક્સ ભરવાપાત્ર થશે તે તારીખથી જ મળવાપાત્ર થશે. |

**(૧૬) ITC રિવર્સ કયારે થશે.**

| પરિસ્થિતિ | કયા સંજોગોમાં ITC રીવર્સકરવાની હોય |
|---|---|
| ITC અશંતઃ ધંધા માટે વપરાયેલ હોય અને અશંતઃ કોઈ બીજા હેતુ માટે વાપરેલ હોય ત્યારે. | આ બને સજોગોમાં ધંધા માટે જેટલી ITC વાપરેલ હશે તેટલી જ મળશે, રિવર્સ કરવાની રહેશે. બીજા હેતુ માટેની રિવર્સ કરવાની રહેશે. |
| ધંધામાં અશંતઃ ITC કરપાત્ર સપ્લાય માટે વાપરેલ હોય અને અશંતઃ નોન ટેક્સબલ માટે વાપરેલ હોય ત્યારે | આ કિસ્સા માટે ટેક્સબલ સપ્લાય/ગુડ્સ પુરતી મળવાપાત્ર થશે અને નોન ટેક્સબલમાં વાપરેલની રિવર્સ કરવાની રહેશે. |
| નોંધ : આ માટે જીરો (૦)- રેટેડ માલ હશે તો પણ તે ટેકસેબલ ગણાશે, પરંતુ તેમાં એક્ઝામટેડ માલ હશે તો નહિ ગણાય. | |

**(૧૭) GST માં ઉચ્ચક વેરાની (Com position) શું જોગવાઈ છે.**

➢ કોઈપણ નોંધાયેલ કરપાત્ર વ્યક્તિનું ગત વાર્ષિક ટર્નઓવર ૫૦ લાખથી વધતું ન હોય તો તેવી વ્યક્તિ અમુક શરતોને આધીન કોમ્પોજીશન સ્કીમ (ઉચ્ચક વેરો) નો લાભ લઈ શકે છે જે નીચે મુજબ છે.

અ) ઉત્પાદકને (SGST ૧% અને CGST ૧% મળીને) : ૨%

બ) રેસ્ટોરન્ટ, કેટરર્સ. કેન્ટીન, ભોજનાલય વગેરે : ૫%

(SGST ૨.૫% અને CGST ૨.૫% મળીને)

ક) રીટેલર (SGST ૦.૫% અને CGST ૦.૫% મળીને) : ૧%

➢ જો કે આ વિકલ્પ માટે પરવાનગી લેવી પડશે.

➢ જે વ્યક્તિને ઉચ્ચક વેરા (કમ્પોજીશન) ની પરમીશન મળ્યા પછી કોઈ શરતનું ઉલ્લંઘન કર્યું હોય તો, કાયદા મુજબની ભરવાપાત્ર વેરાની રકમ ઉપરાંત વેરાની રકમ જેટલો દંડ ભરવા તે જવાબદાર રહેશે. દંડ કરતા પહેલા તે વ્યક્તિને સાંભળવાની વ્યાજબી તક આપવામાં આવશે.

આમ GST ની અમુક જરૂરી સામાન્ય આવશ્યકતા વિશે તો માહિતી લીધા બાદ ભારતમાં GST એ બધા માટે લાભકારક છે

જેમ કે સામાન્ય વ્યક્તિ, વ્યાપાર અને ઉદ્યોગ, અર્થવ્યવસ્થા, સરળ કર વ્યવથા, એક આર્થિક ભારતનું નિર્માણમાં ખૂબ જ ઉપયોગી છે

➢ સામાન્ય વ્યક્તિ માટે અનુકુળ

(૧) મહતમ વસ્તુઓ પર કરમાં છુટછાટ અથવા ૫% કર.

(૨) ગરીબ અને સામાન્ય વ્યક્તિને વધુમાં વધુ લાભ.

(૩) ગરીબોને હક મળવો સુનિશ્ચિત થશે.

(૪) દેશના કોઈ પણ વિસ્તારમાં નાના વ્યાપારીયો માટે સમાન તક.

➢ વ્યાપાર અને ઉદ્યોગ માટે લાભ

(૧) પંજીકરણ, કરની ચૂકવણી, રિટર્ન ફાઈલ કરવાનું અને કરનું રિફંડ પ્રાપ્ત કરવા માટે સમાન પ્રક્રિયા.

(૨) નિર્માતા/આપૂતિકર્તાથી છૂટક વિક્રેતા સુધી ટેક્સ ક્રેડિટના નિરતંર પ્રવાહના કરો પર કરની નાબૂદી.

(૩) નિકાસને આંતરરાષ્ટ્રીય સ્તર પર વધુ સ્પર્ધાત્મક બનાવવા માટે કરનું વધુ સારી રીતે નિષ્પ્રભાવીકરણ.

➢ અર્થવ્યવસ્થા માટે લાભપ્રદ

(૧) એકીકૃત સમુચિત રાષ્ટ્રીય બજારનું નિર્માણ.

(૨) ભારતને એક "મેન્યુફેકચરિંગ હબ" બનાવવું.

(૩) રોકાણ અને નિકાસને પ્રોત્સાહન.

➢ સરળ કર વ્યવથા

(૧) વસ્તુઓ અને સેવાઓને લગતા વર્તમાન અનેક કરની જગ્યાએ એક કરથી સરળતા.

(૨) ઓછી છુટની સાથે સરળ કર વ્યવસ્થા.

(૩) દેશભરમાં નિયમો, પ્રક્રિયાઓ અને કર દરોમાં એકરૂપતા.

➢ એક આર્થિક ભારતનું નિર્માણ

(૧) માલ અને સેવાઓનો ખામીરહિત પ્રવાહ.

(૨) પ્રતિસ્પર્ધા વધવાથી ગ્રાહકોને ફાયદો.

(૩) દેશભરમાં ઉત્પાદકો અને ગ્રાહકો માટે સમાન અવસર.

આમ, સરકારે તમામ વેપારીઓ-ઉદ્યોગ તથા રાજકીય પક્ષોને સાથે રાખીને ચાલવાની આ કિંમત નક્કી કરી છે, જે ચૂકવવાની છે આપણે સૌએ. GSTના વિવિધ કર માળખાને તમે ઈચ્છો તે રીતે મુલવી શકો છો. તે ભારતમાં સમવાય લોકતંત્રની સબળતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે અથવા તો સરકાર દ્વારા વિવિધ પક્ષો અને ઓદ્યોગિક-વ્યાપારી હિતોને સાચવવાના વલણ તરીકે પણ જોઈ શકાય. આમ છતાં GSTતરફનું પ્રયાણ એ દેશના આર્થિક સુધારાનું મહત્ત્વનું કદમ છે તે વાતનો ઈન્કાર કરી શકાય નહી. તે વહેલું લેવાયું હોય તો તે દેશની આર્થિક પ્રગતિમાં તેનો ફાળો યથાયોગ્ય વહેલો મળી શક્યો હોત.

**ડૉ. મહેશ બારડ શ્રી એસ.વી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી (કચ્છ)માં ઇન્ચાર્જ પ્રિન્સીપાલ છે. તેમના જુદા જુદા સામયિકોમાં લેખો પ્રકાશિત થયેલા છે.**

**યોજના**

**વાંચો**

**યોજના**

**વંચાવો**

**યોજના**

**વસાવો**

# જીએસટીઃ નવા યુગનું પ્રભાત

ઉપેન્દર ગુપ્તા




*૩૦ જૂન, ૨૦૧૭ની મધરાતે સંસદમાં થયેલા ઘંટારવના નાદનો વિશ્વમાં ભારતીય રાજકીય પરિપક્વતા અને સંયોગના રુપમાં પડઘો પડ્યો હતો. જ્યારે સમગ્ર દેશ, એક અરાજકતાપૂર્ણ અને જટિલ અપ્રત્યક્ષ કર પ્રણાલીના સ્થાને ગુડ એન્ડ સિમ્પલ ટેક્સ મારફત બદલવા માટે એકજૂથ થઈને આગળ આવ્યો હતો ત્યારે તે ભારતીય અર્થવ્યવસ્થા માટે સદ્ભાગ્યની ક્ષણ હતી. આ હકીકત સામે કોઈ શંકા નથી કે જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ)એ ભારતીય રાજકીય વર્ગ માટે એક નવી સફળતાના રુપમાં અને ભારતીય અર્થવ્યવસ્થાને અસંખ્ય, ગૂંચવાયેલા અને જટિલ કરોની જોહુકમી, જેના લીધે વેપાર ઉદ્યોગ અને તેમની મારફત સામાન્ય જતના અત્યાર સુધી ભોગવી રહી હતી, તેની સામે તારણહાર તરીકે સામે આવ્યો છે.*

૩૦ જૂન, ૨૦૧૭ની મધરાતે સંસદમાં થયેલા ઘંટારવના નાદનો વિશ્વમાં ભારતીય રાજકીય પરિપક્વતા અને સંયોગના રુપમાં પડઘો પડ્યો હતો. જ્યારે સમગ્ર દેશ, એક અરાજકતાપૂર્ણ અને જટિલ અપ્રત્યક્ષ કર પ્રણાલીના સ્થાને ગુડ એન્ડ સિમ્પલ ટેક્સ મારફત બદલવા માટે એકજૂથ થઈને આગળ આવ્યો હતો ત્યારે તે ભારતીય અર્થવ્યવસ્થા માટે સદ્ભાગ્યની ક્ષણ હતી. આ હકીકત સામે કોઈ શંકા નથી કે જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ)એ ભારતીય રાજકીય વર્ગ માટે એક નવી સફળતાના રુપમાં અને ભારતીય અર્થવ્યવસ્થાને અસંખ્ય, ગૂંચવાયેલા અને જટિલ કરોની જોહુકમી, જેના લીધે વેપાર ઉદ્યોગ અને તેમની મારફત સામાન્ય જતના અત્યાર સુધી ભોગવી રહી હતી, તેની સામે તારણહાર તરીકે સામે આવ્યો છે.

૨. ભારત એક રાજ્યોનો સંઘ છે અને રાજકીય રીતે આપણે છેક ૧૯૪૭થી એક રાષ્ટ્ર છીએ, પણ શું આપણે આર્થિક સંઘ છીએ ખરા?શું તમિલનાડુમાં બેસેલો એક વેપારી હિમાચલ પ્રદેશમાં જે-તે રાજ્યના કરની ચિંતા કર્યા વિના પોતાના સામાનને વેચી શકે છે?શું જમ્મુ-કાશ્મીરથી કન્યાકુમારી જવા માટે નીકળેલો ટ્રક પ્રત્યેક રાજ્યની ચેકપોસ્ટ્સ પર તેમને અટકાવાયા વિના પોતાનો પ્રવાસ વધારતો રહી શકે છે? જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ) આ તમામ અવરોધોને દૂર કરવાની અને ભારતને એક આર્થિક રાષ્ટ્ર અથવા સામાન્ય રાષ્ટ્રીય બજાર બનાવવાની ક્ષમતા ધરાવે છે, જ્યાં દેશના કોઈપણ રાજ્યમાં વેપારને ખરેખર કોઈપણ પ્રકારના ભય કે હિમાયત વિના કરી શકાય છે.

૩. હવે લોકોને સામાન્ય રીતે હેરાન કરતો પ્રશ્ન જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ) શું છે, તે રહ્યો નથી. જાગૃતિ માટે ચલાવાયેલા કાર્યોની લહેર સમગ્ર દેશમાં ફેલાઈ ચુકી છે અને હવે આમ કહેવું ખોટુ નહીં ગણાય કે દેશનો નાનો બાળક પણ જાણે છે કે જીએસટીનો અર્થ ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ થાય છે. પણ કદાચ લોકો જે નહીં જાણતા હોય, તે બાબત દેશમાં આ જંગી આર્થિક સુધારા તરફ આગળ વધવા માટે આખરે કઈ બાબતે જરૂરિયાત પેદા કરી હતી ?દેશને નવા યુગની પ્રભાત જોવામાં આખરે દસ વર્ષ કરતા વધારે સમય શા માટે લાગ્યો હતો? આ સવાલનો જવાબ ઈતિહાસની પૃષ્ઠભૂમિમાં રહેલો છે, જેમાં આપણી કરવેરા પ્રણાલી વધારે અનુકૂળ છે. ઐતિહાસિક રીતે જ કેન્દ્ર સરકાર ઉત્પાદકો પર (સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટી), સેવાની જોગવાઈઓ પર (સર્વિસ ટેક્સ) માલ-સામાનના આંતરરાજ્ય વેચાણ પર (સીએસટી-જે કેન્દ્ર દ્વારા લદાય છે પણ જેને રાજ્ય દ્વારા વસૂલાતા અને ઉપયોગમાં લેવાતા હોય છે) જેવા વેરા વસૂલાતા હોય છે, જ્યારે રાજ્ય સરકારો છૂટક વેચાણ પર કર લાદે છે (વેટ), રાજ્યોમાં માલ-સામાનના પ્રવેશ પર ટેક્સ (એન્ટ્રી ટેક્સ), લક્ઝરી ટેક્સ, પરચેઝ ટેક્સ વગેરે જેવા વેરા લાદવામાં આવે છે. માત્ર કરવેરાની આ સંખ્યા જ માથુ નથી પકવી દેતી બલ્કે આ તમામ કરવેરાને લાગૂ કરવા માટેનું તંત્ર પણ કરદાતાઓ માટે દુઃસ્વપ્ન સમાન છે. સમસ્યાને વધુ વકરાવતી કે જટિલ બનાવતી બીજી બાબત આ હકીકત છે કે કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારને ચૂકવવામાં આવતા કરવેરા વચ્ચે કોઈ ક્રેડિટ શ્રૃંખલા નથી. પરિણામે કરવેરાની જાળ ફેલાઈ હતી અને આંતરરાજ્ય વેચાણમાં કરમાં ભાવફેર જોવા મળતો હતો.

તેના કારણે અનૈતિક કામ કરતા તત્વોનો વ્યાપ વિસ્તરતો ગયો હતો, જેમણે આ કૃત્રિમ અવરોધોનો ભરપૂર ગેરલાભ ઉઠાવ્યો હતો. ફોર્મ્સની જાળ અને અગવડતાપૂર્ણ નીતિ-નિયમો તેમજ મંથર ગતિએ કામ કરતા અનુપાલન તંત્રને કારણે ભારતમાં બિઝનેસ કરવાની બાબત મોટાભાગના વેપાર અને ઉદ્યોગ જગત માટે એક મોટી સમસ્યા બની ગઇ હતી.

૪. આ કષ્ટદાયક અનુભવોને હવે દુઃસ્વપ્ન તરીકે ભૂલી જવાશે અને હવે આપણે જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ) માં નૈતિક રીતે વધારે જવાબદેય, પ્રતિભાવ આપનાર અને પારદર્શક વ્યવસ્થા એવા સ્માર્ટ ગર્વનન્સનું આગમન જોવા જઇ રહ્યા છીએ. વિભિન્ન અપ્રત્યક્ષ કર-વેરાને એક જ ટેક્સમાં સામેલ કરી લેવાયા છે જેને ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ કહેવામાં આવે છે, જે સામાન કે સેવા અથવા બંને પર ઉત્પાદન અથવા ઇમ્પોર્ટ અને છૂટક વેચાણના અંતિમ તબક્કા એમ સપ્લાય ચેઇનના પ્રત્યેક તબક્કે લગાવાય છે. ભારત એક સંઘીય માળખુ ધરાવે છે, જ્યાં કેન્દ્ર અને રાજ્ય સરકારો બંને સ્વતંત્ર કર શક્તિ ધરાવે છે, ત્યાં ભારતમાં જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ) બે રીતે લાગુ પડશે જેમાં કેન્દ્ર સરકાર સેન્ટ્રલ જીએસટી લાગૂ પાડીને તેને વસૂલશે (અહીં આગળ તેનો ઉલ્લેખ સીજીએસટી અથવા સેન્ટ્રલ ટેક્સ તરીકે કરાયેલો છે) જ્યારે રાજય સરકારો સ્ટેટ જીએસટી લાગૂ કરીને (અહીં આગળ તેનો ઉલ્લેખ એસજીએસટી અથવા સ્ટેટ ટેક્સ તરીકે કરાયેલો છે) વસૂલાત કરશે. માલ-સામાન કે સેવાઓના આંતરરાજ્ય સપ્લાય પર કેન્દ્ર સરકાર ઇન્ટિગ્રેટેડ જીએસટી (અહીં આગળ તેનો ઉલ્લેખ આઇજીએસટી અથવા ઇન્ટિગ્રેટેડ ટેક્સ તરીકે કરાયેલો છે) લાગૂ કરશે અને તેની વસૂલાત કરશે. તે ઉપરાંત સંઘ કે કેન્દ્ર શાસિત પ્રદેશો, જ્યાં વિધાનસભાઓ નથી, તેવા કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે સપ્લાય પર યુનિયન ટેરિટરી જીએસટી (યુટીજેસટી અથવા યુનિયન ટેરિટરી ટેક્સ) લાગુ પડશે. તે ઉપરાંત, જીએસટી લાગૂ કરવાને લીધે રાજ્યોને જો કદાચ કોઇ નુકશાન થાય, તો તેની ભરપાઇ કરવા માટે અમુક સીન કેટેગરીના તેમજ લક્ઝરી સામાન પર જીએસટી કમ્પેન્સેશન સેસ પણ લાદવામાં આવી રહ્યો છે.

**જીએસટીની મહત્વપૂર્ણ વિશેષતાઓ**

૫. જીએસટીને સમજવા માટે ભારતમાં જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ) મોડલની ચાવીરૂપ કે મહત્વપૂર્ણ વિશેષતાઓને વિગતવાર સમજવામાં આવે, જે નીચે પ્રમાણે છે

૧. જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ) જમ્મૂ-કાશ્મીર સહિત સમગ્ર દેશમાં લાગૂ પડશે

૨. જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ) , માલ-સામાનના વર્તમાન ઉત્પાદકો પર અથવા માલ-સામાનના વેચાણ અથવા સેવાઓ પર કર લાદવાના વર્તમાન તંત્રથી વિપરિત માલ- સામાન અથવા સેવાઓના સપ્લાય પર લાગુ પડે છે.

૩. તે વર્તમાન પ્રાદુર્ભાવ આધારિત કર પ્રણાલીના સિદ્ધાંતથી અલગ ગંતવ્ય આધારિત વપરાશ પર કરના સિદ્ધાંત પર આધારિત છે.

૪. જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ) માં માલ-સામાનની આયાતને આંતરરાજ્ય સપ્લાય ગણવામાં આવશે અને તેની પર લાગુ પડતી કસ્ટમ ડ્યુટી ઉપરાંત આઇજીએસટી લાગુ પડશે.

૫. સેવાઓ આયાત કરવાની બાબતને આંતરરાજ્ય સપ્લાય માનવામાં આવશે અને તેની પર રિવર્સ ચાર્જના આધારે આઇજીએસટી લાગુ પડશે.

૬. સીજીએસટી, એસજીએસટી/ યુટીજીએસટી અને આઇજીએસટી કેન્દ્ર સરકાર અને રાજ્યોની સરકારો દ્વારા જીએસટી કાઉન્સિલ (જીએસટીસી)ના નેજા હેઠળ પરસ્પર સહમતી અનુસાર નક્કી કરાયેલા દર પ્રમાણે લાગૂ કરીને વસૂલવામાં આવે છે.

૭. જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ) માં તમામ પ્રકારના માલ-સામાન અને સેવાઓ માટે મુખ્યત્વે ચાર ટેક્સ સ્લેબ રાખવામાં આવ્યા છે, જે ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા ટેક્સ નક્કી કરાયા છે. મૂલ્યવાન ધાતુઓ પર ૩ ટકાના દરે ટેક્સ વસૂલાશે જ્યારે, મૂલ્યવાન રફ પથ્થર અને હીરા પર ૦.૨૫ ટકાના દરે જીએસટી વસૂલવામાં આવશે. કેટલાક ચાક્કસ સામાન અને સેવાઓને જીએસટીમાંથી મુક્તિ અપાયેલી છે.

૮. માનવીઓ દ્વારા ઉપયોગમાં લેવાતું આલ્કોહોલ (દારૂ) જે બંધારણીય રીતે જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ) ના દાયરામાં નથી, તે સિવાય તમામ માલ-સામાન અને સેવાઓને જીએસટીમાં આવરી લેવામાં આવેલા છે. તે સિવાય પાંચ પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ (કાચુ તેલ (ક્રૂડ), પેટ્રોલ, ડીઝલ, એટીએફ અને નેચરલ ગેસ) પણ હાલ જીએસટીના દાયરાની બહાર રખાયા છે અને તેમને જીએસટીસીની ભલામણ બાદ જીએસટી હેઠળ લાવી શકાય છે.

૯. વેપારીઓને જીએસટી રજિસ્ટ્રેશનમાં મુક્તિ માટે સીજીએસટી, એસજીએસટી અને યુટીજીએસટીમાં સામાન્ય મુક્તિ મર્યાદા ૨૦ લાખ (જમ્મુ-કાશ્મીર રાજ્ય સિવાય, બંધારણની કલમ ૨૭૯એમાં નિર્દિષ્ઠ વિશેષ શ્રેણીના રાજ્યોમાં ૧૦ લાખ રૂપિયા) અપાઇ છે. તે સિવાય નાના કરદાતાઓ (ચોક્કસ શ્રેણીના નિર્દિષ્ઠ ઉત્પાદકો અને સેવા પ્રદાતાઓ સિવાયના) જેમનું વાર્ષિક ટર્નઓવર ૭૫ લાખ રૂપિયા જેટલું હોય (જમ્મુ-કાશ્મીર અને ઉત્તરાખંડ રાજ્ય સિવાય બંધારણની કલમ ૨૭૯એ હેઠળ નિર્દિષ્ઠ વિશેષ શ્રેણીના રાજ્યો માટે ૫૦ લાખ રૂપિયા)તેઓ કંપોઝીશન સ્કીમનો વિકલ્પ પસંદ કરીને પણ (ઉદાહરણ તરીકે કોઇપણ જાતની ક્રેડિટ વિના ચોક્કસ અને ફ્લેટ દરે કર ચૂકવીને) પોતાનો કર ચૂકવી શકે છે.

૧૦. નિકાસ અને સેઝમાં કરેલા સપ્લાય પર જીરો ટકા ટેક્સ લાગુ પડશે.

૧૧. ઇનપુટ પર ચૂકવેલ સીજીએસટીની ક્રેડિટનો ઉપયોગ માત્ર આઉટપુટ પર સીજીએસટી ચૂકવવામાં જ કરી શકાશે જ્યારે ઇનપુટ પર ચૂકવાયેલા એસજીએસટી અને યુટીજીએસટીની ક્રેડિટનો ઉપયોગ માત્ર એસજીએસટી અને યુટીજીએસટી ચૂકવવામાં જ કરી શકાશે. અન્ય શબ્દોમાં કહીએ તો ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઇટીસી)ના બે પ્રવાહને, આંતરરાજ્ય સપ્લાયમાં આઇજીએસટીની ચૂકવણીના ચોક્કસ સંજોગ સિવાય અન્યની ચૂકવણી માટે ઉપયોગમાં નહીં લઇ શકાય.ક્રેડિટનો ઉપયોગ કરવાની મંજૂરી નીચે પ્રમાણે આપવામાં આવશે

૧. એ) સીજીએસટીની આઇટીસી સીજીએસટી અને આઇજીએસટીની ચૂકવણી માટે ઉપયોગ કરવાની મંજૂરી અપાશે

૨.બી) એસજીએસટીની આઇટીસી એસજીએસટી અને આઇજીએસટીની ચૂકવણી માટે ઉપયોગમાં લેવાની મંજૂરી આપવામાં આવશે.

૩.સી) યુટીજીએસટીની આઇટીસીને યુટીજીએસટી અને આઇજીએસટીની ચૂકવણી કરવા માટે ઉપયોગમાં લેવાની મંજૂરી આપવામાં આવશે.

૪.ડી) આઇજીએસટીની આઇટીસીને આઇજીએસટી, સીજીએસટી અને એસજીએસટી કે યુટીજીએસટીની ચૂકવણી કરવા માટે ઉપયોગમાં લેવાની મંજૂરી રહેશે.

સીજીએસટીની આઇટીસી (ઇનપુટ ટેક્સ ક્રેડિટ)નો ઉપયોગ એસજીએસટી કે યુટીજીએસટીની ચૂકવણી કરવા માટે કે એસજીએસટી કે યુટીજીએસટીની આઇટીસીનો સીજીએસટીની ચૂકવણી કરવા માટે ઉપયોગ કરવાની મંજૂરી નહીં અપાય.

૧૨. ભિન્ન-ભિન્ન કટઓફ પર વિભિન્ન વર્ગના લોકોએ ઇલેક્ટ્રોનિક રિટર્ન ફાઇલિંગ કરવાનું રહેશે.

૧૩. કરદાતાઓને કરની ચૂકવણી માટે વિભિન્ન પ્રકારના પેયમેન્ટ મોડ ઉપલબ્ધ કરાવવામાં આવેલા છે, તેઓ ઇન્ટરનેટ બેન્કિંગ ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડ અને નેશનલ ઇલેક્ટ્રોનિક ફંન્ડ્સ ટ્રાન્સફર (એનઇએફટી) અથવા રિયલ ટાઇમ ગ્રોસ સેટલમેન્ટ (આરટીજીએસ) મારફત કરની ચૂકવણી કરી શકે છે.

૧૪. કરદાતાઓ અથવા કર ચૂકવનારી કોઇપણ વ્યક્તિ સંબંધિત તારીખથી બે વર્ષની અંદર પોતે ભરેલા કરનું રિફન્ડ માંગી શકે છે.

૧૫. રજિસ્ટર્ડ વ્યક્તિના માધ્યમથી સ્વયં-મૂલ્યાંકિત (સેલ્ફ એસેસમેન્ટ) કરની ચૂકવણીની સુવિધા ઉપલબ્ધ છે.

૧૬. કાયદાની જોગવાઇઓનું યોગ્ય રીતે અનુપાલન કરવામાં આવ્યુ છે કે નહીં તેની ખરાઇ કરવા માટે રજિસ્ટર્ડ વ્યક્તિનું ઓડિટ કરવામાં આવશે.

૧૭. કરદાતાઓ, વિભાગ પાસેથી કર સંબંધિત બાબતો અંગે બંધનકર્તા એવી સ્પષ્ટતા મેળવી શકે તે માટે રાજ્યોમાં એડવાન્સ રૂલિંગ ઓથોરિટીની રચના કરવામાં આવશે.

૧૮. બિઝનેસ માલ-સામાન અથવા સેવાઓ કે બંનેમાં ઘટાડવામાં આવેલા કરનો ફાયદો ગ્રાહકો સુધી પહોંચી શકે તે માટે કાયદામાં એક એન્ટી-પ્રોફીટિંગ ક્લોઝને સામેલ કરવામાં આવી છે.

૧૯. વર્તમાન કરદાતાઓનું જીએસટી કર તંત્રમાં સરળતાથી અને કોઇપણ પ્રકારના અવરોધ વિના હસ્તાંતરણ થઇ જાય તે માટે વિસ્તૃત ટ્રાન્ઝીશનલ જોગવાઇઓ કાયદામાં પૂરી પાડવામાં આવી છે.

**જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ) ના ફાયદાઃ**

**(એ) મેક ઇન ઇન્ડિયા**

૧. ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ (જીએસટી) ભારત માટે એક એકીકૃત સામાન્ય રાષ્ટ્રીય બજારની રચના કરવામાં સહાયતા કરશે, તેના કારણે વિદેશી મૂડીરોકાણ તેમજ મહત્વાકાંક્ષી મેક ઇન ઇન્ડિયા અભિયાનને પ્રોત્સાહન મળશે.

૨. જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ) કરવેરાની જાળને ઘટાડશે, કારણ કે ઇનપુટ ટેક્સ ક્રેડિટ તમામ માલ-સામાન અને સેવાઓ પર સપ્લાયના દરેક તબક્કે ઉપલબ્ધ રહેશે.

૩. કાયદાઓ, પ્રક્રિયાઓ અને કરને એકસૂત્રમાં બાંધ્યા છે.

૪. વધારે દક્ષતાપૂર્ણ રીતે કરને તટસ્થ કરશે, ખાસ કરીને એક્પોર્ટ્સ માટે જેથી આપણા દેશમાં ઉત્પાદિત પ્રોડક્ટ્સ આંતરરાષ્ટ્રીય બજારમાં વધારે સ્પર્ધાત્મક બનશે અને તેના કારણે ભારતીય નિકાસને ખાસ્સો એવું પ્રોત્સાહન અને વૃદ્ધિ મળશે,

૫. ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ (જીએસટી)ના કારણે કંપનીઓ પર પડતો સરેરાશ કર બોજ નીચે આવે તેવી પૂરી સંભાવના છે, જેનાથી વપરાશ માટેની વસ્તુઓની કીમતમાં ઘટાડો થશે તેવી અપેક્ષા છે અને કીમતમાં ઘટાડાનો અર્થ થાય છે વધુ વપરાશ. પરિણામે ઉત્પાદનમાં વૃદ્ધિ થશે પરિણામે ઉદ્યોગોને વિકાસમાં મદદ મળશે. તેના કારણે ભારતનું "મેન્યુફેક્ચરિંગ હબ"ના રૂપમાં સર્જન થશે.

**(બી) બિઝનેસ કરવામાં સરળતાઃ**

૧. ઓછી મુક્તિ સાથે સરળ કર તંત્ર

૨. ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સના લાગુ થયા બાદ હાલ આપણી અપ્રત્યક્ષ કર વ્યવસ્થાનું નિયમન કરી રહેલા તેમજ મોટી સંખ્યામાં રહેલા કરોની સંખ્યામાં ઘટાડો થશે જે કારણે કર વ્યવસ્થા સરળ બનશે અને તેમાં સમાનતા આવશે.

૩. ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ લાગુ થયા બાદ અનુપાલન ખર્ચમાં ઘટાડો જોવા મળશે- વિભિન્ન પ્રકારના કર-વેરા માટે વધારે રેકોર્ડ જાળવી રાખવાની જરૂર નહીં રહે- તેથી રેકોર્ડ્સની જાળવણી માટે સંશાધનો અને માનવશક્તિની ઓછી જરૂર પડશે.

૪. ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)માં રજિસ્ટ્રેશન, રિટર્ન્, રિફન્ડ્સ, કરની ચૂકવણી વગેરે જેવી વિભિન્ન પ્રક્રિયાઓ માટે એકદમ સરળ અને સ્વયંસંચાલિત પ્રક્રિયાઓ.

૫. ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)માં તમામ સંવાદ કે વ્યવહાર એક સામાન્ય જીએસટીએન પોર્ટલ મારફત થશે. આમ કરદાતા અને ટેક્સ તંત્ર વચ્ચે સામસામેનો સંવાદ ન્યૂનત્તમ રહેશે.

૬. ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)માં કરદાતાઓનું રજિસ્ટ્રેશન, કરનું રિફન્ડ, કર રિટર્ન માટેનું સમાન કે યુનિફોર્મ પ્રારૂપ, સામાન્ય ટેક્સ બેઝ (આધાર), માલ-સામાન અને સેવાઓના વર્ગીકરણ માટે સામાન્ય સિસ્ટમ, કર સિસ્ટમને મોટા પ્રમાણમાં ચોક્કસતા પ્રદાન કરશે.

**(સી) ગ્રાહકોને થનારો ફાયદોઃ**

૧. જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ) ના અમલ બાદ સામાનની અંતિમ કીમત, ઉત્પાદક, છૂટક વેચાણકર્તા અને સેવાના પ્રદાતાઓ વચ્ચે ઇનપુટ ટેક્સ ક્રેડિટના પ્રવાહને કારણે નીચી રહે તેવી અપેક્ષા છે.

૨. કંપનીઓ પર પડતો સરેરાશ કર બોજ પણ નીચો આવે તેવી પૂરી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે અને પરિણામે કીમતોમાં ઘટાડો થાય તેવી અપેક્ષા છે અને નીચી કીમતનો અર્થ થાય છે વધુ વપરાશ.

**લેખક સેન્ટ્રલ બોર્ડ ઓફ એક્સાઇઝ એન્ડ કસ્ટમના જીએસટી પ્રભાગના કમિશનર છે. ગુપ્તાને વર્ષ ૨૦૧૬ માટે વિશેષ પ્રતિષ્ઠિત સેવા રેકોર્ડ માટે રાષ્ટ્રપતિ પુરસ્કાર એનાયત કરવામાં આવેલ છે. તેમને વર્ષ ૨૦૧૫ માટે સીએ બિઝનેસ લીડર (સરકારી વિભાગ) અને આઇસીએઆઇ દ્વારા વર્ષ ૨૦૧૫ માટે સીએમએ રત્ન એવોર્ડ પણ આપવામાં આવ્યો છે.**
**ઇમેલઃ gst-cbec@nic.in**


# સંસદ ભવનમાં જીએસટીનું અમલીકરણ

માલ અને સેવા કર (જીએસટી) એક ઐતિહાસિક કર સુધારો છે. ૧લી જુલાઇ, ૨૦૧૭ના દિવસથી અમલમાં આવેલો આ સુધારો દેશના પરોક્ષ કરવેરાના સમગ્ર માળખામાં આમૂલ પરિવર્તન લાવશે તેવી અપેક્ષા સેવાઇ રહી છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા લાગુ પાડવામાં આવતાં કરોનો સમાવેશ કરતાં જીએસટીનો અમલ કેન્દ્ર સરકાર અને જુદી-જુદી રાજ્ય સરકારો દ્વારા એકસાથે મળીને કરવામાં આવશે.

આ ઐતિહાસિક પ્રસંગનું સ્વાગત કરવા રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, લોકસભાના અધ્યક્ષ અને કેન્દ્રિય નાણા પ્રધાન સહિત અન્ય મહાનુભાવોની હાજરીમાં ૩૦મી જૂન - ૧લી જુલાઇ, ૨૦૧૭ની મધ્યરાત્રીએ સંસદના મધ્યખંડમાં વિશેષ કાર્યક્રમ આયોજિત કરાયો હતો.

આ પ્રસંગે પોતાનો આનંદ વ્યક્ત કરતાં રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે સમગ્ર રાષ્ટ્ર માટે જીએસટીનો પ્રારંભ એક અત્યંત મહત્ત્વપૂર્ણ ક્ષણ છે. આ તેમના માટે પણ ખૂબ જ સંતોષની ક્ષણ હતી કારણ કે ૨૨મી માર્ચ, ૨૦૧૧ના રોજ તેમણે બંધારણીય સુધારા ખરડો રજૂ કર્યો હતો. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે જ્યારે આ પ્રકારનો અભૂતપૂર્વ સુધારો હાથ ધરવામાં આવે ત્યારે તે ગમે તેટલો સકારાત્મક હોય પ્રારંભિક તબક્કાઓમાં કેટલીક ટૂંકાગાળાની સમસ્યાઓ અને મુશ્કેલીઓ ઊભી થવાની પૂરેપૂરી શક્યતાઓ રહેતી હોય છે. આવા પ્રકારના મોટા સુધારાઓની સફળતા હંમેશા તેના અસરકારક અમલીકરણ ઉપર આધાર રાખે છે. આગામી થોડા મહિનાઓમાં તેના વાસ્તવિક અમલીકરણના અનુભવના આધારે જીએસટી કાઉન્સિલ અને કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારોએ અવિરતપણે તેના સ્વરૂપની સમીક્ષા કરવી જોઇએ અને અત્યાર સુધી દાખવેલી કેટલીક રચનાત્મક ભાવનાની જેમ જ તેમાં સુધારાઓ હાથ ધરવા જોઇએ.

વડાપ્રધાને જણાવ્યું હતું કે દેશના ભવિષ્યની રૂપરેખા નિર્ધારિત કરવામાં આજનો દિવસ એક નિર્ણાયક વળાંક છે. તેમણે જીએસટીને સહકારી સમવાયતંત્રનું ઉદાહરણ ગણાવ્યું હતું. વડાપ્રધાને ચાણક્યના વાક્યને ટાંકતા જણાવ્યું હતું કે સખત મહેનત દ્વારા તમામ વિઘ્નોમાંથી પસાર થઇ શકાય છે અને તે સૌથી મુશ્કેલ લક્ષ્યાંક પ્રાપ્ત કરવામાં પણ આપણી મદદ કરે છે. તેમણે જણાવ્યું હતું કે જેવી રીતે સરદાર પટેલે દેશની રાજકીય અખંડિતતા સુનિશ્ચિત કરી હતી તેવી જ રીતે જીએસટી સમગ્ર દેશનો આર્થિક સમન્વય સુનિશ્ચિત કરશે. વડાપ્રધાને જણાવ્યું હતું કે જીએસટી એક અદ્યતન કર સંચાલન તરફ દોરી જશે જે સરળ અને પારદર્શી છે અને ભ્રષ્ટાચારનો સામનો કરવામાં મદદ કરે છે. વધુમાં વડાપ્રધાને સમાજના પરસ્પર અને




વ્યાપક લાભ તરફ દોરી જતી સમાન હેતુ, સમાન સંકલ્પનો ખ્યાલ વ્યક્ત કરવા માટે ઋગવેદમાંથી એક શ્લોક પણ ટાંક્યો હતો.

દેશની સ્વતંત્રતાથી અત્યાર સુધીના સમય દરમિયાન હાથ ધરાયેલા સૌથી મોટો કર સુધારો - જીએસટી - એક રાષ્ટ્ર - એક કર - એક બજારના લક્ષ્યને મૂર્ત સ્વરૂપ આપવા નવી દિશા પૂરી પાડશે. જીએસટી ઉદ્યોગ, સરકાર અને ગ્રાહકો સહિત તમામ હિતધારકો માટે લાભદાયક પુરવાર થશે. જીએસટીના કરમાળખા હેઠળ વર્તમાન વ્યવસ્થાથી વિપરિત નિકાસ સંપૂર્ણપણે શૂન્ય-દરે થશે, જેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે પરોક્ષ કરવેરાઓના વિભાજિત સ્વરૂપના કારણે કેટલાક કરવેરાઓનું રિફન્ડ હાથ ધરી શકાતું નથી. જીએસટી મોટાભાગે ટેક્નોલોજી સંચાલિત વ્યવસ્થા છે અને તે ખૂબ જ મોટા પ્રમાણમાં માનવ હસ્તક્ષેપમાં ઘટાડશે.

# દેશનું પ્રથમ 'હેરિટેજ સિટી' બનતાં ઐતિહાસિક અમદાવાદ શહેર સમગ્ર ભારતનું ગૌરવ બન્યું છે

ગૌતમ પુરોહિત



*ભારતને જ્યારથી ગુજરાતી પ્રાઈમ મિનિસ્ટર મળ્યા છે ત્યારથી ગુજરાતની દિશા ફંટાઈ છે. કેન્દ્ર સાથેના પડતર પ્રશ્નોમાં હવે ગુજરાતને કોઈની પાસે હાથ લાંબા કરવાની જરૂર નથી કારણ કે નરેન્દ્ર મોદી એક એવા વડાપ્રધાન છે કે જેમને ગુજરાત માટે અપાર લાગણી છે. આ જ કારણોસર અમદાવાદને વિશ્વના હેરિટેજ નકશામાં સ્થાન મળ્યું છે. ગુજરાતનું સૌથી પુરાણું ૬૦૬ વર્ષ જૂનું અમદાવાદ હેરિટેજ સિટીના નામે ઓળખાશે. આ શહેરને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ કમિટીના ૧૪મા સત્રમાં વર્લ્ડ હેરિટેડ સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે.*

ભારતને જ્યારથી ગુજરાતી પ્રાઇમ મિનિસ્ટર મળ્યા છે ત્યારથી ગુજરાતની દિશા ફંટાઇ છે. કેન્દ્ર સાથેના પડતર પ્રશ્નોમાં હવે ગુજરાતને કોઇની પાસે હાથ લાંબા કરવાની જરૂર નથી કારણ કે નરેન્દ્ર મોદી એક એવા વડાપ્રધાન છે કે જેમને ગુજરાત માટે અપાર લાગણી છે. આ જ કારણોસર અમદાવાદને વિશ્વના હેરિટેજ નકશામાં સ્થાન મળ્યું છે. ગુજરાતનું સૌથી પુરાણું ૬૦૬ વર્ષ જૂનું અમદાવાદ હેરિટેજ સિટીના નામે ઓળખાશે. આ શહેરને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ કમિટીના ૧૪મા સત્રમાં વર્લ્ડ હેરિટેડ સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે.

ગુજરાત માટે ગૌરવ એટલા માટે છે કે ચાંપાનેર-પાવાગઢ પછી પાટણની રાણકી વાવને પણ યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સ્થાન આપ્યું છે. ગુજરાત માટે આ ત્રીજું ગૌરવ છે. અમદાવાદના નોમિનેશનને તુર્કી, લેબનન, ટ્યુનિશિયા, પોર્ટુગલ, પેરુ, કઝાખિસ્તાન, વિયેતનામ, ફિનલેન્ડ, અઝરબૈજાન, જમૈકા, ક્રોએશિયા, પોલેન્ડ, ઝિમ્બાબ્વે, તાન્ઝાનિયા, સાઉથ કોરિયા, એન્ગોલા અને ક્યૂબા સહિત ૨૦ દેશોનું સમર્થન મળ્યું હતું. ભારતનું પહેલું હેરિટેજ સિટી અમદાવાદ બનતાં રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૬ થી ૧૫ ઑગસ્ટ સુધી હેરિટેજ મહોત્સવ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ભારતના પ્રથમ હેરિટેજ સિટીનું ગૌરવ સન્માન યુનેસ્કો તરફથી અમદાવાદને મળ્યું છે તેની ઉમંગ ઉજવણી ઉત્સવરૂપે જનભાગીદારીથી આ નગરના હેરિટેજ સ્થાનોને સાંકળી લઈને મહાપાલિકાતંત્ર કરે. આ માટે રાજ્ય સરકાર પણ સહાયક બનશે. આ ઉજવણીમાં સ્વૈચ્છિક સંગઠનો, હેરિટેજ સ્થાનોના ટ્રસ્ટીમંડળો જોડાશે, એટલું જ નહિ, અમદાવાદ મહાનગરની આ વિરાસતને વધુ વ્યાપક સ્તરે પ્રસિધ્ધી આપવા શાળા-કોલેજના બાળકો-વિદ્યાર્થીની નિબંધ સ્પર્ધા-પેઈન્ટીંગ હરિફાઈ, એક મિનીટની ટૂંકી મોબાઈલ ફિલ્મની સ્પર્ધા થાય અને શ્રેષ્ઠ કૃતિઓને ઈનામ-પુરસ્કાર અપાશે. આ મહોત્સવનું સમાપન ૧૫મી ઓગષ્ટે રિવરફ્રન્ટ ખાતે કરવામાં આવશે.

અમદાવાદની નકશીદાર લાકડાની હવેલીઓની વાસ્તુકળા ઉપરાંત વર્ષોથી ઈસ્લામિક, હિંદુ અને જૈન સમુદાયોનું એક ધર્મનિરપેક્ષ સહઅસ્તિત્વ ધરાવતું શહેર માનીને આ દેશોએ સર્વસંમતિથી અમદાવાદ પર પસંદગી ઉતારી હતી. આ દેશોએ એવું પણ માન્યું કે, આ શહેર મહાત્મા ગાંધીજીના નેતૃત્વમાં ભારતમાં અહિંસક સ્વતંત્રતા સંગ્રામ માટે ખાસ મહત્ત્વ ધરાવે છે.

અમદાવાદ શહેરને વર્લ્ડ હેરિટેજનું ટેગ મળવાની સફર ૧૯૮૪માં શરૂ થઈ હતી, જ્યારે ફોર્ડ ફાઉન્ડેશન દ્વારા શહેરના ઐતિહાસિક વારસાના સંરક્ષણ માટે પ્રથમ અભ્યાસ શરૂ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ બીજા સીમાચિહ્ન સ્વરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાળુપુર સ્વામિનારાયણ મંદિરથી હેરિટેજ વોક શરૂ કરવામાં આવી હતી. ઉપરાંત કોર્પોરેશન દ્વારા હેરિટેજ સેલ પણ સ્થાપવામાં આવ્યો હતો. ત્યાર બાદ શહેરનો ત્રીજો માઈલસ્ટોન

એ હતો કે, ૨૦૧૧માં ૩૧મી માર્ચે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ શહેરોની અસ્થાયી યાદીમાં અમદાવાદનો સમાવેશ કરવામાં આવ્યો, સાથે જ સેપ્ટ યુનિવર્સિટીના પ્રોફેસર રવીન્દ્ર વસાવડા દ્વારા અમદાવાદ ડોઝિયરની તૈયારી શરૂ કરાવવામાં આવી.

આ પહેલા ઘણી વાર અમદાવાદ તરફથી વર્લ્ડ હેરિટેજ સિટીમાં સ્થાન મેળવવા માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. પ્રો. વસાવડા દ્વારા તૈયાર કરાયેલા ડોઝિયરનો ડ્રાફ્ટ યુનેસ્કોમાંથી એક વાર પરત મોકલવામાં આવતા અમદાવાદનું વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો મેળવવાનું સપનું રોળાયું હતું, પરંતુ આખરે ૮મી જુલાઈ, ૨૦૧૭ના રોજ અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો મળી ગયો. આ યાદીમાં અમદાવાદની સાથે બીજા ૨૬ સાંસ્કૃતિક શહેરો હતા. ભારતમાંથી અમદાવાદ ઉપરાંત દિલ્હી પણ આ યાદીમાં હતું, પરંતુ તેને સ્થાન મળી શક્યું નહોતું. આ સિવાય ઓરિસ્સાનો પણ સમાવેશ કરાયો હતો. આ વખતે મુંબઈ પણ વર્લ્ડ હેરિટેજ સાઇટ માટે નોમિનેટ થયું હતું.

યુનેસ્કો તરફથી વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો મળતા હવે શહેરના પર્યટનને પ્રોત્સાહન મળશે. અમદાવાદ હવે પેરિસ, કેરો, એડિનબર્ગ જેવા શહેરોની ક્લબમાં આવી ગયું છે. વિશ્વભરમાં કુલ ૨૮૭ વર્લ્ડ હેરિટેજ સિટી છે, જેમાં ભારતીય ઉપખંડનાં બે શહેર નેપાળના ભક્તપુર અને શ્રીલંકાના ગાલે શહેરનો સમાવેશ થાય છે. અમદાવાદ તેના અનોખા પૌરાણિક વારસા માટે ભારતભરમાં જાણીતું છે. ભારતના પ્રથમ હેરિટેજ શહેર બનવા માટેની રેસમાં અમદાવાદે મુંબઈ અને દિલ્હીને પાછળ રાખી દીધા છે.

અમદાવાદમાં આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ASI) દ્વારા આશરે ૨૫ બાંધકામ/માળખા, સેંકડો પોળ તથા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ૧૯૧૫-૧૯૩૦ દરમિયાન જ્યાં રહ્યા હતા કે એમની સાથે સંકળાયેલા અનેક સ્થાનોને રક્ષિત જાહેર કરવામાં આવ્યા છે. વિશ્વભરના ૨૮૭ હેરિટેજ શહેરોમાંથી આ યાદીમાં ભારતીય ઉપખંડના અન્ય માત્ર બે જ શહેર છે – ભક્તાપુર (નેપાળ) અને ગોલ (શ્રીલંકા).

અમદાવાદને શાંતિના પ્રતિક તરીકે ગણવામાં આવે છે, કારણ કે મહાત્મા ગાંધીએ એમનો સ્વાતંત્ર્ય સંગ્રામ આ શહેરમાંથી શરૂ કર્યો હતો. આ શહેર અદ્દભુત કોતરણીકામ, કળા-કારીગરીવાળા હિન્દુ અને જૈન મંદિરો તેમજ કલાત્મક કોતરણીવાળી મસ્જિદોને કારણે અમદાવાદ સાંપ્રદાયિક સદભાવનાનું ઉત્તમ ઉદાહરણ બન્યું છે. ભારત પરના આક્રમણ બાદ દિલ્હીના સુલતાને ગુજરાતમાં મુઝફ્ફરી વંશની સ્થાપના કરી હતી. ગુજરાત સલ્તનત બન્યા બાદ સુલતાન અહમદ શાહે સાબરમતી નદીના કિનારે પાટનગર તરીકે જે સ્થળ પસંદ કર્યું હતું એનું નામ એમણે પોતાના જ નામ પરથી અહમદાબાદ રાખ્યું હતું. આગળ જતાં એ નામ અપભ્રંશ થઈને અમદાવાદ બન્યું. અહમદશાહે ૧૪૧૧ની ૨૬ ફેબ્રુઆરીએ અહમદાબાદ શહેરનો પાયો નાખ્યો હતો.

૧૪૮૭માં અહમદ શાહના પૌત્ર મહમદ બેગડાએ અમદાવાદની ચોતરફ ૧૦ કિ.મી. પરિમીતીનો કોટ ચણાવ્યો હતો, જેમાં ૧૨ દરવાજા અને ૧૮૯ પંચકોણી બુરજોનો સમાવેશ થાય છે. મુગલકાળ દરમ્યાન અમદાવાદ, રાજ્યનું ધમધમતું ઔદ્યોગિક કેન્દ્ર બન્યું જ્યાંથી કાપડ યુરોપ મોકલાતું. મુગલ રાજા શાહજહાંએ પોતાનો ઘણો સમય અમદાવાદમાં વિતાવ્યો, જે દરમ્યાન તેણે શાહીબાગમાં આવેલો મોતી શાહી મહેલ બનાવડાવ્યો હતો.

અંગ્રજોના શાસનકાળ દરમિયાન અમદાવાદ એક મુખ્ય નગર બની ગયું. અહી તેમણે કોર્ટ, નગરપાલિકા વગેરે સ્થાપ્યાં. કાપડની મિલોને કારણે અમદાવાદ 'પૂર્વનું માંચેસ્ટર' પણ કહેવાતું હતું. મે ૧૯૬૦થી નવા બનેલા ગુજરાત રાજ્યનું અમદાવાદ પાટનગર બન્યું હતું. હાલ ગાંધીનગર નવું પાટનગર હોવા છતાં અમદાવાદની મહત્તા એવી જ રહી છે.

**હેરિટેજ સ્ટેટસ કોને મળે?**

યુનેસ્કો દ્વારા દર વર્ષે વર્લ્ડ હેરિટેજ સમિતિની બેઠક મળે છે અને તેમાં ક્યા ક્યા નવા સ્થળો ઉમેરવા એ નક્કી થાય છે. હાલ સમગ્ર જગતમાં ૧૦૦૦થી વધારે હેરિટેજ સ્થળો છે. હેરિટેજ સ્થળોના ૩ ભાગ છે, એક સાંસ્કૃતિ સ્થળો (અમદાવાદ જેવા શહેરો), બીજા પ્રાકૃતિક (સુંદરવન જેવા જંગલો) સ્થળો અને ત્રીજા મિક્સ (કાંચનજંગા નેશનલ પાર્ક). વિશ્વની સંસ્કૃતિ જળવાઈ રહે માટે ઈતિહાસ સાચવવો ખૂબ જરૂરી છે. ઈતિહાસ સાચવવા ઐતિહાસિક બાંધકામો સાચવવા જરૂરી છે. આથી જે સ્થળે એમ લાગે કે જગતના ઈતિહાસમાં તેનું પ્રદાન છે તેને હેરિટેજ જાહેર કરાય છે. અમદાવાદ ૬૦૦ વર્ષ કરતા વધારે જૂનું છે માટે તેને હેરિટેજ દરજ્જો મળ્યો છે.



**ગાંધીઆશ્રમ, અમદાવાદ**

**હેરિટેજ સ્ટેટસનો ફાયદો**

હેરિટેજ સાઈટ હોવાનો દેખીતો કોઈ ફાયદો નથી, પરંતુ તેનાથી જે-તે વિસ્તારને એક વૈશ્વિક ઓળખ મળે છે. જગતને એ શહેર કે વિસ્તાર સાંસ્કૃતિક-પ્રાકૃતિક રીતે મહત્ત્વનો હોવાની જાણ પણ મળે છે. આ ઓળખને કારણે પ્રવાસીઓ વધે એ આડકતરો ફાયદો છે. યુનેસ્કો દ્વારા આ હેરિટેજ સાઈટને ખાસ ફંડ મળતું નથી, પણ અન્ય વૈશ્વિક સંસ્થા સંસ્કૃતિના રક્ષણ માટે ફંડ આપે છે. તો યુદ્ધ જેવા સમયે આવા સ્થળો પર હુમલો થતો નથી. જોકે કેટલાક લાભ સામે આ દરજ્જાના ગેરલાભ પણ છે. જેમ કે એ સ્થળે પછીથી નવું બાંધકામ કરવા માટે જરૂરી મંજૂરી મેળવવામાં અડચણોનો સામનો કરવો પડે છે. જૂના બાંધકામમાં ફેરફાર કરી શકાતો નથી.

## હવે ગુજરાતમાં ૩ હેરિટેજ સાઈટ

અમદાવાદને મળેલા વર્લ્ડ હેરિટેજ શહેરના દરજ્જા પછી ગુજરાતમાં હેરિટેજ સાઈટની સંખ્યા વધીને ૩ થઈ છે. પહેલા ચાંપાનેરના પુરાતત્ત્વીય અવશેષો અને પાટણમાં ૧૧મી સદીની રાણીની વાવને વૈશ્વિક વારસાનો દરજ્જો મળ્યો છે. ભારતની કુલ હેરિટેજ સાઈટની સંખ્યા ૩૫ છે. ભારતમાંથી હેરિટેજનો દરજ્જો મેળવનારી સૌ પ્રથમ બે સાઈટ આગ્રાનો કિલ્લો અને અજંતાની ગુફાઓ હતી. બન્ને સાઈટોને ૧૯૮૩માં હેરિટેજ દરજ્જો મળ્યો હતો. ચાંપાનેરને ૨૦૦૪માં વૈશ્વિક ધરોહરનો દરજ્જો મળ્યો હતો.

**અમદાવાદના ઐતિહાસિક સ્થળો.....**

**હઠીસિંહ જૈન મંદિર - દિલ્હી દરવાજા**

સફેદ આરસપહાણનું આ નોંધપાત્ર ભવ્ય મંદિર છે જે જૈન પરિવારો માટે પવિત્ર ગણવામાં આવે છે. ૧૫મા જૈન તીર્થંકર માટે સમૃદ્ધ વેપારી શેઠ હઠીસિંહ દ્વારા ૧૦ લાખ રૂપિયાના અંદાજિત ખર્ચે તે ૧૮૪૮માં બનાવવામાં આવ્યું હતું. આજે પણ તેની ખૂબસુરતી ઉત્તમ છે.

**સીદી સઈદ મસ્જીદ - લાલ દરવાજા**

નહેરુ બ્રિજ પૂર્વીય ભાગમાં સીદી સૈયદ મસ્જિદ છે. ૧૫૭૩ માં તે મુઘલ શાસન હેઠળ બાંધવામાં આવી હતી જેને સિદી સૈયદની જાળી કહેવામાં આવે છે. ઐતિહાસિક અમદાવાનું આ મુખ્ય આકર્ષણ છે.

**ગાંધી આશ્રમ - સાબરમતી**

ઘણા વર્ષો સુધી અમદાવાદ ભારતના સ્વતંત્રતા માટે મહાત્મા ગાંધીના અહિંસક સંઘર્ષની કેન્દ્ર હતું. મહાત્મા ગાંધી આ આશ્રમમાં રહેતા હતા. ૧૯૧૭માં તે સાબરમતી કાંઠે બનાવવામાં આવ્યો હતો.



હઠીસિંહના દેરા - દિલ્હી દરવાજા - અમદાવાદ

**કાંકરીયા તળાવ – મણીનગર**

કાંકરિયા તળાવ એ વર્ષો પુરાણું છે. ૧૪૧૫માં સુલતાન કુતુબ ઉદ દિન દ્વારા તેને બાંધવામાં આવ્યું હતું. આજે તે હેરિટેજ સાથે આધુનિકતાનું પ્રતિક છે.

**જામા મસ્જિદ**

માણેક ચોકની બરોબર પશ્ચિમમાં ભવ્ય જામા મસ્જિદ (શુક્રવારી મસ્જિદ) આવેલી છે. તે ૧૪૨૩માં અમદાવાદના સ્થાપક અહમદશાહ પહેલાના કાળમાં બની હતી.

**કોટવાળું શહેર અને દરવાજો**

ઈ.સ. ૧૪૧૧માં અહમદશાહે સાબરમતી નદીના પૂર્વ કિનારે શહેરની સ્થાપના કર્યા પછી શહેર પછીના કેટલાક દાયકાઓ દરમિયાન સ્થિરતાથી વિકાસ પામ્યું. સન ૧૪૮૭ સુધીમાં તે એવું સત્તાનું કેન્દ્ર બન્યું કે અહમદશાહના પૌત્ર મહમુદ બેગડાએ તેને સંભવિત આક્રમણો સામે કિલ્લેબંદ કરવાનો નિર્ણય લીધો. શહેરને ફરતે ૧૦ કિમી.ની દિવાલ બનાવીને તેને આક્રમણની સામે સંરક્ષિત કરવામાં આવ્યું. આ દિવાલને મૂળે ૧૨ દરવાજા, ૧૮૯ બુરજો અને ૬૦૦૦થી વધારે કાંગરા હતા.

**સ્વામીનારાયણ મંદિર- કાલુપુર**

સ્વામિનારાયણ સંપ્રદાય માટે બાંધવામાં આવેલું આ મંદિર સૌથી પ્રથમ મંદિર છે. ૧૮૨૨માં, મંદિરના બાંધકામ માટે અંગ્રેજ સરકારે આ જમીન આપી હતી, અને સ્વામિનારાયણે તેમની જાતે આનંદ સ્વામી મંદિરનું નિર્માણ કરવાની જવાબદારી સ્વીકારી હતી.

**રવિવારી બજાર**

દર રવિવારે એલિસબ્રીજના પૂર્વ છેડે આવેલી ખુલ્લી જગ્યા શહેરના સૌથી મોટા બજારો પૈકીનું એક બજાર છે. જૂની-પુરાણી તમામ ચીજવસ્તુઓ આ એક જગ્યાએ સદીઓથી મળે છે.

અમદાવાદમાં હેરિટેજને લગતા ૫૪ સ્થાપત્યો આવેલા છે જેની સંભાળ ભારત સરકાર કરે છે. શહેરમાં બીજા ૧૬ સ્થાપત્યો છે જે અમદાવાદ હસ્તક છે. આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયાએ પૌરાણિક અમદાવાદના કુલ છ ઝોન પાડ્યા છે જેમાં આ હેરિટેજના સ્થાપત્યો આવેલા છે.




સરખેજ રોજા - અમદાવાદ

**શ્રી ગૌતમ પુરોહિત અમદાવાદ સ્થિત સિનિયર પત્રકાર છે. તેમના લેખો અનેક અખબારોમાં પ્રકાશિત થયેલા છે.**

# प्रकाशन विभाग की 200 से अधिक ई-बुक्स

## अब ऑनलाइन उपलब्ध हैं






यहाँ से खरीदें:
play.google.com
kobo.com
amazon.in

अंतः व अंतरा प्लेटफॉर्म अनुरूपता, निम्न में
Android, iOS, Kindle, Kobo etc

**प्रकाशन विभाग**
सूचना एवं प्रसारण मंत्रालय
भारत सरकार

सभी ई-बुक्स की सूची यहाँ उपलब्ध है: **publicationsdivision.nic.in**

## "शुभकामनाओं के तौर पर गुलदस्ता देने के बजाय किताब दें.... इस प्रकार की पहल से काफी बदलाव आ सकता है।"

–माननीय प्रधानमंत्री

प्रकाशन विभाग के पास विविध विषयों पर पुस्तकों का विशाल भंडार है, जैसे कि – कला एवं संस्कृति, स्वतंत्रता संघर्ष, इतिहास, महापुरुषों की जीवनी और गाँधी साहित्य से लेकर ..... बच्चों के लिए रोचक पुस्तकें भी ।



हमारी किताबें भेंट करिये,
अपने प्रियजनों को....
*क्योंकि*

## "किताबों जैसा वफादार कोई दोस्त नहीं होता"

**प्रकाशन विभाग**
सूचना एवं प्रसारण मंत्रालय
भारत सरकार

किताबें खरीदने के लिए जानकारी यहाँ उपलब्ध है: **publicationsdivision.nic.in**
ई-बुक्स यहाँ से खरीदें: **kobo.com, play.google.com, amazon.in**

પ્રકાશન તા. ૨૫ જુલાઈ, ૨૦૧૭
પોસ્ટિંગ તા. ૧ ઑગસ્ટ, ૨૦૧૭

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

**YOJANA (GUJARATI), August 2017** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

## નીચેના પુસ્તકો ૫૦ ટકા વળતર ઉપર ઉપલબ્ધ છે

### બી.એમ. આઈ. સીરીઝ

| | | |
|---|---|---|
| ૧ | મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫.૦૦ |
| ૨ | માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ |
| ૩ | સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦.૦૦ |
| ૪ | કાલિદાસની કહાની | ૩૨.૦૦ |
| ૫ | કાકા સાહેબ કાલેલકર | ૨૧૦.૦૦ |
| ૬ | સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ |
| ૭ | ઠક્કરબાપા | ૮૦.૦૦ |
| ૮ | આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ |
| ૯ | ભારતના ગૌરવ ગ્રંથ - ગુજરાતી | ૭૦.૦૦ |
| ૧૦ | ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ |
| ૧૧ | ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ |
| ૧૨ | ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ |
| ૧૩ | ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ |
| ૧૪ | દ્રષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ |
| ૧૫ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ |
| ૧૬ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ૧૭ | તત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| ૧૮ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| ૧૯ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| ૨૦ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| ૨૧ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| ૨૨ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| ૨૩ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| ૨૪ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| ૨૫ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ૨૬ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| ૨૭ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |

Printed & Published by **Dr. (Ms) Sadhana Rout,** D.G. and Head on behalf of Publication Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110 003.
Printed by Mirror Image Pvt. Ltd., A-40/41, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar-382016. Phone: 079-23287291

**Director & Chief Editor : Deepika Kachhal** **Assistant Director : Ajay Indrekar**
For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 24367260 / 24365609 / 24365610**